Thursday 19, November 2026
Page : 08 Rs. 3/-

આપનું અખબાર : આપનો અવાજ

# દમણગંગા ટાઈમ્સ

વલસાડ, નવસારી, ડાંગ જિલ્લા તથા સંઘપ્રદેશ દમણ, દા.ન.હ.નું વાપીથી પ્રસિધ્ધ થતું સૌ પ્રથમ સંપૂર્ણ સ્થાનિક દૈનિક

❖ RNI No. 72378/99 Email : damangangatimes@yahoo.co.in

❖ વર્ષ : ૨૯ ❖ અંક : ૧૬૪ ❖ તંત્રી : શ્રીમતી મંજુલાબેન ઉકાણી ❖ નિવાસી તંત્રી: વિકાસ ઉપાધ્યાય. ❖ વાપી કાર્યાલય : નેશનલ હાઈવે નં.૮, પો.બો. નં. ૩૨, વાપી - ૩૯૬ ૧૯૧. ❖ ટેલિ ફોન : ૯૮૨૫૧ ૨૨૫૦૫

# જનજાતીય ગૌરવ સપ્તાહ : આદિજાતિના કલ્યાણ માટે પ્રતિબદ્ધ ગુજરાત સરકાર

**‘જનજાતીય ગૌરવ હજારો વર્ષોથી ભારતની ચેતનાનું અભિન્ન અંગ છે. જ્યારે પણ રાષ્ટ્રના સન્માન, સ્વાભિમાન અને સ્વતંત્રતા પર પ્રશ્નો ઊભા થયા છે, ત્યારે જનજાતીય સમુદાય સૌથી આગળ આવીને ઊભો રહ્યો છે. - શ્રી નરેન્દ્ર મોદી, માનનીય વડાપ્રધાનશ્રી**





ધરતી આબા ભગવાન બિરસા મુંડાની જન્મજયંતી એટલે કે ૧૫ નવેમ્બરનો દિવસ ભારતના ઇતિહાસમાં એક વિશેષ સ્થાન ધરાવે છે. જનજાતીય સમુદાયના સ્વાભિમાનની રક્ષા માટે પોતાનું જીવન સમર્પિત કરનાર સ્વાતંત્ર્ય સેનાની બિરસા મુંડા ફક્ત એક નાયક જ નહીં, પરંતુ આદિજાતિ અસ્મિતાના પણ પ્રતીક છે. જનજાતીય સમાજના ઉત્થાન અને તે સમાજના નાયકોના યોગદાનને માન્યતા આપવાના ઉદ્દેશથી વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વર્ષ ૨૦૨૧માં દર વર્ષે ભગવાન બિરસા મુંડાની જયંતી એટલે કે ૧૫ નવેમ્બરના દિવસને ‘જનજાતીય ગૌરવ દિવસ’ તરીકે ઉજવવાનો નિર્ણય લીધો. આદિવાસી નાયકોના યોગદાનને શ્રદ્ધાંજલિ આપવા અને જનજાતીય અસ્મિતાની ઉજવણી કરવાના ઉદ્દેશ્યથી ગુજરાત સરકાર ૧૨ થી ૧૮ નવેમ્બર દરમિયાન રાજ્યભરમાં ‘જનજાતીય ગૌરવ સપ્તાહ’ ઉજવણી કરી.

ગુજરાત માટે આ અવસર વિશેષ મહત્વ ધરાવે છે. ગુજરાત પોતાની વિશિષ્ટ જનજાતીય સંસ્કૃતિ અને પરંપરાઓની સાથે-સાથે આદિવાસી સમુદાયને વિકાસના મુખ્ય પ્રવાહ સાથે જોડવા માટે પણ જાણીતું છે. અંબાજીથી ઉમરગામ સુધીના પૂર્વ પટ્ટામાં રાજ્યનો મોટાભાગનો આદિજાતિ સમુદાય વસે છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેના પોતાના કાર્યકાળ દરમિયાન જનજાતીય સમુદાયના સર્વાંગી વિકાસ માટે ‘વનબંધુ કલ્યાણ યોજના’ શરૂ કેરી હતી. આ યોજનાએ ફક્ત રાજ્યના આદિવાસી સમુદાયની સામાજિક-આર્થિક સ્થિતિમાં પરિવર્તન લાવવાનું જ કામ નથી કર્યું, પરંતુ હાંસિયામાં ધકેલાઈ ગયેલા આદિવાસી સમુદાયના ઉત્થાન માટે એક મોડલ તરીકે દેશને નવો માર્ગ પણ ચીંધ્યો છે. આજે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં જનજાતીય સમુદાયના કલ્યાણની આ યાત્રા નવી ઉંચાઈઓ સર કરી રહી છે.

## વનબંધુ કલ્યાણ યોજના : આદિવાસીઓના જીવનમાં વિકાસનું અજવાળું

૨૭ ફેબ્રુઆરી, ૨૦૦૭ના રોજ ગુજરાતમાં આદિવાસી સમુદાયના સર્વાંગી વિકાસ માટે ‘વનબંધુ કલ્યાણ યોજના’ નો એક વિશિષ્ટ મિશન તરીકે પ્રારંભ કરવામાં આવ્યો. આ યોજનાના કેન્દ્રમાં રોજગાર, શિક્ષણની ગુણવત્તા, આર્થિક વિકાસ, આરોગ્ય, સહુ માટે આવાસ, પીવાનું પાણી, સિંચાઈ, બારમાસી રસ્તાઓ, વીજળી અને શહેરી વિકાસ જેવા દસ મુદ્દાઓ આવરી લેવામાં આવ્યા હતા. પહેલી વનબંધુ કલ્યાણ યોજના વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૦-૨૧ સુધી ચાલી હતી, જે હેઠળ કુલ રૂા. ૧.૦૬ લાખ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો હતો.

પહેલી વનબંધુ કલ્યાણ યોજનાની સફળતા બાદ વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ના સમયગાળા માટે રૂા. ૧ લાખ કરોડની ‘વનબંધુ કલ્યાણ યોજના-૨’ શરૂ કરવામાં આવી. આ તબક્કામાં રોજગારલક્ષી કાર્યક્રમોનો લાભ મેળવતા પરિવારોનો લક્ષ્યાંક ૫ લાખથી વધારીને ૧૦ લાખ કરવામાં આવ્યો હતો. આ બાબત દર્શાવે છે કે, હવે વિકાસની પરિકલ્પના માત્ર પાયાની સુવિધાઓ પૂરી પાડવા પૂરતી મર્યાદિત નથી રહી, પરંતુ પરિવારોની આવકમાં વૃદ્ધિ અને રોજગારીની નવી તકોના સર્જન પર પણ વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

## શિક્ષણના માધ્યમથી લખાઈ રહી છે પરિવર્તનની નવી ગાથા

શિક્ષણ કોઈપણ સમાજના ઉત્થાન માટેનું સૌથી સશક્ત માધ્યમ છે, અને તેથી ગુજરાત સરકારે તેના પર જ સૌથી વધુ ભાર મૂક્યો છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન શિષ્યવૃત્તિ, ગણવેશ, ભોજન, શૈક્ષણિક સામગ્રી, સાયકલ અને આવાસી શિક્ષણ જેવી સુવિધાઓના વ્યાપક વિસ્તરણ દ્વારા શિક્ષણની પહોંચ વધુ સુદૃઢ બનાવવામાં આવી છે. રાજ્ય સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત દર વર્ષે આશરે ૧૩ લાખ આદિવાસી વિદ્યાર્થીઓના બેંક ખાતામાં DBT મારફતે સીધી શિષ્યવૃત્તિ જમા કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂા. ૪૩૮.૨૭ કરોડના ખર્ચે કુલ ૫૮.૩૮ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. તેવી જ રીતે, ભારત સરકારની પ્રિ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત આ જ સમયગાળા દરમિયાન રૂા. ૧૮૪.૫૧ કરોડના ખર્ચે ૫.૩૭ લાખ વિદ્યાર્થીઓને, જ્યારે પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત રૂા. ૨,૭૮૬.૩૪ કરોડના ખર્ચે ૧૧.૩૯ લાખ અનુસૂચિત જનજાતિના વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. આ ઉપરાંત, આદિજાતિ વિદ્યાર્થિનીઓને રાજ્ય સરકારની વિશેષ પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના હેઠળ આવકમર્યાદાને ધ્યાનમાં લીધા વિના સહાય આપવામાં આવે છે. વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન આ યોજના હેઠળ રૂા. ૪૨૦.૨૭ કરોડના ખર્ચે ૩૨,૨૨૬ વિદ્યાર્થિનીઓને આવરી લેવામાં આવી છે.

ગણવેશ સહાય યોજના અંતર્ગત રૂા. ૪૮૨.૧૬ કરોડના ખર્ચે ધોરણ ૧ થી ૮માં અભ્યાસ કરતા આશરે ૫૮.૨૦ લાખ વિદ્યાર્થીઓને ગણવેશની ત્રણ જોડી માટે સહાય પૂરી પાડવામાં આવી છે. ફૂડબિલ સહાય યોજના હેઠળ કોલેજને સંલગ્ન છાત્રાલયોમાં રહીને અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ભોજન ખર્ચ માટે સહાય આપવામાં આવે છે, જે અંતર્ગત રૂા. ૨૬૬.૩૫ કરોડના ખર્ચે કુલ ૧.૮૩ લાખ વિદ્યાર્થીઓને આવરી લેવામાં આવ્યા છે. મેડિકલ, એન્જિનિયરિંગ અને ડિપ્લોમાના પ્રથમ વર્ષમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓને શૈક્ષણિક સાધનોની ખરીદી માટે સહાય આપવામાં આવે છે, જે હેઠળ ?૪૫૪.૮૮ લાખના ખર્ચે કુલ ૮,૪૯૧ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

દીકરીઓના શિક્ષણની વિશેષ ચિંતા કરીને રાજ્ય સરકારે ‘વિદ્યા સાધના યોજના’ અંતર્ગત રૂા. ૮૦.૩૪ કરોડના ખર્ચે ૧.૭૬ લાખ આદિવાસી દીકરીઓને શાળાએ આવવા-જવા માટે સાયકલ સહાય પૂરી પાડી છે, જ્યારે ‘ટેલેન્ટ પૂલ વાઉચર યોજના’ હેઠળ રૂા. ૫,૫૨૧.૭૮ લાખના ખર્ચે કુલ ૯,૧૩૧ વિદ્યાર્થિનીઓને લાભ આપવામાં આવ્યો છે. આદિવાસી બાળકોના પોષણ અને આરોગ્યને ધ્યાનમાં રાખીને ‘દૂધ સંજીવની યોજના’ હેઠળ રૂા. ૫૫૩ કરોડના ખર્ચે ૩૮.૫૪ લાખ બાળકોને ૨૦૦ મિલીલીટર ફ્લેવર્ડ દૂધ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે.

રાજ્યની આ જ વિચારધારાનો વિસ્તાર આવાસી શિક્ષણ સંસ્થાઓમાં પણ જોવા મળે છે. રાજ્યની ૬૬૩ આશ્રમશાળાઓમાં ધોરણ ૧ થી ૧૨ સુધીના આશરે ૧.૧૧ લાખ વિદ્યાર્થીઓને નિઃશુલ્ક આવાસ, ભોજન અને શિક્ષણની સુવિધા પૂરી પાડવામાં આવી રહી છે. ૭૬ આદર્શ નિવાસી શાળાઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષ દરમિયાન રૂા. ૫૩૪.૦૬ કરોડના ખર્ચે કુલ ૪૯,૨૫૪ વિદ્યાર્થીઓને લાભાન્વિત કરવામાં આવ્યા છે. તેવી જ રીતે, ૧૭૬ સરકારી છાત્રાલયોમાં રૂા. ૫૨૩.૩૦ કરોડના ખર્ચે ૮૪,૦૨૧ વિદ્યાર્થીઓને, જ્યારે ૮૯૫ સરકારી અનુદાનિત છાત્રાલયોમાં રૂા. ૫૯૩.૩૦ કરોડના ખર્ચે આ સમયગાળા દરમિયાન આશરે ૨.૫૬ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. વધુમાં, રાજ્યમાં કાર્યરત ૫૬ એકલવ્ય મોડેલ રેસિડેન્શિયલ સ્કૂલ, ૪૩ ગર્લ્સ લિટરસી રેસિડેન્શિયલ સ્કૂલ અને ૧૨ મોડેલ સ્કૂલ સહિત કુલ ૧૧૧ શાળાઓમાં આશરે ૩૭,૩૩૮ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે. ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટી દ્વારા સંચાલિત શાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૫-૨૬ દરમિયાન રૂા. ૧,૩૩૯.૬૭ કરોડના ખર્ચે કુલ ૧.૧૭ લાખ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણની સાથે નિઃશુલ્ક આવાસ અને ભોજનની સુવિધા પૂરી પાડવામાં આવી છે.

સૌથી મહત્વપૂર્ણ બદલાવ ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે જોવા મળે છે. છેલ્લા પાંચ વર્ષોમાં આદર્શ નિવાસી શાળાઓ અને ગુજરાત સ્ટેટ ટ્રાઇબલ એજ્યુકેશન સોસાયટીની શૈક્ષણિક સંસ્થાઓમાંથી અભ્યાસ પૂર્ણ કરનારા વિદ્યાર્થીઓ પૈકી ૨૩૬ વિદ્યાર્થીઓએ MBBS, ૧૪૦એ ડેન્ટલ, ૧૭૧એ હોમિયોપેથી, ૭૯એ આયુર્વેદ, ૬૬એ ફિઝિયોથેરાપી, ૨૫૭એ ફાર્મસી, ૨,૧૨૦એ નર્સિંગ અને ૭૮૯ વિદ્યાર્થીઓએ એન્જિનિયરિંગના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવ્યો છે. આ આંકડાઓ માત્ર શૈક્ષણિક સિદ્ધિઓ જ નહીં, પરંતુ આદિવાસી યુવાનોમાં આવી રહેલા આત્મવિશ્વાસના પણ સૂચક છે, જેના થકી પરંપરાગત મર્યાદાઓને પાર કરીને આદિવાસી યુવા પેઢી હવે આધુનિક વ્યવસાયલક્ષી ક્ષેત્રોમાં પોતાની આગવી ઓળખ પ્રસ્થાપિત કરી રહી છે.

ગુજરાત સરકારે આદિવાસી યુવાનોના ઉચ્ચ શિક્ષણના સપનાંઓને નવી પાંખો આપી છે. વિદેશ અભ્યાસ માટે લોન યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષોમાં રૂા. ૨૧૬૯.૨૦ લાખના ખર્ચે કુલ ૧૬૨ આદિવાસી વિદ્યાર્થીઓને વિદેશમાં ઉચ્ચ શિક્ષણ માટે રૂા. ૧૫ લાખની મર્યાદામાં ૪ ટકાના વ્યાજદરે લોન આપવામાં આવી છે. આ ઉપરાંત, પાયલટ તાલીમ યોજના અને વકીલ સહાય યોજના મારફતે આદિવાસી યુવાનો માટે ઉચ્ચ શિક્ષણનો માર્ગ સરળ બનાવવામાં આવ્યો છે.

## કૃષિ અને આજીવિકા

ગુજરાત સરકાર આદિવાસી પરિવારોની આવકમાં વધારો થાય અને તેમના જીવનધોરણમાં સુધારો થાય તે માટે નક્કર પ્રયાસો કરી રહી છે. કૃષિ ક્ષેત્રે આદિવાસી ખેડૂતોને સશક્ત બનાવવા માટે મંડપ સહાયતા યોજના, ફળાઉ રોપા સહાય વિતરણ યોજના અને કૃષિ યાંત્રિકીકરણ યોજના સહિતની વિવિધ યોજનાઓ સફળતાપૂર્વક અમલમાં મૂકવામાં આવી છે. આદિવાસી યુવાનોને ગુણવત્તાયુક્ત અને રોજગારલક્ષી તાલીમ આપવા માટે છેલ્લાં પાંચ વર્ષમાં રૂા. ૬૧.૯૫ કરોડના ખર્ચે કુલ ૨૦,૧૫૯ આદિવાસી યુવક-યુવતીઓને તાલીમ આપવામાં આવી છે, જેમાંથી ૧૫,૪૮૫ યુવાનોને રોજગારી પ્રાપ્ત થઈ છે. નાનો-મોટો વ્યવસાય શરૂ કરવા કે સ્વરોજગાર માટે અમલમાં મૂકાયેલી માનવ ગરિમા યોજના હેઠળ રૂા. ૬૫૭૯.૩૫ લાખના ખર્ચે કુલ ૩૫,૦૪૮ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

## આરોગ્ય, આવાસ અને સામાજિક સુરક્ષાનું મજબૂત કવચ

રાજ્ય સરકારે આરોગ્ય ક્ષેત્રે મહત્વપૂર્ણ પગલું ભરતાં મફત તબીબી સહાય યોજના અંતર્ગત ટીબી, કેન્સર, સિકલ સેલ અને થેલેસેમિયા જેવી ગંભીર બીમારીઓથી પીડાતા ૬૫,૮૮૯ લાભાર્થીઓને રૂા. ૧૦૦.૨૭ કરોડની સહાય પૂરી પાડી છે.

તે જ રીતે, આદિવાસી કુટુંબોના ઘરનું ઘર બનાવવાના સપનાને સાકાર કરતી વ્યક્તિગત ધોરણે આવાસ યોજના તેમજ હળપતિ આવાસ યોજના અંતર્ગત છેલ્લાં પાંચ વર્ષમાં રૂા. ૩૯૩.૬૫ કરોડના ખર્ચે ૩૧,૧૩૫ લાભાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે.

કુંવરબાઈનું મામેરું યોજના અંતર્ગત પાત્ર દીકરીઓના લગ્ન પ્રસંગે સહાય પૂરી પાડવા માટે ગુજરાત સરકાર દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં રૂા. ૪૯.૦૨ કરોડના ખર્ચે ૪૦,૬૪૬ લાભાર્થીઓને આર્થિક સહાય આપવામાં આવી છે. મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ ૧૧ સરહદી જિલ્લાઓમાં પાયાની સુવિધાઓના વિકાસ માટે રૂા. ૪૩૨.૯૭ કરોડના ખર્ચે કુલ ૪,૬૫૪ વિકાસકાર્યો હાથ ધરવામાં આવ્યા છે.

## ખાસ નબળા આદિજાતિ જૂથો સુધી વિકાસની પહોંચ

કેન્દ્ર સરકારની પહેલોના માધ્યમથી આદિવાસી સમુદાયોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન મળ્યું છે. ‘પીએમ જનમન’ અભિયાન અંતર્ગત ગુજરાતના પાંચ ખાસ નબળા આદિજાતિ જૂથો (PVTG) - કાથોડી, કોટવાલિયા, પઢાર, સિદ્દી અને કોલઘાનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સમુદાયો અને તેમના વિસ્તારોમાં પાયાની સુવિધાઓની અછત દૂર કરવાના હેતુથી વર્ષ ૨૦૨૪-૨૫ અને ૨૦૨૫-૨૬માં રૂા. ૧૭૫.૩૨ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

આ જ રીતે ‘ધરતી આબા જનજાતીય ગ્રામ ઉત્કર્ષ અભિયાન’ હેઠળ રાજ્યના ૨૧ જિલ્લાના ૧૦૨ તાલુકાઓનાં કુલ ૪,૨૬૫ ગામોનો સમાવેશ કરવામાં આવ્યો છે. તેનો ઉદ્દેશ સામાજિક માળખાકીય સુવિધાઓ, આરોગ્ય, શિક્ષણ અને આજીવિકાનાં ક્ષેત્રોમાં તમામ પાત્ર લાભાર્થીઓને યોજનાકીય લાભો પૂરા પાડીને આદિવાસી ગામોનો સર્વાંગી અને ટકાઉ વિકાસ પ્રાપ્ત કરવાનો છે. આ માટે વર્ષ ૨૦૨૫-૨૬માં રૂા.૮૭.૮૩ કરોડનો ખર્ચ કરવામાં આવ્યો છે.

## જનજાતીય કલ્યાણ યોજના : આગામી પાંચ વર્ષ માટે રૂા. ૨ લાખ કરોડની જોગવાઈ

વિકાસની આ અભૂતપૂર્વ યાત્રાને આગળ વધારતાં રાજ્ય સરકારે આદિવાસી સમુદાયના વિકાસ માટે વર્ષ ૨૦૨૬-૨૭થી ૨૦૩૦-૩૧ માટે રૂા. ૨ લાખ કરોડની જોગવાઈ સાથે ‘જનજાતીય કલ્યાણ યોજના’ શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. વર્ષ ૨૦૨૬-૨૭માં જ આદિજાતિ વિકાસ વિભાગ અને અન્ય વિભાગોના માધ્યમથી કુલ રૂા. ૩૫,૭૮૨.૦૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ભગવાન બિરસા મુંડાએ જે સન્માન, સમાનતા અને સ્વાભિમાનનું સ્વપ્ન જોયું હતું, તે આજે ગુજરાતની ધરતી પર સાકાર થઈ રહ્યું છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાતનો આદિવાસી સમુદાય શિક્ષણ, આરોગ્ય, રોજગાર અને આત્મનિર્ભરતાના માર્ગે સતત પ્રગતિ કરી રહ્યો છે.

# કહીં ઉજાલા, કહીં અંધેરા : વલસાડમાં સ્ટ્રીટલાઈટોનો અંધેર વહીવટ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ નગરપાલિકાના વહીવટી તંત્રની અણઘડ નીતિનો વધુ એક નમૂનો સામે આવ્યો છે. શહેરના અનેક વિસ્તારોમાં રહીશો અને સ્થાનિક સભ્યો દ્વારા વારંવાર રજૂઆતો કરવા છતાં આજદિન સુધી સ્ટ્રીટ લાઈટ નાખવામાં આવી નથી, જેના કારણે લોકો અંધારામાં રહેવા મજબૂર બન્યા છે. ત્યારે બીજી તરફ, જિલ્લા પોલીસ વડા કચેરીથી કલ્યાણબાગ સર્કલ તરફ જતા મુખ્ય માર્ગ પર તંત્ર દ્વારા એકસાથે બબ્બે થાંભલા પર બે - બે સ્ટ્રીટ લાઈટો લગાવી દેવામાં આવતા શહેરીજનોમાં અનેક તર્ક-વિતર્ક સાથે રોષ જોવા મળી રહ્યો છે. મળતી વિગતો અનુસાર, વલસાડના જિલ્લા પોલીસ વડાની કચેરી પાસેથી પસાર થતા સ્ટેટ રોડથી કલ્યાણબાગ સર્કલ સુધીના માર્ગ પર પાલિકા દ્વારા એક જ જગ્યાએ લોખંડના બે અલગ-અલગ થાંભલા ઊભા કરી, બંને થાંભલા પર ચાર-ચાર એમ કુલ આઠ સ્ટ્રીટ લાઈટો લગાવી દેવામાં આવી છે. એક જ રસ્તા પર આ પ્રકારે બિનજરૂરી અને બેવડી લાઈટો લગાવતા તંત્રએ જાણે પોતાની બુદ્ધિનું પ્રદર્શન કર્યું હોય તેવી ચર્ચાએ શહેરમાં જોર પકડ્યું છે.

દમણગંગા ટાઈમ્સ નું પીડીએફ ડાઉનલોન કરવા માટે વેબસાઈટ www.damangangatimes.com ની મુલાકાત લો

**ભરતી કરવાની છે**

સરકારી લાઈઝનીંગ અને મેઈન્ટેન્સ કામ કરી શકે એવા માણસની જરુર છે તથા ઓફિસ માટે ફિમેલ સેકરેટરીની જરુર છે

ફોન કરવાનો સમય : સવારે ૧૦ થી ૧, સાંજે ૪ થી ૮

Contact : 9879463248









## અબ્રામામાં ગ્રામીણ રમતોત્સવ યોજાયો

**૧૪૪ પુરુષ અને ૧૨૦ મહિલા ખેલાડીઓએ કબડ્ડી, ખો-ખો, લંગડી અને દોરડા ખેંચ સહિતની દેશી રમતોમાં કૌશલ્ય બતાવ્યું**



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નવસારી, તા. ૧૮ :** ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિ અને જનજાતીય ગૌરવ દિવસ-૨૦૨૬ની ઉજવણીના ભાગરૂપે સમગ્ર નવસારી જિલ્લામાં જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણી કરવામાં આવી રહી છે. જલાલપોર વિધાનસભા ક્ષેત્ર હેઠળના સ્પોર્ટ્સ સંકુલ - અબ્રામા ખાતે પરંપરાગત ગ્રામીણ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પોર્ટ્સ સંકુલ અબ્રામાના મેદાન પર યોજાયેલા આ રમતોત્સવમાં સ્થાનિક ખેલાડીઓ અને સ્પર્ધકોએ મોટી સંખ્યામાં અને ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ આયોજન દરમિયાન ગ્રામીણ વિસ્તારના ખેલાડીઓમાં પરંપરાગત રમતગમત પ્રત્યેનો અનેરો થનગનાટ જોવા મળ્યો હતો. રમતોત્સવમાં કુલ ૨૬૪ સ્પર્ધકોએ ભાગ લીધો હતો, જેમાં ૧૪૪ પુરુષ સ્પર્ધકો અને ૧૨૦ મહિલા સ્પર્ધકોએ ઉત્સાહપૂર્વક પોતાનું કૌશલ્ય દર્શાવ્યું હતું. આ રમતોત્સવમાં વિવિધ દેશી અને પરંપરાગત રમતોની રોમાંચક સ્પર્ધાઓ યોજાઈ હતી. ખાસ કરીને કબડ્ડી, ખો-ખો, ત્રિપદી દોડ, લીંબુ ચમચી, ભમરડો, દોરડા ખેંચ, લંગડી, લખોટી અને કોથળા દોડ એમ પ્રાધાન્ય ધરાવતી ટોચની ત્રણ રમતો સહિત કુલ ૯ પરંપરાગત રમતોમાં રમતવીરોએ ભાગ લીધો હતો.

આ ગ્રામીણ રમતોત્સવના આયોજનનો મુખ્ય હેતુ સ્થાનિક પરંપરાગત રમતોને પ્રોત્સાહન આપવાનો તથા રમતગમતની ભવ્ય પરંપરાને ઉજાગર કરવાનો છે. આ ઉપરાંત ખેલાડીઓમાં રમતગમત પ્રત્યે ઉત્સાહ વધે તેમજ ગ્રામ્ય સ્તરે સામૂહિક સહભાગિતા અને એકતાની ભાવના વિકસે તે દિશામાં આ રમતોત્સવે ગ્રામીણ પ્રતિભાઓને યોગ્ય મંચ પૂરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં અંદાજે પર જેટલા દર્શકો અને ગ્રામજનોએ ઉપસ્થિત રહી તાળીઓના ગડગડાટ સાથે ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો. આયોજકો દ્વારા કાર્યક્રમ સ્થળે સ્પર્ધકો અને દર્શકોની સુવિધા માટે ૩૦૦ વ્યક્તિઓની બેઠક વ્યવસ્થા, પીવાના પાણીની સુવિધા તેમજ પ્રાથમિક સારવાર કિટની પણ સુચારુ વ્યવસ્થા કરવામાં આવી હતી. સમગ્ર રમતોત્સવનું સફળ આયોજન જિલ્લા રમતગમત અધિકારીશ્રી, શિક્ષણ અધિકારીશ્રી તથા સંબંધિત અધિકારીઓના સંકલનથી પાર પાડવામાં આવ્યું હતું.

## ડાંગ જિલ્લામાં ૨ હજાર ખેડૂતોને પ્રાકૃતિક કૃષિ કીટસનું વિતરણ કરાયું

(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૮ :** વર્ષ ૨૦૨૫-૨૬ દરમિયાન ન્યુ ગુજરાત પેટર્ન યોજના અંતર્ગત નાયબ ખેતી નિયામક (તા.). ખેડૂત તાલીમ કેન્દ્ર આહવા દ્વારા પ્રાકૃતીક ખેતી કરતા ૨ હજાર ખેડૂતોને જીવામૃત અગ્નિઅસ્ત્ર ,બ્રમાસત્ર, નિમાસત્ર વગેરે પ્રાકૃતિક ખેતીને લગતા જૈવિક આયમો બનાવવા માટે પ્રાકૃતિક કૃષિ કીટસ તરીકે ૨૦૦ લિટરના ડ્રમ અને ટોકરને તાલુકા મુજબ વિતરણ કરવા માટે આહવા વઘઈ અને સુબીર તાલુકામાં વિતરણ કરવામાં આવ્યું હતું.

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી વ ધારાસભ્ય વિજયભાઈ



આર પટેલ અને નાયબ ખેતી નિયામક (તાલીમ) પિયુસ. એફ. ચૌધરી ની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ કીટસ તરીકે ૨૦૦ લિટરના ડ્રમ અને ટોકરનું વિતરણ કરવામાં આવ્યું હતું. આહવા તાલુકામાં ખેડૂત તાલીમ કેન્દ્ર આહવા ખાતે તાલુકા ઉપ પ્રમુખ, સરપંચ, ડે.પ્રોજેકટ ડાયરેકટર આત્માની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ કીટસ તરીકે ૨૦૦ લિટરના ડ્રમ અને ટોકરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

સુબીર તાલુકામાં માન. જિલ્લા પંચાયત પ્રમુખ, રાજુભાઇ ગામીત, તાલુકા પ્રમુખ, સરપંચની ઉપસ્થિતિમાં પ્રાકૃતિક કૃષિ કીટસ તરીકે ૨૦૦ લિટરના ડ્રમ અને ટોકરનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ડાંગમાં રમતોત્સવના વિજેતા ખેલાડીઓને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર એનાયત કરાયા



(દમણગંગા ટાઈમ્સ)

**આહવા, તા. ૧૮ :** ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતી નિમિત્તે ઉજવાઈ રહેલા 'જનજાતિય ગૌરવ સપ્તાહ-૨૦૨૬' અંતર્ગત આજરોજ ડાંગ જિલ્લાના આહવા ખાતે યોજાયેલ પરંપરાગત રમતોત્સવનો ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમ આદિવાસી સાંસ્કુતિક ભવન આહવા ખાતે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. આ પ્રસંગે ડાંગ જિલ્લા પંચાયત પ્રમુખ રાજેશભાઈ ગામીતે પરંપરાગત રમતોમાં ભાગ લેનાર સૌ રમતવીરોને શુભેચ્છા પાઠવી ભગવાન બિરસા મુંડાજીના જીવન વિશે માહિતી આપી હતી.

આ પ્રસંગે ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક વિજયભાઇ પટેલે જણાવ્યું હતું કે, ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની જન્મજયંતિની ઉજવણી માત્ર ઔપચારિક ન રહેતાં તેમની પ્રેરણાદાયી વિચારધારા, સંઘર્ષ અને આદિવાસી સમાજના ગૌરવશાળી ઈતિહાસને નવી પેઢી સુધી પહોંચાડવાનો અવસર છે. આ પ્રસંગે મહાનુભાવોના હસ્તે રમતવીરોને ટ્રોફી, મેડલ અને પ્રમાણપત્ર આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

આ કાર્યક્રમમા જિલ્લા સદસ્ય સ્નેહલભાઈ ઠાકરે, આહવા તાલુકા પંચાયતના પ્રમુખ વીણાબેન ગાંગુર્ડે, સુબીર તાલુકા પંચાયત પ્રમુખ સંજયભાઈ પવાર, આહવા તાલુકા સદસ્ય જીગ્નેશભાઈ સોલંકી અને નિવાસી અધિક કલેક્ટર હિતેષભાઈ જણકાટ, પ્રાયોજના વહીવટદાર ડો. મયુર પરમાર, મદદનીશ કમિશનર જયદીપભાઈ ચૌધરી, આહવા તાલુકા મામલતદાર રજની વેષ્ણવ, રમત ગમત અધિકારી અલ્કેશભાઈ પટેલ સહિતના અધિકારી કર્મચારીઓ અને મોટી સંખ્યામાં વિદ્યાર્થી રમતવીરો ઉપસ્થિત રહ્યાં હતાં.

## ગણદેવીના મોહનપુર અને ઉંડાચની કલેકટરે મુલાકાત લીધી

**આંગણવાડી, આરોગ્ય અને જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીમાં ગુણવત્તા અને પારદર્શિતા જળવાય તે સુનિશ્ચિત કરવા જિલ્લા કલેક્ટરશ્રીની અધિકારીઓને સૂચના અપાઈ**



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** જિલ્લા કલેક્ટર મનીષ ગુરવાનીએ ગણદેવી તાલુકાનાં મોહનપુર અને ઉંડાચ ગામની મુલાકાત લઈ ગ્રામ્ય વિસ્તારોમાં ઉપલબ્ધ પ્રાથમિક સુવિધાઓ, આંગણવાડી, આરોગ્ય સેવાઓ અને જાહેર વિતરણ વ્યવસ્થાની કામગીરીનું સ્થળ નિરીક્ષણ કર્યું હતું.

મુલાકાત દરમિયાન કલેક્ટરશ્રીએ ગ્રામ પંચાયતની મુલાકાત લઈ ગામની વસ્તી, આંગણવાડીઓની સ્થિતિ, ગ્રામ પંચાયત ભવન, સ્થાનિક સુવિધાઓ અને ગ્રામજનોના પ્રશ્નો અંગે વિગતો મેળવી હતી. આંગણવાડીમાં બાળકોની હાજરી, પોષણની સ્થિતિ તેમજ SAM અને MAM કેટેગરીનાં બાળકોની ઊંચાઈ-વજનની નોંધણી અને તેમને અપાતા પોષણક્ષમ ભોજનની વ્યવસ્થાની ચકાસણી કરી હતી.આ ઉપરાંત વાજબી ભાવની દુકાનની મુલાકાત લઈ અનાજનો જથ્થો, સ્ટોક રજિસ્ટર અને લાભાર્થીઓને નિયત પ્રમાણમાં અનાજનું વિતરણ થાય છે કે નહીં તેની તપાસ કરી હતી. આરોગ્ય સેવાઓની સમીક્ષા દરમિયાન સગર્ભા મહિલાઓ, ખાસ કરીને હાઈરિસ્ક પ્રેગ્નન્સી ધરાવતી મહિલાઓની નિયમિત આરોગ્ય તપાસ અને કાળજી અંગે પણ સંબંધિત કર્મચારીઓ પાસેથી વિગતો મેળવી હતી.

ઉંડાચ ગામમાં ગ્રામજનો સાથે સંવાદ કરી સ્થાનિક પ્રશ્નો અને કોમ્યુનિટી હોલની જરૂરિયાત અંગે ચર્ચા કરી હતી. નાગરિકોને મળતી સુવિધાઓ અંગેની માહિતી દર્શાવતાં બોર્ડ અને સરકારી નિયત ફી મુજબ જ વસૂલાત થાય તે અંગે પણ જરૂરી સૂચનાઓ આપી હતી.

જિલ્લા કલેક્ટરએ ગ્રામ્ય વિસ્તારોમાં સરકારી યોજનાઓ અને પ્રાથમિક સુવિધાઓનો લાભ નાગરિકો સુધી યોગ્ય રીતે પહોંચે તે સુનિશ્ચિત કરવા સંબંધિત અધિકારીઓને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ મુલાકાત દરમિયાન ચીખલી પ્રાંત અધિકારી નિશાંત કુંગાશીયા, ગણદેવી તાલુકા વિકાસ અધિકારી પિયુષભાઈ ગામિત, સરપંચ તથા ગામના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## પીપલખેડ સ્કુલમાં ગ્રામ્ય રમતોત્સવ યોજાયો

**કબડ્ડી, ખો-ખો, ગિલ્લી-દંડા, સાતોડિયું સહિતની પરંપરાગત રમતોની સ્પર્ધાઓમાં ખેલાડીઓએ ઉત્સાહભેર ભાગ લીધો**



(દમણગંગા ટાઈમ્સ)

**નવસારી, તા. ૧૮ :** ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે આયોજિત જનજાતીય ગૌરવ સપ્તાહની ઉજવણીના ભાગરૂપે પીપલખેડની એલ.આર. કોન્ટ્રાક્ટર સ્કૂલ ખાતે પરંપરાગત ગ્રામ્ય રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. આ રમતોત્સવનો મુખ્ય હેતુ પરંપરાગત ગ્રામ્ય રમતોને પ્રોત્સાહન આપવા, સ્થાનિક રમતગમતની સમૃદ્ધ પરંપરાને જીવંત રાખવા તેમજ નવી પેઢીને દેશી રમતો પ્રત્યે પ્રેરિત કરવાનો હતો.

રમતોત્સવ દરમિયાન કબડ્ડી, ખો-ખો, સાતોડિયું, દોરડા ખેંચ, કોથળા દોડ, ગિલ્લી-દંડા, ત્રિપગી દોડ, લંગડી અને લખોટી સહિતની પરંપરાગત રમતોની સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આયોજનમાં પ્રાધાન્ય ધરાવતી ટોચની ત્રણ રમતો સહિત કુલ ૧૦ રમતોની સ્પર્ધાઓ યોજાઈ હતી.

જેમાં ખેલાડીઓએ ઉત્સાહ, રમતગમતની ભાવના અને ખેલદિલી સાથે ભાગ લઈ પોતાની પ્રતિભા દર્શાવી હતી.આ રમતોત્સવમાં કુલ ૨૮૮ ખેલાડીઓ અને સ્પર્ધકોએ ભાગ લીધો હતો.

આ પ્રકારના રમતોત્સવના આયોજનથી ગ્રામ્ય વિસ્તારની પરંપરાગત રમતોને પ્રોત્સાહન મળવાની સાથે આદિવાસી લોકસંસ્કૃતિ, પરંપરા અને રમતગમતના વારસાનું જતન થાય છે.

સાથે જ યુવા પેઢીમાં શારીરિક સ્ફૂર્તિ, ટીમવર્ક અને રમતગમત પ્રત્યે રુચિ કેળવવાનો ઉમદા સંદેશ પણ પ્રસર્યો હતો.

## વાંસદા પ્રતાપ હાઈસ્કૂલમાં મહિલા સભા મળી

(દમણગંગા ટાઈમ્સ)

**વાંસદા, તા. ૧૮ :** ધરતી આબા ભગવાન બિરસા મુંડાજીની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે ઉજવાઈ રહેલા જનજાતીય ગૌરવ સપ્તાહ અંતર્ગત વાંસદાની પ્રતાપ હાઈસ્કૂલ ખાતે મહિલા સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહિલાઓના સશક્તિકરણ, શિક્ષણ, આરોગ્ય, સ્વાવલંબન અને સરકારની વિવિધ મહિલા કલ્યાણકારી યોજનાઓ અંગે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ પ્રસંગે શ્રદ્ધાબેન રાજપૂતે ભગવાન બિરસા મુંડાના જીવન અને સંઘર્ષને યાદ કરતાં જણાવ્યું હતું કે, ભગવાન બિરસા મુંડાએ અંગ્રેજો સામે લડત આપીને જળ, જંગલ અને જમીનના અધિકારો માટે ઐતિહાસિક સંઘર્ષ કર્યો હતો. તેઓ માત્ર સ્વાતંત્ર્ય સેનાની જ નહીં, પરંતુ સમાજ સુધારક પણ હતા.

આ પ્રસંગે મયંકભાઈ પટેલે



જણાવ્યું હતું કે, રાજ્ય અને કેન્દ્ર સરકાર દ્વારા મહિલાઓના સન્માન, સુરક્ષા અને સર્વાંગી વિકાસ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. આંગણવાડી બહેનોની કામગીરી, નંદ ઘર જેવી પહેલ, પશુપાલન ક્ષેત્રે મહિલાઓની ભાગીદારી અને મિશન મંગલમ અંતર્ગત સખીમંડળો દ્વારા મહિલાઓ આર્થિક રીતે આત્મનિર્ભર બની રહી છે.

કાર્યક્રમ દરમિયાન સખીમંડળની બહેનોએ પણ પોતાના અનુભવો અને પ્રતિભાવો રજૂ કર્યા હતા.

કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે વ્હાલી દીકરી યોજનાના લાભાર્થીઓને હુકમપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં.

આ પ્રસંગે વાંસદા પ્રાયોજના કચેરીનાં મદદનીશ કમિશનર પી.ડી. મનાત, મામલતદાર મોદી, વાંસદા પ્રાયોજના કચેરીના રવિન્દ્ર ગાંવિત, અગ્રણી પિયુષ પટેલ સહિત અધિકારીઓ, પદાધિકારીઓ, સખીમંડળની બહેનો અને મોટી સંખ્યામાં મહિલાઓ ઉપસ્થિત રહ્યાં હતાં.

## ચીમલામાં ટી-૨૦ કારમાંથી રૂા. ૩.૬૪ લાખનો દારૂનો જથ્થો ઝડપાયો : પાંચ વોન્ટેડ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ચીખલી, તા. ૧૮ :** ચીખલી ને.હા નંબર ૪૮ ઉપર આવેલ ચીમલા ગામની હદમાં છાયા પાર્ટી પ્લોટ પાસે જાહેર રોડ ઉપર સાંજના સમયે સ્ટેટ મોનિટરિંગ યુનિટ ગુજરાત રાજ્ય ગાંધીનગર ની ટીમ નાકાબંધી કરી રહી હતી દરમિયાન એક આઈ ટ્વેન્ટી કાર નંબર ડીએન ૦૯ એલ ૧૩૪૦ માં દારૂનો જથ્થો ભરી સુરત તરફ જનાર હોય જે બાતમીના આધારે વોચ રાખતા ઉપરોક્ત નંબર વાળી ફરર૦ કાર નજરે પડતા જેને આંતરિ કારની તલાસી લેતા કારમાંથી વિદેશી દારૂની નાની મોટી બોટલો તેમજ બિયરના બોક્ષ મળી કુલ ૧૨૫૯ બાટલી જેની કિંમત રૂપિયા ૩,૬૪,૨૫૦ તથા એક નંગ મોબાઈલ કિંમત રૂપિયા ૫,૦૦૦ તથા હ્યુડાઈ i20 કાર ની કિંમત રૂપિયા ૫ લાખ મળી કુલ રૂપિયા ૮,૬૯,૨૫૦ નો મુદ્દા માલ કબજે કરી દારૂ ની ગાડી માં સવાર પ્રિયંક શૈલેષ ઘોડી ઉ.વ. ૨૬ રહે. ઝરીગામ આશ્રમ ફળિયુ મોટી દમણ જેને પકડી પાડી વધુ પુછ પરછ કરતા આ દારૂનો જથ્થો અજય મારવાડી રહે. દમણ જેના પુરા નામ સરનામાની ખબર નથી જેણે દમણથી દારૂનો જથ્થો ભરી આપ્યો હતો અને હિતેશ ઈશ્વર પટેલ રહે. ચીમલા ગામ ઉગમણું ફળિયું તા. ચીખલી જીલ્લો નવસારી જેણે દારૂનો જથ્થો મંગાવ્યો હતો જ્યારે એચ.એમ. અને આર. આર. આ બંને શખ્સો જેના પુરા નામ સરનામાની ખબર નથી જેઓ હ્યુડાઈ i20 દારૂ ભરેલ કારનું પાયલોટિંગ કરી રહ્યા હતા તથા હ્યુડાઈ કારનો માલિક સહિત પાંચ શખ્સોને પોલીસ ચોપડે વોન્ટેડ જાહેર કરવામાં આવ્યા છે બનાવની વધુ તપાસ નવસારી એલસીબીના પીએસઆઈ એમબી ગામીત કરી રહ્યા છે.

## વાંસદા પોલીસે સો.મીડિયા પર યુવતીનું ફેક આઈડી બનાવનારને ઝડપી પાડયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાંસદા, તા. ૧૮ :** વાંસદા પોલીસે એક યુવતીના નામે નકલી ઈન્સ્ટાગ્રામ આઈડી બનાવી બિભત્સ ફોટા વાયરલ કરવાના કેસમાં સુરતથી એક આરોપીને પકડી લીધો છે.

પોલીસના જણાવ્યા મુજબ, ફરિયાદીની ઓરીજીનલ ઈન્સ્ટાગ્રામ આઈડી પરથી ફોટા કોપી કરી ખોટી આઈડી બનાવવામાં આવી હતી. ત્યારબાદ યુવતીને બદનામ કરવાના ઈરાદાથી તેના બિભત્સ ફોટા સોશિયલ મીડિયા પર ફેલાવવામાં આવ્યા હતા.



કેસ નોંધાયા બાદ આરોપીની શોધખોળ શરૂ કરવામાં આવી હતી, પરંતુ શરૂઆતમાં તે હાથ ન લાગ્યો. પછી વાંસદા પોલીસ ટીમે ટેકનિકલ અને મેન્યુઅલ ઈનપુટના આધારે મળેલી માહિતીનું વિશ્લેષણ કર્યું. તપાસ અને કાર્યવાહી બાદ પોલીસે સંદીપ પીપલીયાને સુરત શહેરમાંથી ઝડપી પાડયો. તે શિવદર્શન સોસાયટી, કથેરરા હનુમાન મંદિરની બાજુમાં રહેતો હોવાનું પોલીસે કહ્યું હતું. પોલીસ તપાસમાં સામે આવ્યું છે કે આરોપી સામે અગાઉ પણ સુરત શહેરના ચોકબજાર, જહાંગીરપુરા અને સચીન સહિતના પોલીસ સ્ટેશનોમાં મારામારી, ગાળાગાળી અને ધમકી જેવા ગુનાઓ નોંધાયેલા છે.

## સુપ્રભાતમ્

### આજનું પંચાગ

**તા.** ૧૯-૧૧-૨૦૨૬, **વાર :** ગુરૂવાર **તિથિ :** કારતક સુદ ૧૦, **સૂર્યોદય :** ૦૬ : ૫૯ **સૂર્યાસ્ત** ૦૫ : ૫૦, **ચંદ્રોદય** - ૦૨:૦૫ **ચંદ્રાસ્ત** - ૦૨:૨૨ **ચંદ્ર રાશિ :** મીન, **નક્ષત્ર** - પૂર્વભાદ્રપદ

### આજનું રાશિભવિષ્ય

**મેષ (અ, લ, ઈ) :** આર્થિક લાભ અને અટકેલા નાણાં પરત મળવાના પ્રબળ યોગ છે. મિત્રો અને મોટા ભાઈ-બહેનોનો સંપૂર્ણ સહયોગ પ્રાપ્ત થશે.
**વૃષભ (બ, વ, ઉ) :** કાર્યક્ષેત્રમાં પ્રગતિ થશે અને નવી જવાબદારીઓ મળી શકે છે. ભાગીદારીના કામમાં સાવધાની રાખવી અને ઉતાવળિયા નિર્ણયો ટાળવા.
**મિથુન (ક, ઘ, ચ) :** નસીબનો સાથ મળશે અને ધાર્મિક કે માંગલિક કાર્યોમાં રુચિ વધશે. વાણી પર સંયમ રાખવો જેથી સંબંધીઓ સાથે મતભેદ ન થાય.
**કર્ક (ડ, હ) :** સ્વાસ્થ્યનું વિશેષ ધ્યાન રાખવું અને વાહન ચલાવતી વખતે સાવચેતી રાખવી. અણધાર્યો ધનલાભ થઈ શકે છે પરંતુ કોઈ નવું રોકાણ કરવાનું ટાળવું.
**સિંહ (મ, ટ) :** દાંપત્ય જીવનમાં મધુરતા રહેશે અને જીવનસાથી સાથે સારો સમય પસાર થશે. વેપારમાં નવા કરાર કે ભાગીદારી માટે દિવસ અનુકૂળ છે.
**કન્યા (પ, ઠ, ણ) :** શત્રુઓ પર વિજય મળશે અને જૂના રોગોમાંથી રાહત અનુભવાશે. નોકરીમાં તમારી મહેનતની પ્રશંસા થશે અને ચંદ્રબળ ઉત્તમ રહેશે.
**તુલા (ર, ત) :** વિદ્યાર્થીઓ માટે અભ્યાસમાં સફળતાનો દિવસ છે અને સંતાન પક્ષ તરફથી શુભ સમાચાર મળશે. પ્રેમ સંબંધોમાં નિકટતા વધશે અને સર્જનાત્મક કાર્યોમાં સફળતા મળશે.
**વૃશ્ચિક (ન, ય) :** ઘર-પરિવારમાં સુખ-સુવિધાઓ પાછળ ખર્ચ થઈ શકે છે. માતાના સ્વાસ્થ્યની કાળજી લેવી અને કામકાજના સ્થળે માનસિક તણાવથી દૂર રહેવું.
**ધન (ભ, ધ, ફ, ઢ) :** તમારા પરાક્રમ અને આત્મવિશ્વાસમાં વધારો થશે. ટૂંકી મુસાફરીના યોગ બની રહ્યા છે જે વ્યવસાયિક રીતે ફાયદાકારક સાબિત થશે.
**મકર (ખ, જ) :** આર્થિક સ્થિતિ મજબૂત બનશે અને પરિવારમાં આનંદનું વાતાવરણ રહેશે. તમારી મીઠી વાણીથી અટકેલા કાર્યો સરળતાથી પૂર્ણ થશે.
**કુંભ (ગ, સ, શ, ષ) :** ચંદ્ર તમારી પોતાની રાશિ (પ્રથમ ભાવ) માં હોવાથી મન પ્રસન્ન રહેશે અને નવા વિચારો પર કામ કરવાની ઊર્જા મળશે.
**મીન (દ, ચ, થ, ઝ) :** બિનજરૂરી ખર્ચાઓ પર નિયંત્રણ રાખવું જરૂરી છે. વિદેશને લગતા કામકાજમાં પ્રગતિ થશે અને મધ્યરાત્રિ પછી રાહતનો અનુભવ થશે.

### દમણ રેડિયો 102.3 FM

આકાશવાણી — ગુરૂવાર

**સવારની પ્રથમ સભા :** ૫.૫૫ સભાનો આરંભ, ૬.૦૦ હિન્દી સમાચાર (દિલ્હીથી), ૬.૧૦ અર્ચના (ગાંધી વંદના સાથે ભક્તિ ગીતો) અને ૬.૩૦ અમૃતધારા (અમદાવાદ-વડોદરાથી), ૦૬.૩૫ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી) ૬.૫૫ અર્ચના - ભક્તિ ગીતો ૬.૪૫ સંસ્કૃતમાં સમાચાર (દિલ્હીથી) અને ૭.૦૦ શ્રી રામ ચરીત માણસ ગાન (દમણથી) ૭.૧૦ પ્રાદેશિક સમાચાર (અમદાવાદ-વડોદરા પરથી), ૭.૨૦ સુગમ સંગીત (દમણથી) ૭.૪૫ ગુજરાતી સમાચાર, ૭.૫૫ સુગમ સંગીત (અમદાવાદથી) ૦૮.૦૦ - સમાચાર પ્રભાત (દિલ્હીથી), ૦૮.૧૫ સુગમ સંગીત (દમણથી), ૮.૩૦ -વિવિધ ભારતી પ્રસારણના મનોરંજક કાર્યક્રમો (૧૦ વાગ્યા સુધી), ૧૦.૦૦ - હિન્દી ફિલ્મ સંગીત (દમણથી), ૧૦.૩૦- શ્રવણ માધુરી (દમણથી), ૧૧.૦૦ વાગ્યાથી વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૨.૩૦ સહિયર નારી જગત, ૦૧.૦૦ હિન્દી/ અંગ્રેજી સમાચાર, ૧.૩૦ (જય જવાર હિન્દી ફિલ્મ સંગીત), ૨.૧૫ હિન્દી સમાચાર ૨.૩૦ વિવિધ ભારતીના કાર્યક્રમો (સાંજે ૫:૩૦ વાગ્યા સુધી),

**સાંજે :** ૫.૩૦ - હિન્દી ફિલ્મ સંગીત, ૫.૩૦ પ્રાયોજીત કાર્યક્રમ (NCERT-UMANG)), ૬.૦૦ - સુગમ સંગીત, ૬.૩૦ અમદાવાદના કાર્યક્રમ, ૭.૧૦ - પ્રાદેશિક સમાચાર, ૭.૨૦ - દમણથી ખેતી વિષયક કાર્યક્રમ, ૭.૫૦ - ગુજરાતી સમાચાર, ૮.૦૦ - વિવિધ ભારતીના કાર્યક્રમ, ૮.૪૫ હિન્દી સમાચાર, ૯.૦૦ અંગ્રેજી સમાચર (દિલ્હીથી), ૯.૧૫ વિવિધ ભારતીના કાર્યક્રમ, ૧૧.૦૦ વાગ્યે હિન્દી સમાચાર અંગ્રેજી સમાચાર, ૧૧.૨૦ સભા સમાપન.

### સુડોકુ નં.૩૩

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | 5 | | 6 | 4 | 9 | | 7 | |
| | | 3 | | | | 9 | | |
| 9 | | | | 5 | | | | 8 |
| 7 | 4 | | 1 | | 3 | | 2 | 5 |
| | | | | | | | | |
| 3 | 2 | | 8 | | 7 | | 4 | 9 |
| 4 | | | | 7 | | | | 6 |
| | | 1 | | | | 4 | | |
| | 8 | | 4 | 3 | 5 | | 9 | |

અહીં એક ચોકઠું આપ્યું છે
જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.
(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.
(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.
(૩) પોન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો
(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.

**સુડોકુ નં.૩૨નો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 6 | 1 | 5 | 9 | 4 | 2 | 8 | 3 | 7 |
| 3 | 2 | 7 | 6 | 5 | 8 | 9 | 1 | 4 |
| 4 | 8 | 9 | 3 | 1 | 7 | 6 | 5 | 2 |
| 9 | 6 | 3 | 1 | 2 | 5 | 7 | 4 | 8 |
| 7 | 4 | 1 | 8 | 3 | 9 | 2 | 6 | 5 |
| 8 | 5 | 2 | 4 | 7 | 6 | 3 | 9 | 1 |
| 2 | 9 | 4 | 7 | 6 | 1 | 5 | 8 | 3 |
| 1 | 7 | 6 | 5 | 8 | 3 | 4 | 2 | 9 |
| 5 | 3 | 8 | 2 | 9 | 4 | 1 | 7 | 6 |

૧ ગોલ્ડ અને ૧ બ્રોન્ઝ મેડલ જીતી સમાજ તથા જિલ્લાનું ગૌરવ વધાર્યું

## વલસાડની દીકરી રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કૂડો સ્પર્ધામાં ઝળકી

**અમદાવાદ ખાતે ૫૪૦૦ ખેલાડીઓ વચ્ચે U-૧૧ ગર્લ્સ (-૩૩ કિગ્રા) કેટેગરીમાં શાનદાર પ્રદર્શન; બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર અને ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીની ઉપસ્થિતિમાં યોજાઈ સ્પર્ધા**

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : મૂળ કચ્છના બાલાચોડ (મોટી) ગામના વતની અને હાલ વલસાડમાં સ્થાયી થયેલા પરિવારની દીકરી જયવી દ્રષ્ટિ કરણ કટારિયા ભાનુશાલીએ માર્શલ આર્ટ્સ (કૂડો) ક્ષેત્રે અસાધારણ સિદ્ધિ હાંસલ કરી છે. અમદાવાદના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી પ્રતિષ્ઠિત નેશનલ અને ઈન્ટરનેશનલ કૂડો ટૂર્નામેન્ટમાં જયવીએ પોતાના સાહસ અને શિસ્તબદ્ધ રમતનું પ્રદર્શન કરીને એક ગોલ્ડ અને એક બ્રોન્ઝ મેડલ જીતી વલસાડ તેમજ સમગ્ર કચ્છી ભાનુશાલી સમાજનું નામ રોશન કર્યું છે.કૂડો ઈન્ડિયાના ચેરમેન શિહાન અક્ષય કુમાર, હેન્સી મેહુલ વોરા અને શિહાન વીસ્પી ખરાડી દ્વારા કીફી એસોસિએશન તથા મિનિસ્ટ્રી ઓફ યુથ અફેર્સ એન્ડ સ્પોર્ટ્સના સહયોગથી આ ભવ્ય સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં દેશભરમાંથી આશરે ૫૪૦૦ જેટલા ખેલાડીઓએ ભાગ




લીધો હતો.આ બંને સ્પર્ધાઓમા U-૧૧ ગર્લ્સ (-૩૩ કિગ્રા) કેટેગરીમાં જયવીની સિદ્ધિઓ માં 18th અક્ષય કુમાર ઈન્ટરનેશનલ કૂડો ટૂર્નામેન્ટ ૨૦૨૬-૨૭ (તા. ૧૫ થી ૧૭ નવેમ્બર ૨૦૨૬) 17th કૂડો નેશનલ ટૂર્નામેન્ટ ૨૦૨૬-૨૭ (તા. ૧૨ થી ૧૫ નવેમ્બર ૨૦૨૬)

આ પ્રતિષ્ઠિત ટૂર્નામેન્ટમાં રાજ્યના ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી, ડેપ્યુટી કલેક્ટર, ઉદયપુરના મહારાજા, ઉમિયા ધામના પ્રેસિડેન્ટ પટેલ, બોલિવૂડ અભિનેતા અક્ષય કુમાર અને અભિનેત્રી ભૂમિ પેડનેકર સહિતના મહાનુભાવોએ ખાસ ઉપસ્થિત રહીને ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ચાર વર્ષની અથાગ મહેનત અને કોચનું માર્ગદર્શન

જયવી ભાનુશાલી છેલ્લા ચાર વર્ષથી વલસાડ નગરપાલિકા સ્પોર્ટ્સ સેન્ટર ખાતે પોતાના કોચ સેનસેય તરુણ ઢીમર પાસે સઘન તાલીમ લઈ રહી છે. નાની ઉંમરે મેળવેલી આ મોટી સફળતા પાછળ જયવીની સતત મહેનત, રમત પ્રત્યેની લગન, માતા-પિતાની પ્રેરણા અને કોચના અમૂલ્ય માર્ગદર્શનનો સિંહફાળો રહ્યો છે.જયવીની આ બેવડી સફળતા બદલ પરિવારજનો, વલસાડ સ્પોર્ટ્સ સેન્ટર, બાલાચોડ (મોટી) ગામ તેમજ સમગ્ર કચ્છી ભાનુશાલી સમાજ તરફથી અભિનંદનની વર્ષા થઈ રહી છે અને તે ભવિષ્યમાં આંતરરાષ્ટ્રીય સ્તરે દેશનું નામ રોશન કરે તેવી શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

નાનાપોંઢામાં રમાયેલી પરંપરાગત રમતોમાં

## બાલચોંઢીની અંબેમાતા કન્યા વિદ્યાલય ઝળકી



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**કપરાડા, તા. ૧૮ :** ગુજરાત સરકાર દ્વારા ભગવાન બિરસા મુંડા ની ૧૫૧ મી જન્મ જયંતિ ઉજવણી ના ભાગરૂપે જનજાતિય ગૌરવ યાત્રા સમાહની શાનદાર ઉજવણી કરવા માં આવી રહી છે. જેમાં તારીખ ૧૭ નવેમ્બરના રોજ વલસાડ જિલ્લામાં માં વિવિધ ગ્રામ્ય વિસ્તાર માં ભૂતકાળમાં રમતી પરંપરાગત રમતો રમાડવાનું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં ભાગરૂપે નાનાપોંઢા ખાતે વિવિધ પરંપરાગત ખો ખો, લંગડી, ગિલિદંડા, લખોટીની રમત, લીંબુ ચમચી જેવી રમતો નું આયોજન કરવા માં આવ્યું હતું. જેમાં બાલચોંડી અંબેમાતા કન્યા વિધાલયની ત્રણ વિધાર્થીનીઓ એ ભાગ લીધો હતો. જેમાં વૃતિકાબેન સતીષભાઈ પટેલ પ્રથમ, પ્રિયંકાબેન દાજીભાઈ પટેલ દ્વીતીય અને નીલેશ્વરીબેન સતીષભાઈ વરલી તૃતીય ક્રમ વિજેતા થયા હતા.

વિજેતા વિધાર્થિનીઓને શાળાના ડાયેક્ટર હર્ષદભાઈ પટેલ, શાળાના આચાર્ય જયદીપભાઈ મહેતા તથા શાળા સ્ટાફ દ્વારા અભિનંદન પાઠવ્યા હતા.

## દમણમાં દિવાળીના ટૂંકા વેકેશન દરમિયાન પ્રવાસીઓનો ધસારો

**'નમો પથ', 'રામ સેતુ' અને 'દેવકા બીચ' પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા**





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**દમણ, તા. ૧૮ :** દિવાળીના ટૂંકા વેકેશન દરમિયાન કેન્દ્રશાસિત પ્રદેશ દમણમાં પ્રવાસીઓનો મોટો સમુદાય ઉમટી પડ્યો છે. ગુજરાત અને મહારાષ્ટ્ર સહિત દેશના વિવિધ રાજ્યોમાંથી પ્રવાસીઓ પોતાના પરિવાર અને મિત્રો સાથે રજાઓ માણવા દમણ પહોંચી રહ્યા છે.

દાદરા અને નગર હવેલી તથા દમણ અને દીવના પ્રશાસક પ્રફુલ્લ પટેલના નેતૃત્વ હેઠળ, છેલ્લા ૧૦ વર્ષોમાં પ્રવાસન ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ થયો છે—જેના કારણે હવે દમણને મિનિ-ગોવા (નાનું ગોવા) તરીકે ઓળખવામાં આવી રહ્યું છે.

દમણના મુખ્ય પ્રવાસન આકર્ષણો જેવા કે નમો પથ, રામ સેતુ અને દેવકા બીચ પ્રવાસીઓ માટે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. દરિયાકિનારા પર ભારે ચહલપહલ જોવા મળી રહી છે અને વિવિધ વોટર સ્પોર્ટ્સ (જળ ક્રીડાઓ) પ્રવાસીઓમાં ખૂબ લોકપ્રિય સાબિત થઈ રહ્યા છે. આ ઉપરાંત, દમણનો ઐતિહાસિક પોર્ટુગીઝ કિલ્લો અને શહેરની રંગબેરંગી દીવાલો પણ પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. પ્રવાસીઓ આ ઐતિહાસિક અને રમણીય સ્થળોની મુલાકાત લઈ રહ્યા છે અને ફોટોગ્રાફ્સ તથા સેલ્ફી દ્વારા પોતાની રજાઓની યાદોને કાયમ માટે કેદ કરી રહ્યા છે.

દિવાળીના તહેવાર અને ટૂંકા વેકેશન દરમિયાન દમણના પ્રવાસન સ્થળો પર વધેલી આ ગતિવિધિને કારણે સ્થાનિક પ્રવાસન-સંબંધિત વ્યવસાયોને પણ મોટો વેગ મળી રહ્યો છે.

પ્રવાસીઓ—ખાસ કરીને મહિલાઓ—દમણમાં નિશ્ચિંત થઈને ફરી શકે તે સુનિશ્ચિત કરવા માટે, પોલીસ વિભાગે એક ખાસ ટીમ તૈનાત કરી છે, જે પ્રવાસીઓને મદદ પૂરી પાડવા અને તેમની સુરક્ષા સુનિશ્ચિત કરવા માટે કાર્યરત છે.

## ઉમરગામ ક્રિકેટ ગ્રુપ દ્વારા બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટ રમાઈ

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**ઉમરગામ, તા. ૧૮ :** ઉમરગામ ક્રિકેટ ગ્રુપ દ્વારા બે દિવસીય ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું છે. ટુર્નામેન્ટનો પ્રારંભ ઉમરગામ નગરપાલિકા પ્રમુખ ખુશ્બુબેન જાદવ તથા શહેર ભાજપ સંગઠન પ્રમુખ મયંકભાઈ પ્રેસવાલાના હસ્તે કરવામાં આવ્યો હતો. ટુર્નામેન્ટમાં નગરપાલિકા વિસ્તારની અંદાજે ૧૨ ટીમોએ ભાગ લીધો છે. આવતીકાલે રવિવારે સાંજે ફાઈનલ મેચ રમાયા બાદ વિજેતા અને ઉપવિજેતા ટીમને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવશે.

## બીનવાડામાં ૩૦મો જલારામ જયંતિ મહોત્સવ ઉજવાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ તાલુકાના બીનવાડા ગામે આવેલા જલારામ બાપા મંદિરે જલારામ બાપાની ૨૨૭મી જન્મ જયંતિ ભક્તિ ભાવના માહોલમાં ઉજવાઈ હતી. સવારે ૭ -૦૦ કલાકે આરતી, ૮-૩૦ થી ૧૨-૦૦ કલાકે સત્ય નારાયણની કથા, બપોરે ૧૨-૦૦ કલાકે મહાઆરતી, ૧૨-૩૦ થી મોડી રાત સુધી મહાપ્રસાદ અને રાત્રે ગરબાનો ભવ્ય પ્રોગ્રામ ઉજવાયો હતો. આ પ્રસંગે મહાઆરતીના મુખ્ય યજમાન ગામના જૈમિનભાઈ કે. પટેલે (સરકાર) ભંડારા પેટે અન્નદાન કર્યું તથા વિપુલભાઈ રતિલાલ પટેલે રૂા. ૫૧,૦૦૦ મહેન્દ્રભાઈ ડી પટેલ (યુ.એસ.એ.) રૂા. ૩૫,૦૦૧ લક્ષ્મણભાઈ એલ. પટેલ (યુ.એસ.એ.) રૂા.૧૫,૦૦૦ રાજુલાબેન ડી પટેલ પેરિસ રૂા. ૧૧,૦૦૦ દમયંતિબેન ઈશ્વરભાઈ માંગેલા (લંડન) રૂા. ૧૧,૧૧૧ જીજ્ઞાબેન બી. પટેલ (લંડન) રૂા.૧૦,૦૦૦ હસુબેન એ. પટેલ (યુ.એસ.એ.) રૂા.૧૦,૦૦૦ સુમનભાઈ બી. પટેલ (યુ.એસ.એ.) રૂા. ૧૧,૦૦૦ મહેશભાઈ ઝેડ. પટેલ (યુ.એસ.એ.) રૂા.૧૧,૧૧૧ સુભાષભાઈ ડી. પટેલ(યુ.એસ.એ.) રૂા.૧૧,૧૧૧/-, બીપીનભાઈ બી. પટેલ ડુંગરી, રૂા.૧૧,૦૦૦ ગામના સ્વ. ઈશ્વરભાઈ ભગવાનભાઈ પટેલ રૂા. ૧૧,૦૦૦ આશિષભાઈ ભગુભાઈ નાયકા રૂા. ૧૦,૧૫૧, ડૉ. મિતકુમાર કમલેશભાઈ પટેલ રૂા.૧૧,૧૧૧ હિતેશભાઈ પરભુભાઈ ૪ લવિશે એન્નાઈસે ગામના તથા આજુબાજુના વિસ્તારના ભકજનોએ પણ ઉદાર દિલથી ભંડારા પેટે અન્નદાન તથા રોકડ દાન કર્યું. ખૂબ મોટી સંખ્યામાં ભક્તજનોએ મહાપ્રસાદનો લાભ લીધો. સવાર થી મોડી રાત સુધી દર્શનાર્થીઓની ભીડ રહી. આમ શાંતિપૂર્વક પ્રસંગ પૂર્ણ થયો. સમગ્ર ઉત્સવનું આયોજન જલારામ મંદિર સમિતિએ સમસ્ત ગામજનોના સાથ અને સહકાર થી સંપન્ન થયો હતો.

## ભિલાડમાં રમતોત્સવ સ્પર્ધા યોજાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : મેરા યુવા ભારત, વલસાડ દ્વારા યુવાનોમાં શારીરિક તંદુરસ્તી, રમતગમત પ્રત્યે રસ, શિસ્ત, ટીમભાવના અને સ્વસ્થ જીવનશૈલીને પ્રોત્સાહન આપવાના હેતુથી 'નશામુક્ત યુવા - વિકસિત ભારત' અભિયાન અંતર્ગત ભિલાડની આઈ.ટી.આઈ. ખાતે બ્લોક કક્ષાની રમતોત્સવ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય રમણભાઈ પાટકર ઉપસ્થિત રહ્યા હતા. તેમણે યુવાનોને સંબોધતા રમતગમત અને શારીરિક કસરતને જીવનનો અભિન્ન ભાગ બનાવવા અપીલ કરી હતી. વધુમાં યુવાનોને વ્યસનોથી દૂર રહી રમતગમત, શિસ્ત અને સ્વસ્થ જીવનશૈલી અપનાવી દેશના વિકાસમાં સક્રિય યોગદાન આપવા પ્રેરિત કર્યા હતા.

રમતોત્સવમાં વોલીબોલ, ખો-ખો, ૨૦૦ મીટર દોડ અને ગોળાફેંક (શોટપુટ) જેવી વિવિધ સ્પર્ધાઓ યોજાઈ હતી, જેમાં યુવાનોએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમતગમતની પ્રતિભા દર્શાવી હતી.

વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા ખેલાડીઓને પ્રમાણપત્રો, મેડલ અને ટ્રોફી આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વલસાડ જિલ્લામાં રવિ ઋતુ દરમિયાન પિયત વ્યવસ્થાપન અંગે ખેડૂતોને ખાસ સૂચનો કરાયા

(દમણગંગા ટાઈમ્સ)

**વલસાડ, તા. ૧૮ :** રવિ ઋતુમાં સિંચાઈ માટે પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો ખૂબ જરૂરી છે. તેથી ખેડૂતોએ પાકની જરૂરિયાત, જમીનમાં રહેલો ભેજ અને પાણીની ઉપલબ્ધતાને ધ્યાનમાં રાખીને જ પિયત આપવું જોઈએ. આ માટે વલસાડ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા નીચે મુજબની બાબતોનું ખાસ ધ્યાન રાખવા જણાવ્યું છે.

(૧) જમીનમાં ભેજ જોઈને જ પિયત આપવું. પિયત આપતાં પહેલાં ખેતરની જમીનમાં ભેજ છે કે નહીં તે તપાસો. જમીનમાં પૂરતો ભેજ હોય તો પિયત આપવાનું ટાળો. (૨) પાકને જ્યારે પાણીની વધુ જરૂર હોય ત્યારે જ પિયત આપો. પાણી ઓછું હોય ત્યારે વારંવાર પિયત આપવાને બદલે પાકમાં કટોકટીની અવસ્થાએ પિયત આપો. પાણીની અછત હોય તો ઓછા પાણીમાં થઈ શકે તેવા પાકોનું વાવેતર કરો. (૩) પાણી બચાવવાની પદ્ધતિ અપનાવો. ટપક અને ફુવારા પદ્ધતિથી પિયત આપવાથી અંદાજે ૪૦ થી ૫૦ ટકા પાણીની બચત થઈ શકે છે. પાણી ઓછું હોય ત્યારે ખેતરની એક ચાસ છોડીને બીજી ચાસમાં પિયત આપો. (૪) ખેતરમાં ભેજ જાળવી રાખો. જમીનમાં ભેજ લાંબો સમય રહે તે માટે પાકના સૂકા અવશેષો પાથરો. બિનજરૂરી ખેડ કરવાનું ટાળો. જમીનમાં તિરાડો પડે તો હળવી આંતરખેડ કરીને તિરાડો પૂરો, જેથી જમીનનો ભેજ જળવાઈ રહે. (૫) જમીન પ્રમાણે પિયત આપો. રેતાળ અને હલકી જમીનમાં પાણી ઝડપથી ઊતરી જતું હોવાથી થોડું-થોડું પાણી જરૂરિયાત મુજબ આપો. કાળી અને ભારે જમીનમાં પાણી લાંબો સમય રહેતું હોવાથી જમીનમાં ભેજ હોય ત્યારે પિયત આપવાની ઉતાવળ ન કરો. ખેતર સમતળ રાખો, જેથી પાણી દરેક જગ્યાએ સરખું પહોંચે. (૬) પાણીનો બગાડ અટકાવો. કૂવા, બોરવેલ અને નહેરમાં કેટલું પાણી ઉપલબ્ધ છે તે ધ્યાનમાં રાખીને પિયતનું આયોજન કરો. ખેતરની પાણીની નાળીઓ અને પાઇપમાં લીકેજ હોય તો તાત્કાલિક બંધ કરાવો. જ્યાં શક્ય હોય ત્યાં ભૂગર્ભ પાઇપલાઇનથી પાણી ખેતર સુધી પહોંચાડો. ખેડૂતોને ખાસ અપીલ છે કે, પાણી કિંમતી છે, તેથી પાકની જરૂરિયાત મુજબ જ પિયત આપો, પાણીનો બગાડ અટકાવો અને ઉપલબ્ધ પાણીનો કરકસરપૂર્વક ઉપયોગ કરીને રવિ પાકનું ઉત્પાદન જાળવી રાખવામાં સહભાગી બનો.

## વલસાડમાં ૧૪મો નવરાત્રી ગરબા મહોત્સવ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** શ્રી માહ્યાવંશી વિધાર્થી પ્રગતિ મંડળ વલસાડ દ્વારા રેલ્વે વલસાડ ના રંગ ઉપવન હોલમાં નવરાત્રી ગરબા મહોત્સવનું આયોજન મગનભાઈ બારોટના પ્રમુખસ્થાને, રતિલાલ રાઠોડના મુખ્ય મહેમાન પદે તેમજ ઉષાબેન બારોટ, લલીતાબેન રાઠોડ, સવિતાબેન સોલંકી અને મા. ગીતાબેન મોરેકરના અતિથિ વિશેષ પદે યોજાયો હતો. કાર્યક્રમની શરૂઆત માતાજીની આરતી કર્યા બાદ કાવ્યા સુરતી અને એમની ટીમ દ્વારા ગરબાની રમઝટ જામી અને સમાજનું યુવાધન, ખેલૈયાઓ મન મૂકીને વરસ્યા હતા.

સંસ્થાના પ્રમુખ અનુપભાઈ મેહવાલાએ સૌને આવકાર્યા બાદ મહેમાનોનુ સંસ્થાના કાર્યકરોના હસ્તે બુકે અને શાલ દ્વારા અભિવાદન કરાયુ અને મહેમાનોએ સંસ્થાના કાર્યોની મુક્ત કંઠે પ્રશંસા કરી પોતાને આપેલ સન્માન બદલ આભાર વ્યક્ત કર્યો હતો. વિજેતા ખેલૈયાઓને વિવિધ ટ્રોફીઓથી મહેમાનોના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા હતા. નિર્ણાયક તરીકેની પ્રશંસનીય ભુમિકા નટરાજ ગરબા ક્લાસીસના માલિક જીગ્નેશભાઈ પટેલ તેમજ તૃમિબેન પટેલે નિભાવી હતી. આરતી શુસોભન સ્પધામાં આરતીબેન ડાંગે પ્રથમ ઈનામ પ્રાપ્ત કર્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બેસ્ટ કપલનું પ્રથમ ઈનામ પ્રાપ્ત કરનાર લીમકેશભાઈ પટેલ અને નિકીતાબેન પટેલ તથા દ્વિતીય ઈનામ મહેશભાઈ પટેલ અને અંજનાબેન પટેલની જોડી સૌનું આકર્ષણનું કેન્દ્ર બની હતી.

કાર્યક્રમ ને સફળ બનાવવા માટે સંસ્થાના સલાહકાર જયદીપભાઈ પટેલ (સેગવા) અને એમના પરિવાર તરફથી પ્રતિ વર્ષની જેમ ટ્રોફી તથા ગરમા ગરમ ભોજનનો સહયોગ પ્રાપ્ત થયો હતો. આ પ્રસંગે સમાજ અગ્રણીઓમાં વિનયભાઈ વાડીવાલા, દિનેશભાઈ રાઠોડ, મહેન્દ્રભાઈ મજીગામકર, ઉમેશભાઈ જાદવ, અરુણભાઈ વજેરિયા, નગીનભાઈ પટેલ (ચરી), અમ્રતભાઈ રાઠોડ, તુષારભાઈ રાઠોડ, જ્યોતિન્દ્રભાઈ છોવાલા, કમલેશભાઈ હરિયાવાલા, રતિલાલ કુવેકર, શિરીષભાઈ પરમાર, હરીશભાઈ કુવેકર, બિંદિયાબેન મેહવાલા, કલ્યાણી, શીલાબેન પટેલ, મા. રમીલાબેન પટેલ તેમજ સમાજના વડીલો પરિવાર સહીત મોટી સંખ્યામા ઉપસ્થિત રહી કાર્યકરોને ોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન બિપીનભાઈ સુરતી, હર્ષદભાઈ આર્ય તેમજ અમિષાબેન મેહવાલાએ કર્યું. અનિલભાઈ ભવાની, વિપિનભાઈ રાઠોડ તેમજ સંસ્થાના કાર્યકરો દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.

અંતમા ગીજેન્દ્રભાઈ પીઠાવાલાએ સૌ ઉપસ્થિત મહાનુભાવો, આમંત્રિત મહેમાનો, વડીલો, ભુલકાઓ તેમજ માતાજીની આરાધનામાં સૌને મંત્રમુગ્ધ કરનાર રાજેશભાઈ સુરતી અને એમની ટીમનો તેમજ રંગોળી અને ફોટોગ્રાફીનું અદભુત કાર્યકરનાર સંસ્થાની યુવા ટીમનો આભાર વ્યક્ત કર્યો હતો.

## પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ સ્પર્ધા યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વલસાડ, તા. ૧૮ : કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર દ્વારા પ્રેરિત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા આયોજિત રાજ્યકક્ષાની ચતુર્થ પારનેરા ડુંગર આરોહણ-અવરોહણ (સિનિયર) સ્પર્ધા ૨૦૨૬-૨૭ આગામી ડિસેમ્બર અથવા જાન્યુઆરી માસમાં યોજાશે. આ સ્પર્ધામાં તા. ૩૧/૧૨/૨૦૨૬ના રોજ ૧૯થી ૩૫ વર્ષની વયમર્યાદા ધરાવતા યુવક-યુવતીઓ ભાગ લઈ શકશે. સ્પર્ધામાં ભાગ લેવા માટે સ્પર્ધકોએ સ્પર્ધા સ્થળે સ્વખર્ચે આવવા-જવાનું રહેશે. સ્પર્ધામાં પ્રથમથી દસમા ક્રમે પસંદગી પામનાર યુવક-યુવતીઓને રોકડ પુરસ્કાર તેમજ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવશે. આ ઉપરાંત, પસંદગી પામેલા સ્પર્ધકોને રાષ્ટ્રીય કક્ષાની ગિરનાર આરોહણ-અવરોહણ સ્પર્ધામાં ભાગ લેવા માટે મોકલવામાં આવશે. શાળા-કોલેજમાં અભ્યાસ કરતા યુવક-યુવતીઓએ પ્રવેશપત્રમાં શાળા-કોલેજના સહી-સિક્કા કરાવવાના રહેશે. જ્યારે અભ્યાસ કરતા ન હોય તેવા સ્પર્ધકોએ ચેરિટી કમિશનરમાં નોંધાયેલા મંડળોના સહી-સિક્કા કરાવવા ફરજિયાત છે.

સ્પર્ધામાં ભાગ લેવા ઇચ્છુક યુવક-યુવતીઓએ જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ૧૦૬ જૂની ટેલિફોન એક્સચેન્જ ઓફિસ, પહેલો માળ, પોસ્ટ ઓફિસની પાછળ, હાલર રોડ, વલસાડ ખાતેથી અરજી ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતો ભરી આધાર-પુરાવા સાથે તા. ૧૫/૧૨/૨૦૨૬ સુધી ઉપરોક્ત સરનામે મોકલી આપવાનું રહેશે. વધુ માહિતી માટે જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરીના ફોન નંબર ૦૨૬૩૨-૨૪૮૦૮૩ પર સંપર્ક કરવા જિલ્લા યુવા વિકાસ અધિકારી, વલસાડ દ્વારા અખબારી યાદી મારફતે જણાવાયું છે.

## શ્રીડીમાં બિડર ડાયલોગ-૨૬' સંવાદ યોજાયો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

દમણ, તા. ૧૮ : કેન્દ્રશાસિત પ્રદેશ દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવ વહીવટીતંત્રે સરકારી ખરીદી પ્રક્રિયાને વધુ પારદર્શક, સરળ અને સ્પર્ધાત્મક બનાવવાના ઉદ્દેશ્યથી બિડર સંવાદ-૨૦૨૬નું આયોજન કર્યું હતું. સચિવ (આરોગ્ય) અસ્કર અલી, IAS ના માર્ગદર્શન હેઠળ તબીબી અને આરોગ્ય સેવાઓ નિયામકની કેન્દ્રીય પ્રાપ્તિ શાખા (CPB) દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં બોલી લગાવનારાઓ, ઉત્પાદકો, સપ્લાયર્સ અને સેવા - દાતાઓએ હાજરી આપી હતી.



આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સરકારી ખરીદી પ્રક્રિયા વિશે માહિતી પૂરી પાડવાનો, મહત્તમ પાત્ર બોલી લગાવનારાઓની ભાગીદારી સુનિશ્ચિત કરવાનો અને વહીવટ અને સપ્લાયર્સ વચ્ચે વધુ સારું સંકલન સ્થાપિત કરવાનો હતો. બેઠક દરમિયાન, સેન્ટ્રલ પ્રોક્યોરમેન્ટ બ્રાન્ચના ઈન્ચાર્જ ડૉ. ગણેશ કમલાકર વર્ણેકરે શાખાના કાર્યો, જવાબદારીઓ અને ટેન્ડરિંગ પ્રક્રિયાના વિવિધ પાસાઓ વિશે વિગતવાર માહિતી પૂરી પાડી હતી. તેમણે સરકારી ઈ-માર્કેટપ્લેસ (GeM) પોર્ટલ, ઈ-ટેન્ડરિંગ પ્રક્રિયા, ટેકનિકલ અને નાણાકીય યોગ્યતા, જરૂરી દસ્તાવેજો, EMD, MSME અને ઉદ્યોગ પ્રમાણપત્રો અને સંબંધિત મુક્તિ જોગવાઈઓ સમજાવી હતી. વર્ણેકરે ટેન્ડર સબમિટ કરતી વખતે થતી સામાન્ય ભૂલો અને ટેકનિકલ કારણોસર બિડ નકારવાના મુખ્ય કારણોની રૂપરેખા આપતાં, બિડર્સને બધા દસ્તાવેજો સચોટ અને સંપૂર્ણ રીતે સબમિટ કરવા અને સ્થાપિત સમયમર્યાદાનું પાલન કરવા વિનંતી કરી. તેમણે ગુણવત્તાયુક્ત સામગ્રી અને સેવાઓ સમયસર પહોંચાડવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો. આરોગ્ય સેવાઓ માટે જરૂરી સામગ્રી અને સેવાઓની સમયસર ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા, ટેન્ડરોમાં સ્વસ્થ સ્પર્ધા વધારવા અને ખરીદી પ્રણાલીમાં પારદર્શિતા અને જવાબદારીને મજબૂત બનાવવા તરફ વહીવટીતંત્રની આ પહેલને એક મહત્વપૂર્ણ પગલું માનવામાં આવી રહ્યું છે. રાજેશ, એલિસન, કિશોર, ઉજ્જૈર અને અનિકેતે આ કાર્યક્રમના સફળ આયોજનમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. બોલી લગાવનારાઓના સક્રિય સહયોગને કારણે આ કાર્યક્રમ સફળતાપૂર્વક પૂર્ણ થયો.

## વલસાડ જિલ્લાના ખેડૂતો માટે આઈ-ખેડૂત પોર્ટલ ફરી ખુલ્લું મુકાયું

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ જિલ્લા ખેતીવાડી શાખા દ્વારા જિલ્લાના ખેડૂતોને વિવિધ કૃષિ યોજનાઓનો લાભ મળી રહે તે હેતુથી આઈ-ખેડૂત પોર્ટલ તા. ૧૮/૧૧/૨૦૨૬થી તા. ૩૧/૧૨/૨૦૨૬ સુધી ઓનલાઈન અરજીઓ કરવા માટે પુનઃ ખુલ્લું મુકવામાં આવ્યું છે.

જે અંતર્ગત મુખ્યમંત્રી વનબંધુ કૃષિ યાંત્રિકીકરણ યોજના હેઠળ વિવિધ ઘટકો જેવા કે રોટરી પાવર ટીલર, સીડ ડ્રીલ, કોમ્બાઈન હાર્વેસ્ટર, ગ્રાઉન્ડનટ ડિગર, પેડી ટ્રાન્સપ્લાન્ટર, પોસ્ટ હોલ ડિગર અને પોટેટો ડિગર સિવાયના અન્ય તમામ ઘટકો માટે ખેડૂતો અરજી કરી શકશે.

આ ઉપરાંત, વનબંધુ ટ્રેક્ટર યોજના હેઠળ ટ્રેક્ટર ઘટક માટે રાજ્યના આદિજાતિ વિભાગ દ્વારા નિયત કરવામાં આવેલા આદિજાતિ વિસ્તારો એટલે કે વલસાડ જિલ્લાના ધરમપુર, કપરાડા અને ઉમરગામ તાલુકાના ખેડૂતો અરજી કરી શકશે. જ્યારે સ્માર્ટ એન્ડ પ્રિસીઝન ફાર્મિંગ યોજના અંતર્ગત આઈ.ઓ.ટી. ડિવાઈસ ઘટક માટે જિલ્લાના તમામ ખેડૂતો ઓનલાઈન અરજી કરી શકશે.આથી, ઉપરોક્ત યોજનાઓનો લાભ મેળવવા ઇચ્છુક તમામ પાત્ર ખેડૂતમિત્રોને નિર્ધારિત સમયમર્યાદામાં આઈ-ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી યોજનાનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા પંચાયત, વલસાડ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

Thursday 19, November 2026
દમણગંગા ટાઇમ્સ

# વિશેષ વાંચન

# ચર્ચાનો ચોતરો

**નોંધ:** દમણગંગા ટાઈમ્સમાં દર ગુરૂવારે ચર્ચાનો ચોતરો વિભાગમાં વાચકો પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે છે. લખાણની સંપૂર્ણ જવાબદારી ચર્ચાપત્રીની છે, તંત્રી કે સંપાદક વાચકોના અભિપ્રાય કે મંતવ્યો સાથે સંમત છે તેમ માની લેવું નહિ. - **સંપાદક**

## સમય અને ધીરજની સફર

**કિંજલ પંડ્યા**
**પારડી**

જીવનમાં ક્યારેક એવો સમય આવે છે જ્યારે મહેનત છતાં પરિણામ ન દેખાતા મન અધીરું બની જાય છે, અને એ જ ક્ષણે કુદરત આપણને મૂકભાવે યાદ કરાવે છે કે ઉતાવળથી કશું વળતું નથી, બધું જ થઈ જાય છે પણ સમય લાગે છે.

આજના આ દોડધામ ભરેલા સમયમાં દરેક વ્યક્તિ દરેક બાબતમાં ત્વરિત પરિણામ ઝંખે છે, જેને લીધે ધીરજ ખૂટતી જાય છે અને નાની-નાની અડચણો પણ પહાડ જેવી મોટી લાગે છે. વાસ્તવિકતા એ છે કે જગતનો કોઈ પણ નિયમ કે પ્રક્રિયા પોતાની નિશ્ચિત ગતિ વગર પૂર્ણ થતો નથી. ધરતીના પેટાળમાં બીજ રોપવાથી લઈને તેમાંથી મસમોટું વટવૃક્ષ બનવા સુધીની યાત્રા હોય, ઋતુઓનો બદલાવ હોય કે પછી કુદરતની કોઈપણ સૃજનલીલા હોય, દરેકને પોતાનો પાકવાનો સમય નક્કી જ હોય છે અને જે સમય લાગે તે લાગવાનો જ છે છે. માનવ જીવનમાં પણ આ જ અટલ નિયમ લાગુ પડે છે, જ્યાં કોઈપણ મોટું લક્ષ્ય સિદ્ધ કરવું, કોઈ વણઉકેલાયેલી સમસ્યાનો ઉકેલ લાવવો કે



સંબંધોમાં આવેલી કડવાસનો અંત આવવો. આ બધું જ રાતોરાત સંભવ નથી બનતું. જ્યારે માણસ આ સનાતન સત્યને સ્વીકારી લે છે કે પ્રત્યેક પરિસ્થિતિ પોતાના ચોક્કસ સમયે જ ફળે છે, ત્યારે તેની અધીરાઈ શાંત થઈ જાય છે અને તે પરિણામની ચિંતા છોડીને સાચી દિશામાં કર્મ કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આપણે ત્યાં ગુજરાતીમાં એક કહેવત છે કે, ઉતાવળે આંબા ન પાકે.

સમય એ કોઈ દુશ્મન નથી પરંતુ એક એવો ધીરજવાન શિલ્પકાર છે જે પથ્થરને કોતરીને સુંદર મૂર્તિ બનાવે છે અને એના માટે સમય પણ પોતાનો ચોક્કસ સમય લે જ છે. આથી જ જીવનના કોઈપણ વળાંકે જ્યારે નિરાશા ઘેરી વળે ત્યારે મનને બસ આ જ એક વાત સમજાવવાની હોય છે કે ધીરજ રાખો, બધું જ થઈ જાય છે પણ સમય લાગે છે.

## દીવડો:ઈશ્વર આરાધનાનું પ્રતિક

**ચંદ્રકાંત પ્રભાકર**
**મગોદ ડુંગરી**

ભારતીય સંસ્કાર,સંસ્કૃતિ અને ઈશ્વર આરાધનાનું પ્રતિક દીવડો...દીવડાને જીવનની પરંપરા તથા તમસો મા જ્યોતિર્ગમય ને આકાંક્ષાનો આધાર માનવામાં આવે છે દીપક શુભનું પ્રતિક છે.દીપક માત્ર અજવાળું આપે છે તેવું નથી પરંતુ અંધકાર સામે લડવાની પ્રેરણા પણ આપે છે.દીપક મન અને તન બન્નેવના અંધકારને દૂર કરે છે. જેનાથી જીવનમાં એક સુખદ અનુભૂતિ થાય છે.ભારતીય કલા,સંસ્કાર અને સંસ્કૃતિના પ્રતિક દીવડો લોકજીવનમાં સુખ,કલ્યાણકારી અને શુકનનો પ્રતિક બની રહ્યો છે.

શુભ અને માંગલિક પ્રસંગે સૂર્ય અને અગ્નિના પ્રતિકરૂપ દીવડાની હાજરી કલ્યાણકારી અને મંગલમય માનવામાં આવે છે.પવિત્ર દીપમા દેવોનો વાસ માનવામાં આવે છે આથી પૂજા આરતી સમયે દેવસ્થાનમા દીપ અનિવાર્ય ગણાય છે.માનવીના જન્મથી અંતિમ ક્ષણો સુધી એના જીવનમાં ડગલે ને પગલે દીવો હાજર રહ્યો છે.-ત્યેક સારા માઠા પ્રસંગે દીવડાની હાજરી ગૌરવ વધારે છે દીવડાની ઉપસ્થિતમા માનવીને અંધકાર કે ભૂતપ્રેતનો ડર રહેતો નથી.દીવો પોતાની જાતને બાળીને માનવજીવન ઉપર ઉપકાર કરતો આવ્યો હોવાથી તેને સમર્પણનું પ્રતિક માનવામાં આવે છે.દીવડાને દીપજ્યોત અને જ્ઞાનજ્યોત પણ કહેવામાં આવે છે. ભારતભરમાં વર્ષોથી ઉજવાતા દિવાળીનો ઉત્સવ અને મહલક્ષ્મીની ભાવના સાથે પણ દીવડો જોડાયેલો છે.દીવડો આરાધનાનું પ્રતિક બન્યા પછી કારીગર કસબીઓએ પોતાની કારીગરીની કલા એમાં ઠાલવવા માંડી.માટીના કોડિયા અને પિત્તળમાંથી બનેલા સેંકડો આકારના દીવડાઓ પોતાના સોનેરી પ્રકાશથી મંદિરોના



ગર્ભગૃહોને અજવાળતા રહ્યા છે.આકાશદીપો પ્રગટાવવાથી દીવડાનો ઝગમગાટ, સંબંધોની હૂંફ, પરંપરાઓની સુવાસ અને હૃદયમા નવી આશાના સંચાર, પ્રેમ, સંસ્કૃતિ અને માનવતાના અનેક રંગો સાથે પ્રકાશ પાથરવાની આધ્યાત્મિક સાધના છે.દીવાને નમસ્કાર એટલા માટે કરવામાં આવે છે જે બીજા માટે બળે છે.હું અંધકાર સામે લડતો રહ્યો રાતભર... એક દીવા થઈને બળતો રહ્યો રાતભર.દીવડાનું તત્વજ્ઞાન અત્યંત ઊંડું અને પ્રેરણાદાયી છે. માટી પોતે ધરતીતત્વ છે, તેલ સ્નેહ અને સમર્પણનું રૂપ છે,કપાસની વાટ કર્મનું પ્રતિક છે અને પ્રજવલ્લિત અગ્નિ એ જ્ઞાનરૂપી ચૈતન્ય છે આ ચારેય તત્વો મળે છે ત્યારે પ્રકાશનું સર્જન થાય છે આ પ્રકાશ આપણને શીખવે છે કે બીજા માટે બળવુ અને સ્વયંને ખર્ચી નાખવું એ જીવનની સાચી સાર્થકતા છે.

યુવાની એ મનની સ્થિતિ છે. ઉંમર તો વધતી જવાની છે માનવીના જીવનના અમુક વર્ષો પસાર થાય એટલા માત્રથી વ્યક્તિ વૃદ્ધ થઈ જતો નથી પણ પોતાના આદર્શ તજી દેવાથી માણસ વૃદ્ધ થવા માંડે છે પણ જો તમારા મનને તમે ઉત્સાહમાં રાખશો અને નવુ શીખવાની ધગશ રાખશો તો આપણને ઘડપણનો ખ્યાલ ન આવશે દીવડો આપણને એ શીખ આપે છે કે દીવામાં રહેલા તેલના છેલ્લા ટીપામાં પણ પ્રકાશ આપવાની એટલી જ ક્ષમતા હોય છે જેટલી શરૂઆતના ટીપામાં હોય છે.

## વોર્ડ વાઈઝ સફાઈ કોન્ટ્રેકટ

**નરેન્દ્ર દેઢીઆ**
**વાપી**

વાપી મહાનગર પાલીકા તરફ થી પહેલા ત્રણ વિભાગ કરી ને સફાઈ કોન્ટ્રેક્ટ આપવા માં આવેલ પરંતુ બહેતર સફાઈ થાય તે માટે હવે વોર્ડ વાઈજ સફાઈ કોન્ટ્રેક્ટ આપવા માં આવશે તેવી જાહેરાત કરવા માં આવી છે જે આવકાર્ય પગલુ છે જેના થી વાપી નગરની વધારે સારી રીતે સફાઈ થશે.

આ તબ્બકે વાપી મહાનગર પાલીકાને અને સફાઈ ખાતાના ચેરમેન શ્રી સંદીપ ભાઈ પટેલ ને વિનંતી કે દરેક વોર્ડ વાઈજ



સફાઈ કોન્ટ્રેક્ટર ના મોબાઈલ નંબર જાહેર કરવામાં આવે જેથી સફાઈ બાબતે જાહેર જનતા તેમનુ ધ્યાન દોરી શકે અને સાથે સાથે જનતા પણ ફરજ સમજીને વાપીને સ્વચ્છ બનાવવા સહયોગ આપે.

ક્યાય સફાઈ પ્રત્યે દુર્લક્ષ સેવવામાં આવે તો દમણગંગાના પેપરના ચર્ચાના ચોતરામાં લેખ લખીને વહિવટી તંત્ર જાણ કરી શકે છે.

## ડિજિટલ ક્રાંતિમાં નકારાત્મકતાનું ગ્રહણ

**ડો. જે. એમ. નાયક**
**નવસારી**

ડિજિટલ ક્રાંતિના વર્તમાન યુગમાં સોશિયલ મીડિયાનો સદુપયોગ કરીશું નહીં તો વર્તમાન ટેકનોલોજી આશીર્વાદરૂપ બનવાને બદલે અભિશાપરૂપ બની શકે છે. આજે આપણા દેશમાં લગભગ દરેકના હાથમાં સ્માર્ટ મોબાઈલ ફોન હોવો એ ખૂબ જ સાહજિક બની ગયું છે. ઈન્ટરનેટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સને પરિણામે સમગ્ર વિશ્વ જાણે દરેકની મુઠ્ઠીમાં સમાઈ ગયું છે. ડિજિટલ ગેજેટ્સનો વિવેકપૂર્ણ સદુપયોગ કરવામાં આવે તો માનવજીવન ખૂબ જ સરળ બની જાય છે. ભારતમાં રહેલી દરેક વ્યક્તિ ડિજિટલ નાગરિક બની ચૂકી છે. ડિજિટલ યુગના રાવણનું દહન કરીશું નહીં તો આવનારા સમયમાં એના ગંભીર પરિણામો ભોગવવા પડશે. સોશિયલ મીડિયા પર ફેક ન્યુઝનું પ્રમાણ વધતું જાય છે. લોકો સત્યની ચકાસણી કર્યા વિના એને સાચા માની લઈ લે છે અને તેને ફોરવર્ડ કરતા રહે છે જેના ગંભીર પરિણામો આવી શકે છે તેથી ફેક ન્યુઝનું દહન કરવાની જરૂર છે. સોશિયલ મીડિયા પર નફરત ફેલાવીને લોકોને ઉશ્કેરવામાં આવે છે જેને પરિણામે સમાજમાં પરસ્પર બિનજરૂરી નફરત ફેલાય છે તેથી નફરતનું દહન કરવું જોઈએ. કેટલાક લોકો પોતાને મળેલી લાઈક્સ અને ફોલોઅર્સને આધારે પોતાના અહંકારને પોષે છે. લાઈક્સ ઓછી મળવાને પરિણામે ડિપ્રેશનના કેસીસ પણ વધતા જાય છે. આ પ્રકારના ઓનલાઈન ઈગોનું પણ દહન ખૂબ જ જરૂરી છે. સ્માર્ટફોનને પરિણામે લોકો એકલા પડતા જાય છે જેને પરિણામે માનવીય સંબંધો સામે પ્રશ્નાર્થ ઉપસ્થિત થાય છે. ફેસબુક પર હજારો મિત્રો હોવા છતાં માણસ એકલતા અનુભવે છે તેથી



ડિજિટલ વ્યસનને બાળવાની જરૂર છે. સાયબર ચોરોને પરિણામે સાઇબર ક્રાઇમ વધતા જાય છે. છેતરપિંડીના વધતા જતા બનાવોને ધ્યાનમાં લેતા સાયબર છેતરપિંડીનું દહન કરવાની જરૂર છે. સોશિયલ મીડિયા પર સાયબર બુલિંગ અને ટ્રોલિંગના કિસ્સાઓમાં પણ ધરખમ વધારો થતો જાય છે જેને પરિણામે માણસોનું માનસિક સ્વાસ્થ્ય બગડવાના કિસ્સાઓ પણ સમાજમાં વધતા જાય છે. તેની વ્યક્તિના વિચાર અને વર્તન પર નકારાત્મક અસર થતી જોવા મળે છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો સદુપયોગને બદલે દુરુપયોગ થઈ રહ્યો હોય એવું લાગે છે. ડિજિટલ અહંકાર ઓગાળીને, વાસ્તવિક માનવીય સંબંધોમાં દૂરી ઘટાડીને, ઓનલાઈન શોષણ બંધ કરીને, સાયબર બુલિંગથી દૂર રહીને, ડિજિટલ માધ્યમ પર અફવા નહીં ફેલાવીને, આભાસી દેખાડો બંધ કરીને, ડિજિટલ ડીટોક્ષ કરીને, ડિજિટલ રાવણનું દહન કરવાની ખૂબ જ જરૂર છે.

ફોમો થી બચીને માનસિક શાંતિને બેકરાર રાખીને, બિનજરૂરી રિલ્સ બનાવીને અપલોડ નહીં કરીને આપણે આપણી જાતને જવાબદાર ડિજિટલ નાગરિક પુરવાર કરવાની તાતી આવશ્યકતા છે. ૨૧ મી ટેકનોલોજીની સદીના ડિજિટલ યુગમાં આપણે મનમાંથી ડિજિટલ નેગેટિવિટી દૂર કરીએ એ આજના સમયની માંગ છે. ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર જે નકારાત્મકતા ફેલાઈ રહી છે એનું દહન કરીને જ આપણે ડિજિટલ ક્રાંતિના લાભો મેળવી શકીશું.

## પ્રેમ માનવ ચૈતન્યના વિકાસનું એક વૃક્ષ છે

**અશરફ ચુડાસમા**
**ભીલાડ**

આપણે બધાં તોલમાપના માણસો છીએ, સતત નફાતોટાનો હિસાબ કરનારાઓ છીએ. લાભ શું? ગેરલાભ શું ? આ બધી ગણતરીઓ કરનારાઓ છીએ. હિસાબખોર મન ધર્મની બાબતો પણ આવું જ રહે છે. આ પાપ, આ પુણ્ય, આ શુભ, આ અશુભ, આ સાચું, આ ખોટું, આમ જિંદગીને બે ભાગમાં વહેંચતા થઈ ગયા. મરણ પછી પણ આપણે સ્વર્ગ અને નરકના બે ભાગ કર્યા. આ સ્વર્ગ કે નરક નામના પ્રદેશો કદાચ આપણે જ ઉભા કરેલાં છે. આપણે દરેક વસ્તુને, દરેક વર્તનને ઓળખપટ્ટીઓ આપીએ છીએ. લેબલ લગાડીએ છીએ. શરાબ પીનારો માણસ એ ખરાબ જ હોય અને એને આપણાં જોડે કોઈ સંબંધ જ ન હોય એટલે કહી દઈએ કે આ આવો છે. ફલાણો તેવો છે. માણસ જેવો છે એવો દેખાય અને દેખાડવાનો કઢંગો ઢોંગ ન કરે એ માણસ કમમાં કમ દંભી તો નથી જ. શરાબ ન પીતો હોય અને ઘરમાં કાળો કંકાસ કરતો હોયને કુટુંબીજનોના લોહી પીતો હોય એ માણસને કયા વર્ગમાં મૂકીશું? શરાબની વાત તો એક દ્રષ્ટાંત છે. કોઈ ફેણ ચડાવીને એમ ન કહે કે હું એની તરફેણમાં છું. છતાં કોઈ કહે તો પણ કશો જ વાંધો નથી. બીજાઓના સર્ટિફિકેટને આધારે જીવવાનું છોડી દેવું જોઈએ. આપણે પ્રેમનો રાજમાર્ગ છોડીને પાપપુણ્યની ગલીકૂચીમાં પડ્યા છીએ. કોઈનેય નિતાંત અકળપણે ને સફળપણે ચાહી શકો એથી ઉત્તમ કશું નથી. ચાહવું શબ્દ એ નામ નથી, કોઈપણ પદ વિનાનું ક્રિયાપદ છે. મીરાંએ રાણીનું પદ છોડ્યું એટલે એને કૃષ્ણના



પદ મળ્યા. મેવાડ છોડ્યું એટલે એને વૃંદાવન મળ્યું. મીરાં એટલે પ્રેમની સાંગોપાંગ મૂર્તિ. મીરાં જેવું

સર્વસમર્પણનું આવું કોઈ પ્રતીક નથી. પ્રેમનગરનો પંથ એમને એમ ન મળે. સર્વ સમર્પણ કરવાની હિંમત અને તાકાત હોવી જોઈએ. આ પંથ બહુ અટપટો છે. બહુ છટપટો છે. એમાં અનેક રાણાઓની ખટપટો છે. પ્રેમની પ્રત્યક્ષ ક્ષણને જીવતા આવડવું જોઈએ. મિલન અને વિરહ એ તો પ્રેમનાં આકાશમાં સૂર્ય અને ચંદ્ર જેવાં છે. મહત્વ આકાશનું છે. લગનીનો અગ્નિ એવો છે કે જે બળે છે છતાં દઝાડતો નથી. એટલે આ અગ્નિ ને અગ્નિ નહીં પણ પાવક કહેવાય. જેને આ પાવકનો પરિચય છે

એની પાસે આવક અને જાવકના હિસાબ નથી હોતા. એની આંખમાં આકાશ શ્યામનું મોરપીંછ થઈને ઝૂલ્યા કરે છે. ઋતુચક્રના ચકરાવા ભલે ચાલ્યા કરે પણ હૃદયમાં એક વૃક્ષ રોપાઈ જાય પછી ત્યાં શાશ્વત વસંત છે. જેનાં મૂળિયાં ઊંડા હોય એ વૃક્ષ આપમેળે વિકસે. પ્રેમ એ બીજું કશું જ નથી પણ માનવચૈતન્યના વિકાસનું એક વૃક્ષ છે. કોઈ કવિની પંક્તિઓ યાદ આવે છે

પાપ પુણ્યથી પરવારો તો
પ્રેમનગરનો પંથ મળે,
મીરાંને માધવ માધવને
રાધાનો આનંદ મળે.

## પોતાની જાત સાથેનો એક પ્રવાસ

**અંજલિ પ્રજાપતિ**
**પારડી**

જ્યારે પણ આપણે એકાંતમાં હોઈએ છીએ, ત્યારે સમાજ તેને એકલકીપણું કે અકાળાપણું નામ આપી દે છે. લોકોને એવું લાગે છે કે કોઈના સાથ વગર જિંદગી અધૂરી છે, અને એકલા રહેવું એ કોઈ નબળાઈ કે ઉદાસીની નિશાની છે.

પરંતુ સાચું તો એ છે કે એકલતા અને પોતાની જાત સાથે સમય વિતાવવામાં ખૂબ મોટો તફાવત હોય છે. જ્યારે તમે ભીડભાડથી દૂર તમારી જાતથી રૂબરૂ થાઓ છો, ત્યારે તે એકલતા નથી, પરંતુ આત્મનિર્ભરતા અને આત્મ-શોધનો એક ખૂબસૂરત પ્રવાસ બની જાય છે. જિંદગીની ભાગદોડમાં આપણે અક્ષર બીજાને ખુશ કરવા, તેમની અપેક્ષાઓ પર ખરા ઉતરવા અને સમાજની ભીડમાં આપણી ઓળખ ગુમાવી બેસીએ છીએ. આપણે દરેક વાત માટે બીજાની સંમતિ અને સાથના આદી થઈ જઈએ છીએ. એવામાં, પોતાની જાત સાથે સમય વિતાવવો એ એક અરીસા સમાન છે. જ્યારે તમે વગર કોઈ શોરબકોરના તમારા



રૂમમાં બેસો છો અથવા તમારી પસંદગીનો કોઈ પ્રવાસ એકલા નક્કી કરો છો, ત્યારે તમને સમજાય છે કે તમારી વાસ્તવિકતા શું છે. તમે શું ઈચ્છો છો, તમારા ડર શું છે અને તમારી તાકાત શું છે—આ બધા જ સવાલોના જવાબ તમને બહાર નહીં, પરંતુ તમારા પોતાના ભીતર જ મળી જાય છે.

શરૂઆતમાં પોતાની જાત સાથે રહેવું થોડું ડરામણું લાગી શકે છે. જ્યારે આસપાસ કોઈ નથી હોતું, ત્યારે પોતાના વિચારોનો અવાજ ક્યારેક પરેશાન કરી શકે છે. પરંતુ જેમ-જેમ તમે આ સ્થિતિને અપનાવો છો, ત્યારે આ ડર એક ઊંડી શાંતિમાં ફેરવાઈ જાય છે. તમને એ અહેસાસ થવા લાગે છે કે ખુશ રહેવા માટે તમારે કોઈ બીજાના સહારેની જરૂર નથી. તમારી ખુશી અને તમારી તાકાતનો સ્રોત તમે ખુદ છો.

આ અહેસાસ માનવીને અંદરથી ખૂબ મજબૂત બનાવી દે છે. જ્યારે તમે એકલા રહેતા, વિચારતા કે તમારા નિર્ણયો જાતે લેતા શીખી જાઓ છો, ત્યારે દુનિયાની કોઈપણ પરિસ્થિતિ તમને ડરાવી શકતી નથી. આત્મનિર્ભર હોવું એટલે માત્ર આર્થિક રીતે મજબૂત હોવું નથી, પરંતુ માનસિક અને ભાવનાત્મક રીતે પોતાના પગ પર ઊભા રહેવું છે. જ્યારે તમે તમારા નિર્ણયોની જવાબદારી જાતે લેવાનું શરૂ કરો છો, ત્યારે ભૂલોથી ડરવાનું બંધ થઈ જાય છે.

તમે એ સમજી જાઓ છો કે જો તમે પડીશો, તો ઊભા પણ તમારે જ થવાનું છે. આ સ્વતંત્રતા તમને એક અલગ જ આત્મવિશ્વાસ આપે છે. પછી તમને એ વાતનો ફરક નથી પડતો કે કોણ તમારી સાથે ઊભું છે અને કોણ નહીં, કારણ કે તમને ખબર હોય છે કે તમે તમારા માટે પૂરતા છો.

આપણે આખી જિંદગી બીજા સાથે સંબંધો જોડવામાં અને તેને નિભાવવામાં વિતાવી દઈએ છીએ, પરંતુ પોતાની જાત સાથે સંબંધ બનાવવાનું ભૂલી જઈએ છીએ. જે દિવસે તમે તમારા સૌથી સારા મિત્ર ખુદ બની જાઓ છો, તે દિવસે તમારી અડધી મુશ્કેલીઓ ખતમ થઈ જાય છે. તમને તમારી ખામીઓ પણ સ્વીકાર થવા લાગે છે અને ખૂબીઓ પર ગર્વ પણ અનુભવવા લાગે છે.

તમે તમારી ખામીઓ સુધારવા પર ધ્યાન આપો છો, ના કે બીજાના ટોણાથી પરેશાન થવા પર. જિંદગીનો આ પ્રવાસ પોતાનામાં એક અનમોલ ભેટ છે. એકલતાને તમારી નબળાઈ ન બનવા દો, પરંતુ તેને તમારી તાકાત અને આત્મનિર્ભરતાની સીડી બનાવો. જ્યારે તમે પોતાની જાતને પ્રેમ કરતા અને એકલામાં ખુશ રહેતા શીખી જાઓ છો, ત્યારે તમે જીવનને તેની સાચી ખૂબસૂરતી સાથે જીવી શકો છો. યાદ રાખો, પોતાની કંપનીથી શ્રેષ્ઠ અને કોઈ કંપની હોઈ શકે નહીં.

## માનસિક તણાવ

**હર્ષદ દેસાઈ**
**વટાર**

બધા લોકોને માનસિક તણાવ આવવો સ્વાભાવિક છે. જયારે માણસ કોઈ પડકાર ભરેલી પરિસ્થિતિનો સામનો કરે છે. ત્યારે બે પરિસ્થિતિ ઉભી થાય છે. લડો અથવા તો ભાગી જાઓ. એવી પરિસ્થિતિમાં માણસના શરીરમાંથી એવા જૈવિક રસાયણો ઝરે છે જે માણસને પડકારોનઊ સામનો કરવા માટે તૈયાર કરે છે. એ વખતે માણસમાં એ પરિસ્થિતિનો સામનો કરવા માટે જરુરી તત્પરતા એકાગ્રતા તથા લડવાની શકિત પેદા થઈ જાય છે. આમ તણાવ એ કોઈ સકારાત્મક કે નકારાત્મક પણ હોઈ શકે. જો કોઈપણ પ્રકારનો તણાવ આપણી અંદર લાંબા સમય સુધી રહે તો તે તન અને મન માટે હાનિકારક સાબિત થાય છે. અને તે આપણા શારિરીકતા માનસિક સ્વાસ્થ્યને નુકશાન પહોચાડે છે. આથી શકય હોય ત્યા સુધી માનસિક તણાવ ભારે પેદા ન થાય એ રીતે કામ કરવું જોઈએ.

ઉપર જણાવ્યા મુજબ બે પ્રકારના તણાવ હોય છે. એમાનો એક સકારાત્મક તણાય હોય છે તે આપણને જીવનમાં આવતા અડકારો સામે લડવા તૈયાર કરે છે અને તેને ડિસ્ટ્રેસ કહે છે. તે આપણને હાનિ પહોચાડે છે.

નકારાત્મક તણાવના લક્ષણો તન, મન તથા વ્યવહારમાં વિભિન્ન રૂપોમાં પ્રગટ થાય છે. તણાવથી શરીરમાં થાક લાગવો, માસપેશીઓમાં તાણ, ધબકારા વધી જવા, લોહીનું દબાણ વધવું, માથુ દુખવુ, કબજિયા થવી, ઝાડા થઈ જવા વગેરે પેટની સમસયાઓના રૂપમાં પણ પ્રગટ થાય છે. માનસિક રૂપમાં તણાવના કારણે ચિંતા ઉદ્વગ્નતા, યાદશકિત તથા એકગ્રતામાં કમી, ઉદાસીનતા વગેરે સમસ્યાઓ પેદા થાય છે.

ઉંઘ ન આવવી કે વધારે ઊંઘવુ, ક્રોધ, ખીજ, ચીડીયાપણુ, સમાથી દુર રહેવું વગેરે તણાવના બાહ્ય લક્ષણો છે. જો તણાવ લાંબા સમય સુધી રહે તો તેના કારણે હૃદયને લગતા રોગો, લોહીનું ઉચુ દબાણ, આધાશીશી, પેટમાં ચાંદા પડવા માણસ પોતાના જીવનમાનં આવતી સમસ્યાઓની સામ્ભમે લડવાની શકિતઓ ગુમાવતો જાય છે.

તે ખુબ થાકી જાય છે. અને હતાશ તથા નિરાશ થઈ જાય છે. જીવનમાં તણાવ પેદા થવાના અનેક કારણો હોઈ શકે તે પરિસ્થિતિ જન્ય, મનઃસિથિતિજન્ય હોઈ શકે કે પછી જીવન શૈલીની સાથે પણ જોડાયેલા હોઈ શકે. આમા કેટલાક પરિસ્થિતિઓ ભારે તણાવ પેદા કરી શકે છે. જેવી કે કોઈ પ્રિયવજનો વિયોગ કે મૃત્યુ. છુટાછેડા, નોકરીમાંથી નિવૃત્ત થયુ, આર્થિક તંગી, બેરોજગારી કે બેકારી, કોઈ ભયંકર રોગ, કૌટુંબિક ઝગડા, પડોશીઓ સાથે અણબનાવ તથા કજિયા વગેરે. અચાનક કોઈ સફળતા મળવી, મોટો ધનલાભ થવો. લગ્ન સમારોહ વગેરે પણ તણાવ પેદા કરી શકે છે.



પરિસ્થિતિ ઉપરાંત માણસની અસ્તવ્યસ્ત જીવનચર્યા, અસયંમિત આહાર વિહાર, નકારાત્મક ચિંતન, અને વિકૃત્ત વ્યવહારના કારણે પણ તણાવ પેદા થાય છે. મોબાઈલનો મર્યાદિત પ્રમાણમાં ઉપયોગ કરવાથી પણ તણાય ઘટાવામાં મદદ મળે છે. મોબાઈલનો વધુ પડતો ઉપયોગ કરવાથી માનસિક તણાવમાં વધારો થાય છે. તેનાથી પુરતી ઊંઘ પણ મળતી નથી. આ ઉપરાંત સકારાત્મક વિચારો કરવાથી પણ તણાવને ઓછો કરી શકાય છે.

બીજા લોકો સાથે ખોટી સ્પર્ધા ન કરો. પોાની શકિત પ્રમાણે જ ભકિત કરો. ઈર્ષા, દ્વેષ, નિંદા, ચાડી ચુગલી, વગેરે દોષોથી દુર રહો. આ રીતે આધ્યાત્મિક જીવનશૈલી અપનાવશો તો સ્વસ્થ અને શાંતિ રહી શાશે. એનાથી ગમે તેવી વિકટ પરિસ્થિતિમાંથી બહાર નિકળી શકાશે. પછી મગજમાં કોઈ તણાવ પેદા નહી થાય. મહાભારતના યુદ્ધ વખતે તણાવગ્રસ્ત અર્જુનને ભગવાન શ્રીકૃષ્ણ સકારત્મક માર્ગદર્શન આપીને વિષાદમુકત કર્યો હતો. અને યુદ્ધ કરવાનું મનોબળ તેનામાં પેદા કર્યુ હતું. આમ તાવને દુર કરવા કોઈ સુયોગ્ય અને હિતેચ્છુ માર્ગ દર્શકની સલાહ પણ ઉપયોગી નીકળી શકે છે.

તણાવ આપણને ચેતવણી આપે છે કે ખોટી ચિંતા ન કરો એનાા બદલે સકારાત્મક ચિંતઅન કરીને સમસ્યાઓમાંથી બકહાર નિકળવાનો પ્રયાસ કરો.જો આપણે ઉપાય શોધવાને બદલે માત્ર ચિંતા જ કર્યા કરીએ તો તણાવ પેદા થશે. અને કામમાં સફળતા મેળવવાનો અમુલ્ય અવસર આપણે ગુમાવી દઈશુ. આમ જો આપણે જાગૃક રહીએ તો કદાપિ તણાાવ પેદા નહી થાય.

તણાવને જો આપણે સકારાત્મક રૂપે લઈએ તો તે આપણા તન અને મનમાં ઊર્જાનો સંચાર કરીને આપણને પ્રગતિની દિશામાં અગ્રેસર કરે છે. તે આપણી સમસ્યાઓનું સમાધાન કરવા માટે જરુરી બળ પુરુ પાડે છે. તેની મદદથી આપણે સંપૂર્ણ તત્પરતાપૂર્વક ખુબ સહેલાઈથી આપણી સમસ્યાઓનું સમાધાન કરી શકીએ છીએ.


## શ્રી રંગ અવધૂતનું જીવનચરિત્ર અને જીવનોપયોગી ઉપદેશો

**પ્રાસંગિક**
**વિનોદભાઈ માછી નિરંકારી**

કારતક સુદ નવમી એટલે મહાન સંત, તપસ્વી, જ્ઞાની અને ભગવાન દત્તાત્રેયના અનન્ય ઉપાસક શ્રી રંગ અવધૂત મહારાજની જન્મજયંતિનો પવિત્ર દિવસ. સંતોનું જીવન માત્ર પોતાના કલ્યાણ માટે નહીં પરંતુ સમગ્ર માનવજાતને સન્માર્ગે દોરી જવા માટે સમર્પિત હોય છે. શ્રી રંગ અવધૂત મહારાજનું સમગ્ર જીવન ભક્તિ, સાધના, માતૃભક્તિ, ગુરૂનિષ્ઠા, આત્મજ્ઞાન અને માનવકલ્યાણની ભાવનાથી પ્રેરિત હતું, તેમનું જીવન આપણને સદાચાર, સંયમ, સેવા અને પરમાત્મા પ્રત્યેની અખંડ શ્રદ્ધાનો માર્ગ બતાવે છે.

શ્રી રંગ અવધૂત મહારાજનું મૂળ નામ પાંડુરંગ વિઠ્ઠલ વળામે હતું. તેમનો જન્મ ૨૧ નવેમ્બર-૧૮૯૮ના રોજ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા શહેરમાં એક ધાર્મિક મરાઠી બ્રાહ્મણ પરિવારમાં થયો હતો, તેમના પિતાનું નામ વિઠ્ઠલપંત અને માતાનું નામ રૂક્મિણીબાઈ હતું. બાળપણથી જ તેમનામાં ધાર્મિક વૃત્તિ, રામનામ પ્રત્યે શ્રદ્ધા અને આધ્યાત્મિક ચિંતનનો સ્વભાવ હતો. પિતાની નાની ઉમરે છત્રછાયા ગુમાવ્યા બાદ માતાએ તેમનો ઉછેર કર્યો અને ધાર્મિક સંસ્કારોનું સિંચન કર્યું, તેઓ અભ્યાસમાં તેજસ્વી હતા, રાષ્ટ્રપ્રેમથી પ્રેરાઈને તેમણે સ્વાતંત્ર્ય આંદોલનની અસહકાર ચળવળમાં પણ ભાગ લીધો હતો, તેમ છતાં તેમના અંતરમાં આત્મજ્ઞાન અને પરમાત્માની પ્રાપ્તિની તીવ્ર ઝંખના હતી. સદગુરૂ શ્રી વાસુદેવાનંદ સરસ્વતી સ્વામી મહારાજ (ટેમ્બે સ્વામી) પ્રત્યેની ગુરૂનિષ્ઠાએ તેમના આધ્યાત્મિક જીવનને નવી દિશા આપી.

ઈ.સ.૧૯૨૫માં તેઓ નર્મદા નદીના પવિત્ર કિનારે આવેલા નારેશ્વર ખાતે સ્થાયી થયા, ત્યાં તેમણે જપ,તપ,ધ્યાન,સ્વાધ્યાય અને દત્તભક્તિમાં જીવન સમર્પિત કર્યું. ગુરૂદેવની રચના શ્રી દત્તપુરાણનાં ૧૦૮ પારાયણ કર્યાં, તેમની તપશ્ચર્યા



અને આધ્યાત્મિક પ્રભાવથી નારેશ્વર દત્તભક્તોનું પવિત્ર તીર્થધામ બની ગયું. તેમના જીવનનું એક પ્રેરણાદાયક પાસું માતૃભક્તિ હતું. સંસારનો ત્યાગ કર્યો હોવા છતાં માતા રૂક્મિણીબાઈ પ્રત્યેની સેવા અને ફરજ ક્યારેય ભૂલ્યા નહોતા, તેમના જીવનમાંથી બોધ મળે છે કે માતાપિતાની સેવા પણ ઈશ્વરની ઉપાસનાનું જ એક સ્વરૂપ છે.ભગવાન દત્તાત્રેયના અનન્ય ઉપાસક શ્રી રંગ અવધૂત મહારાજે ગુજરાતી ભાષામાં અમર રચના શ્રી દત્તબાવની આપી, તેમાં ભગવાન દત્તાત્રેયની મહિમા, ભક્તિ, શ્રદ્ધા, શરણાગતિ અને જીવનકલ્યાણનો સુંદર સંદેશ છે, તેમણે ગુજરાતી, સંસ્કૃત, મરાઠી, હિન્દી અને અંગ્રેજી ભાષાઓમાં અનેક ગ્રંથોની રચના કરીને આધ્યાત્મિક સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું. સાદગી અને સંતોષ અપનાવો. સાચી સમૃદ્ધિ ધનસંપત્તિમાં નહીં પરંતુ આંતરિક શાંતિ અને સંતોષમાં રહેલી છે, લાલચ અને અતિશય સંગ્રહથી દૂર રહો. માતાપિતાની સેવા કરો.. માતાપિતાનું સન્માન-વડીલોની સેવા અને પરિવાર પ્રત્યેની જવાબદારીનું પાલન એ પણ સાચો ધર્મ છે.

માનવસેવા એ જ ઈશ્વરસેવા છે..ભૂખ્યાને ભોજન-દુઃખીને આશ્વાસન અને નિરાધારને સહારો આ

# વાપીના સોની પર હુમલાના ત્રણેય આરોપીઓ માત્ર 3 કલાકમાં જ ઝડપાયા : ૮ દિવસના રિમાન્ડ





## દુબઈમાં બેઠેલા ગેંગસ્ટર હેરી ઢીલ્લોન એ ૨ મહિના પહેલાં વોટ્સએપ કોલ થી રૂ. ૫ કરોડની ખંડણી માંગી હતી

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી તા દુબઈથી ઓપરેટ કરતા પંજાબના ગેંગસ્ટર હરજિન્દરસિંહ ઉર્ફે હેરી ઢીલ્લોનના ઈશારે વાપીના સોની વેપારી પાસે રૂ. ૫ કરોડની ખંડણી માંગવા અને વેપારીના નાના ભાઈ પર જીવલેણ હુમલો કરવાના ગંભીર ગુનાનો વલસાડ જિલ્લા પોલીસે ગણતરીના કલાકોમાં ભેદ ઉકેલી ત્રણ આરોપીઓને ઝડપી પાડ્યા છે.

આજે વાપી ખાતે પત્રકાર પરિષદ ને સંબોધતા રેન્જ આઈજી પ્રેમવીરસિંહના જણાવ્યા અનુસાર, ૨ માસ અગાઉ અને ગત તા. ૩ નવેમ્બરના રોજ ફરિયાદીને અજાણ્યા મોબાઈલ નંબર પરથી વોટ્સએપ કોલ અને વોઇસ મેસેજ દ્વારા હેરી ઢીલ્લોનના નામે રૂ. ૫ કરોડની ખંડણી માંગવામાં આવી હતી. ખંડણી નહીં આપે તો ફરિયાદી અભિષેક સંચાલકને જાનથી મારી નાખવાની ધમકી પણ આપવામાં આવી હતી.

ત્યારબાદ તા. ૧૭ નવેમ્બરના રોજ બપોરે મહાત્મા ગાંધી માર્કેટ સ્થિત શોપિંગ સેન્ટરના જનરલ વોશરૂમમાં ફરિયાદીના નાના ભાઈ પર બે શખ્સોએ છરી અને કોયતા જેવા ધારદાર હથિયારોથી જીવલેણ હુમલો કર્યો હતો. હુમલામાં યુવકને માથાના પાછળના ભાગે અને પીઠ પર ગંભીર ઈજાઓ થઈ હતી. હુમલાખોરોમાંથી એક લવપ્રીતસિંહને ઘટનાસ્થળેથી જ પકડી લેવામાં આવ્યો હતો, જ્યારે અન્ય આરોપીઓ ફરાર થયા હતા.

આ બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને વલસાડ જિલ્લા પોલીસ વડા યુવરાજસિંહ જાડેજાના માર્ગદર્શનમાં એલસીબી, એસઓજી અને વાપી ટાઉન પીઆઈ કે બી ઝાલાની અલગ-અલગ ટીમોએ સીસીટીવી ફૂટેજ અને ટેકનિકલ સર્વેલન્સના આધારે તપાસ શરૂ કરી હતી. એલસીબીની ટીમે બાતમીના આધારે ફરાર આરોપી જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ અને અમોલકસિંહ બક્ષીસસિંહને સુરત ખાતેથી ઝડપી પાડ્યા હતા.

પોલીસ તપાસમાં ખુલાસો થયો હતો કે દુબઈની જેલમાં હરજિન્દરસિંહ ઉર્ફે હેરી ઢીલ્લોન સાથે સંપર્કમાં આવેલા જુગરાજને વાપીના સોનાના વેપારીને ડરાવવા અને હુમલો કરવા માટેની જવાબદારી સોંપવામાં આવી હતી. આ કામ માટે દરેક આરોપીને રૂ. ૫૦ હજાર આપવાનું નક્કી થયું હતું.

પોલીસે ત્રણેય આરોપીઓને કોર્ટમાં રજૂ કરી ૮ દિવસના પોલીસ કસ્ટડી રિમાન્ડ મેળવ્યા છે. સમગ્ર મામલે વધુ તપાસ એસઓજીના પીઆઈ ડી.ડી. પરમાર ચલાવી રહ્યા છે.

પકડાયેલા આરોપીઓ લવપ્રીતસિંહ નિર્મલસિંહ (ઉં.વ. ૩૦), જુગરાજ ઉર્ફે યુવરાજ સુખદેવસિંહ (ઉં.વ. ૩૫) અને અમોલકસિંહ બક્ષીસસિંહ (ઉં.વ. ૩૦), ત્રણેય પંજાબના રહેવાસી છે.

### હુમલાનો વીડિયો દુબઇ પણ મોકલ્યો! ભાગેલા બે આરોપીઓ સુરત સ્ટેશને ઉતરતાં જ ઝડપી લેવાયા

આરોપીઓ ૧૨ નવેમ્બરે અમૃતસરથી ટ્રેન મારફતે વાપી આવ્યા હતા અને વેપારીની રેકી કરી હુમલાનું આયોજન કર્યું હતું. હુમલા બાદ પોલીસની ત્વરિત કાર્યવાહીના પગલે આરોપીઓ ઝડપાઈ ગયા અને એમની તપાસમાં કેટલાક ચોંકાવનારા ખુલાસા થયા જેમાં એ પણ બહાર આવ્યુ કે આ જવેલર્સ પર હુમલાનો લાઈવ વીડિયો બનાવી હેરી ઢીલ્લોનને દુબઈ મોકલવામાં આવ્યો હતો. બીજું પોલીસને આ પ્રકરણમાં ઘટનાસ્થળેથી ઝડપાયેલા આરોપી પાસેથી મહત્વની માહિતી પણ મળી હતી જના આધારે આરોપીઓ જે ગેસ્ટ હાઉસમાં રોકાયા હતા તે ગેસ્ટ હાઉસના રજીસ્ટર થી નામ અને મોબાઈલ નંબર તેમજ ભાગી છૂટેલા આરોપીના ફોટો મેળવી વાપી ટાઉન પીએસઆઈ પ્રજાપતિ અને કોન્સ્ટેબલ પ્રદીપસિંહ એ બંને આરોપીઓનું લોકેશન મેળવી સુરત ટ્રેન માં જતા હોવાનું જણાતા સુરત પોલીસની મદદ થી ટ્રેન માંથી ઉતારતા બંને ને ઝડપી લીધા હતા.

## વાહનચાલકો અને રાહદારીઓને મોટી રાહત મળશે

# વાપીના રીંગ રોડને નવો લુક મળ્યો



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી શહેરના બિરસા મુંડા નામધા સર્કલથી જે ટાઈપ રેલવે ઓવરબ્રિજ સુધીના રીંગ રોડનું મહાનગરપાલિકા દ્વારા નવેસરથી નિર્માણ કરવામાં આવ્યું છે. આ માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો તેમજ રાહદારીઓને ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હતો. ખાસ કરીને ચોમાસા દરમિયાન માર્ગની ખરાબ સ્થિતિને કારણે અવરજવરમાં મુશ્કેલી સર્જાતી હતી. સાથે આ માર્ગ બની જતા આગામી દિવસોમાં જે ટાઈપ રેલવે ઓવરબ્રિજથી વાપી ટાઉન તરફ આવતા વાહન ચાલકો માટે ખૂબ જ મહત્વનો બની રહેશે.

વાપી મહાનગરપાલિકાના વોર્ડ નંબર ૯ હેઠળ આવતા આ માર્ગની સમસ્યાને ધ્યાનમાં લઈને મહાનગરપાલિકા દ્વારા તાત્કાલિક ધોરણે નવો રોડ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જે અંતર્ગત હાલમાં બિરસા મુંડા સર્કલથી જે ટાઈપ રેલવે ઓવરબ્રિજ સુધીના રીંગ રોડને નવેસરથી ડામરનો ચાર માર્ગીય રોડ બનાવવામાં આવ્યો છે.

રોડનું નવીનીકરણ થતાં આ માર્ગ પરથી પસાર થતા વાહનચાલકો, સ્થાનિક રહીશો અને રાહદારીઓને મોટી રાહત મળશે. સાથે જ વાહનવ્યવહાર વધુ સુગમ બનશે અને લાંબા સમયથી સર્જાતી મુશ્કેલીઓનો અંત આવશે.

ઉલ્લેખનીય છે કે જે ટાઈપ રેલવે ઓવરબ્રિજની કામગીરી પણ ટૂંક સમયમાં પૂર્ણ થવાની છે. ત્યારબાદ આ રીંગ રોડ વાપી નેશનલ હાઈવે, વાપી જીઆઈડીસી, વાપી ટાઉન તેમજ સંઘ-દેશ દમણના વિસ્તારોને જોડતો અત્યંત મહત્ત્વનો માર્ગ બની રહેશે. આ માર્ગના નવીનીકરણ અને ઓવરબ્રિજની કામગીરી પૂર્ણ થતાં સમગ્ર વિસ્તારના વાહનવ્યવહાર તેમજ સ્થાનિક લોકો માટે મહત્વનો પણ બની રહેશે સાથે સંઘ -દેશના ઉદ્યોગોમાં મુંબઈ તરફથી આવતા ભારે વાહનો માટે પણ એક મહત્વનો માર્ગ બની રહેશે.

# ચલામાં ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવ ઉજવાયો





(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

વાપી, તા. ૧૮ : ચલા સ્થિત શ્રી રંગ કુટીર ખાતે બુધવાર, તા. ૧૮-૧૧-૨૦૨૬ના રોજ ૧૨૯મી રંગ જયંતિ મહોત્સવની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. શ્રી ગુરુદેવ દત્તના આશીર્વાદથી યોજાયેલા આ દૈવી મહોત્સવમાં વાપી, દમણ, સિલવાસા સહિત આસપાસના વિસ્તારોમાંથી મોટી સંખ્યામાં ભક્તો ઉમટી પડ્યા હતા અને સમગ્ર દિવસ શ્રી રંગ કુટીર પરિસર ભક્તિમય માહોલથી ગુંજી ઉઠ્યું હતું.

કાર્યક્રમની શરૂઆત સવારે ૬-૦૦ કલાકે -ભાતિયા સાથે થઈ હતી. ત્યારબાદ ૬-૩૦ કલાકે મંગળા આરતી અને પ્રભાત ફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ભક્તોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સવારે ૯-૦૦ કલાકે પાદુકા પૂજન યોજાયું હતું. પાદુકા પૂજનમાં ભાગ લેવા માટે ભક્તજનો પૂજનની સામગ્રી સાથે સવારે ૮-૦૦ કલાકે જ શ્રી રંગ કુટીર પર હાજર થઈ ગયા હતા અને ભાવપૂર્વક પૂજા-અર્ચના કરી હતી. બપોરે ૧૨-૩૦ કલાકે મહાપ્રસાદનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં સૌ ભક્તોએ પ્રસાદ ગ્રહણ કર્યો હતો. સાંજે ૬-૩૦ કલાકે સાયં પ્રાર્થના, દીપ પ્રાગટ્ય, સાયં આરતી અને પાલખી સાથે મહોત્સવનું ભવ્ય સમાપન થયું હતું. પાલખી યાત્રા વખતે ભક્તોમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો હતો.

આયોજકોએ આ મહોત્સવને સફળ બનાવવા બદલ તમામ ભક્તજનો, સેવકો અને દાતાઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

# નાનાપોંઢામાં આદિવાસી સાહિત્ય મંચનું નવમું સાહિત્ય સંમેલન યોજાયું

## ગુજરાત અને મહારાષ્ટ્રના સાહિત્યકારો એક મંચ પર એકત્રિત થયા : ૭ પુસ્તકોનું વિમોચન



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**નાનાપોંઢા, તા. ૧૮ :** વલસાડ જિલ્લાના નાનાપોંઢા ખાતે મંગળવારે એન.આર. રાઉત હાઈસ્કૂલમાં આદિવાસી સાહિત્ય મંચનું નવમું વાર્ષિક સંમેલન ઉત્સાહભેર યોજાયું હતું. ગુજરાત અને મહારાષ્ટ્રના જાણીતા સાહિત્યકારો, લેખકો, સંશોધકો અને સાહિત્યપ્રેમીઓ એક મંચ પર એકત્રિત થયા હતા. આ સંમેલનમાં આદિવાસી સાહિત્ય, ભાષા, લોકસંસ્કૃતિ, પરંપરા અને સામાજિક જીવનના વિવિધ પાસાઓ પર ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી હતી. આ પ્રસંગે કુલ સાત પુસ્તકોનું વિમોચન કરવામાં આવ્યું હતું. તેમાં ડો. ઉત્તમભાઈ પટેલના હિન્દી પુસ્તક 'કુકણા બોલી કે લોકગીત'નો ગુજરાતી અનુવાદ 'કુકણા બોલીનાં લોકગીતો', ડો. પદ્માકર સહારેના મરાઠી પુસ્તકના અનુવાદિત સ્વરૂપ, ડો. બાબુ ચૌધરીના બે ગઝલસંગ્રહ 'પીળો કેસુડો' અને 'સાંવર ફૂલેલી', અરવિંદભાઈ પટેલનું ધોડિયા ભાષામાં ઉખાણાંનું પુસ્તક 'આખા તે એરેંહ', પ્રા. ડો. મોહન પટેલનો ધોડિયા ભાષાનો વાર્તાસંગ્રહ 'ઢૂંકળો' તથા પ્રા. ડો. અરવિંદભાઈ પટેલની કૃતિ 'બરામદેવ' હિન્દીનો સમાવેશ થાય છે. ડો. ઉત્તમભાઈ પટેલના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ સંમેલનમાં વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરતના મહાત્મા ગાંધી રૂરલ સ્ટડીઝ વિભાગના પ્રોફેસર અને વડા ડો. દીપકભાઈ ભોયે, મહારાષ્ટ્રના છત્રપતિ સંભાજીનગર સ્થિત યુનિવર્સિટીના સમાજશાસ્ત્ર વિભાગના એસોસિયેટ પ્રોફેસર અને જાણીતા મરાઠી લેખક ડો. પદ્માકર સહારે, ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી, આદિલોક માસિકપત્રના તંત્રી આનંદ વસાવા, ડૉ. ઉત્તમભાઈ પટેલ, ડાહ્યાભાઈ વાડ, પદ્માકર સહાર વગેરેએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું.

સંમેલન દરમિયાન નર્મદા વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા મથુરભાઈ વસાવા, તાપી વિસ્તાર તરફથી પ્રા. ડો. ઉરેશ ગામીત અને વલસાડ વિસ્તાર તરફથી ડો. બાબુ ચૌધરીએ પોતાના વિસ્તારના આદિવાસી સાહિત્ય, લોકજીવન, ભાષા અને સાંસ્કૃતિક વારસાની વિશેષતાઓ વિશે વિસ્તૃત વક્તવ્યો આપ્યાં હતાં. આ પ્રસંગે સાત પુસ્તકોના પણ વિમોચન કરવામાં આવ્યા હતાં. આ કાર્યક્રમમાં ધારાસભ્ય અને પૂર્વ મંત્રી જીતુભાઈ ચૌધરી સહિતના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા આદિવાસી સાહિત્ય મંચ દ્વારા આયોજિત આ નવમા વાર્ષિક સંમેલનને સફળ બનાવવા જવંતભાઈ ભીંસરા, ડો. જગદીશ ખાંડરા, રાજેશ પટેલ, ડો. બાબુ ચૌધરી અને મનોજભાઈ જાદવે જહેમત ઉઠાવી હતી.

# લીલાપોરમાં બાઈક ચાલકનું માર્ગ અકસ્માતમાં મોત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ પારડી ગામે રહેતો ૨૮ વર્ષીય માછીમાર યુવાન ગઈકાલે રાત્રે લીલાપુર ઔરંગા નદીના પુલ પાસે અજાણ્યા વાહન સાથે અથડાતા તેનું ઘટના સ્થળે કમ કમાટી ભર્યું મોત નીપજ્યું હતું.વલસાડના લીલાપોર રોડ પર ઔરંગા નદીના પુલ પાસે ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં ૨૮ વર્ષીય યુવક આકાશ સતીશ ટંડેલનું મોત નીપજ્યું હતું. વલસાડ પારડીમાં રહેતો યુવક આકાશ સતીશ ટંડેલ ઉંમર વર્ષ ૨૮ ગઈકાલે રાત્રે પોતાની બજાજ CT-૧૦૦ બાઈક નંબર GJ-15-DH-9541 પર વલસાડ લીલાપોર તરફથી વલસાડના પારડી માં આવેલા પોતાના ઘરે જઈ રહ્યો હતો. તે દરમિયાન ઔરંગા નદીના પુલ પાસે તેની બાઈક અન્ય વાહન સાથે અથડાતાં તે ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો. અકસ્મત બાદ ત્યાંથી પસાર થતી રીલીફ ચેરીટેબલ ટ્રસ્ટની ખાનગી એમ્બ્યુલન્સ મારફતે ઈજાગ્રસ્ત યુવકને તાત્કાલિક વલસાડ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જોકે, હોસ્પિટલમાં ફરજ પરના તબીબોએ તપાસ બાદ તેને મૃત જાહેર કર્યો હતો. યુવકના મોતના સમાચારથી પરિવારમાં શોકની લાગણી પ્રસરી ગઈ હતી. ઘટનાની જાણ થતાં વલસાડ રૂરલ પોલીસની ટીમ સિવિલ હોસ્પિટલ માં પહોંચી સમગ્ર અકસ્માત ની ઘટના અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# વાપીમાં પદયાત્રા પહેલાં રૂટનું અવલોકન કરાયું



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપીમાં ભાજપની યોજનારી લોકશાહી બચાવો થરાદકતા દૂર કરો અંગેની પદયાત્રા પહેલા આજે મોડી સાંજે નાણામંત્રી કનુભાઈ દેસાઈ ધારાસભ્ય જીતુભાઈ ચૌધરી વલસાડ જિલ્લા ભાજપના પ્રમુખ હેમંતભાઈ કંસારા મહામંત્રી કમલેશભાઈ પટેલ વલસાડ જિલ્લા પ્રભારી વિનયભાઈ શુક્લા વાપી ભાજપના પ્રભારી ભરતભાઈ જાદવ વાપી મહાનગરપાલિકાના સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન સતિષભાઈ પટેલ ડેપ્યુટી મેયર મિતેશભાઈ દેસાઈ તથા વાપી શહેર ભાજપના પ્રમુખ મનીષ દેસાઈ દ્વારા રેલી અંગેના રૂટ અને સ્થળનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું અને જરૂરી સૂચનો તેમજ આ પદયાત્રામાં વધુમાં વધુ લોકો જોડાય તે અંગેના માર્ગદર્શન આપવામાં આવ્યા હતા.

# મોગરાવાડી-અભ્રામા રોડ ૧૦ મહિનાથી મંજૂર છતાં કામગીરી બંધ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વલસાડ, તા. ૧૮ :** વલસાડ નગરપાલિકા વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે મંજૂર થયેલા વિકાસ કામોમાં તંત્રની ઉદાસીનતા અને આયોજનના અભાવે પ્રજાને વેઠવાનો વારો આવ્યો છે. દિવાળીમાં રસ્તો બનશે તેવી આશા રહીશોને હતી પણ નગરપાલિકા દ્વારા દિવાળીમાં પણ રસ્તો નહીં બનતા લોકોમાં હતાશા જોવા મળી છે. વલસાડના મોગરાવાડીથી અભ્રામા ગિરિરાજ હોટલ સુધીનો અંદાજે રૂપિયા ૧૦ કરોડના ખર્ચે મંજૂર થયેલો નવો રસ્તો વહીવટી શિથિલતાનો ઉત્તમ નમૂનો બન્યો છે. આ રોડ મંજૂર થયાને દશ મહિના જેટલો લાંબો સમય વીતી ગયો હોવા છતાં, પાલિકા તંત્ર દ્વારા હજુ સુધી ટીપી (ટાઉન પ્લાનિંગ) અને ડીપી (ડેવલપમેન્ટ પ્લાન)નો યોગ્ય અમલ કરવામાં આવ્યો નથી. મોગરાવાડી અભ્રામા નો રસ્તો નહિ બનતા નર્કાગાર બની ગયો હોય તેવા દ્રશ્યો જોવા મળી રહ્યા છે. હાલમાં જ ચોમાસાની ઋતુ પૂરી થઈ છે. દિવાળીમાં રસ્તો ડામર બનશે એવી આશાઓ રહીશોને હતી પરંતુ નહીં બનતા લોકોની આશા પર પાણી ફરી વળ્યું છે ત્યારે ખાસ કરીને મોગરાવાડી શોપિંગ સેન્ટર, હિન્દી સ્કૂલની પાછળનો ભાગ, નાયરા પેટ્રોલ પંપથી લઈને પ્રમુખ ગ્રીન સુધીના માર્ગ પર કોન્ટ્રાક્ટર દ્વારા મટીરીયલ ના ઢગલાઓ વહન પાર્કિંગ કરવામાં આવતા હોવાથી અવરજવર કરનારા વાહન ચાલકો ભારે પરેશાન થઈ રહ્યા છે.

# વાપી સ્ટેશનને અત્યાધુનિક સુવિધાઓ મળશે

## મુખ્ય દ્વાર પાસે ગાર્ડન અને ટ્રેનનું એન્જિન મુકવાની યોજના : વિશાળ પાર્કિંગ, આધુનિક વેઇટિંગ હોલ, લિફ્ટ, એસ્કેલેટર સહિતની સુવિધાઓ વિકસાવાશે, રેલવે કર્મચારીઓ માટે અલગ આવાસ પણ બનશે






(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** કેન્દ્ર સરકારની અમૃત ભારત સ્ટેશન યોજના અંતર્ગત વાપી રેલવે સ્ટેશનના આધુનિકીકરણ અને નવીનીકરણની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ યોજના પૂર્ણ થયા બાદ વાપી રેલવે સ્ટેશનનો નવો અને આકર્ષક લુક જોવા મળશે. સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વાર પાસે સુંદર ગાર્ડન વિકસાવવાની સાથે ટ્રેનનું એન્જિન મૂકવાની યોજના પણ મંજૂર કરવામાં આવી છે. આ ઉપરાંત મુસાફરોની સુવિધા માટે વિશાળ પાર્કિંગ વ્યવસ્થા તેમજ રેલવે વિભાગના કર્મચારીઓ માટે અલગથી આવાસ બનાવવાનું આયોજન છે.દેશભરના રેલવે સ્ટેશનોને આધુનિક સુવિધાઓથી સજ્જ કરવાના હેતુથી અમૃત ભારત સ્ટેશન યોજના અમલમાં મૂકવામાં આવી છે. આ યોજના અંતર્ગત વાપી રેલવે સ્ટેશનનો પણ સમાવેશ કરવામાં આવ્યો હતો. જે અંતર્ગત ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ચ્યુઅલ માધ્યમથી વાપી રેલવે સ્ટેશનના નવીનીકરણ અને વિકાસકાર્યોનું ભૂમિપૂજન કરવામાં આવ્યું હતું.

વિકાસકાર્યો અંતર્ગત સ્ટેશન બિલ્ડિંગનું નવીનીકરણ કરી આકર્ષક અગ્રભાગ તૈયાર કરવામાં આવશે. મુસાફરો માટે આધુનિક પ્રતીક્ષા ખંડ, સુધારેલી બેઠક વ્યવસ્થા, સ્વચ્છ અને આધુનિક શૌચાલય બ્લોક સહિતની સુવિધાઓ વિકસાવવામાં આવશે. દિવ્યાંગ મુસાફરોની અવરજવર સરળ બને તે માટે વિશેષ સુવિધાઓ, લિફ્ટ અને એસ્કેલેટરની વ્યવસ્થા પણ કરવામાં આવશે. આ ઉપરાંત પ્લેટફોર્મ વચ્ચે અવરજવર માટે ફૂટ ઓવરબ્રિજ, મુસાફરોની માહિતી માટે આધુનિક પેસેન્જર ઈન્ફોર્મેશન સિસ્ટમ, ફ્રી વાઇ-ફાઇ અને મલ્ટી મોડલ કનેક્ટિવિટી જેવી સુવિધાઓ પણ ઉપલબ્ધ કરાવવાનું આયોજન છે. એક સ્ટેશન એક ઉત્પાદન યોજના અંતર્ગત સ્થાનિક ઉત્પાદનો અને કલાકૃતિઓને પ્રોત્સાહન આપવાની વ્યવસ્થા પણ વિકસાવવામાં આવશે.

વાપી ઔદ્યોગિક નગરી હોવાની સાથે દક્ષિણ ગુજરાત અને સંઘપ્રદેશ દાદરા નગર હવેલી તથા દમણ માટેનું મહત્વનું રેલવે મથક છે. અહીંથી દરરોજ મોટી સંખ્યામાં મુસાફરો અવરજવર કરે છે. ત્યારે અમૃત ભારત યોજના અંતર્ગત સ્ટેશનના આધુનિકીકરણથી મુસાફરોને વધુ સારી, સુવિધાયુક્ત અને આરામદાયક રેલવે સેવાઓનો લાભ મળશે. સાથે જ વાપી રેલવે સ્ટેશન શહેરની આધુનિક ઓળખ સમાન બની રહેશે.

# જૈન સમાજના યુવક-યુવતીઓ માટે 'વિલ યુ મેરી મી-૪' યુવા મેળો યોજાશે

## યોગ્ય જીવનસાથીની પસંદગી માટે જેજેસી સેન્ટ્રલ બોર્ડ મુંબઈ દ્વારા ૧૨ ડિસેમ્બરે યુવા મેળો મુંબઈમાં યોજાશે

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** જૈન સમાજના લગ્નયોગ્ય યુવક-યુવતીઓને જીવનસાથીની પસંદગી માટે યોગ્ય પ્લેટફોર્મ મળી રહે અને યુવક-યુવતીઓ સાથે તેમના પરિવારોને પણ એકબીજાને ઓળખવાની તક મળે તેવા ઉમદા હેતુથી જેજેસી સેન્ટ્રલ બોર્ડ મુંબઈ દ્વારા 'વિલ યુ મેરી મી-૪' યુવા મેળાનું આયોજન કરવામાં આવ્યું છે.જેજેસી સેન્ટ્રલ બોર્ડ અને જેજેસી સેન્ટ્રલ બોર્ડ ચેરીટેબલ ટ્રસ્ટ ના સંયુક્ત ઉપક્રમે આગામી શનિવાર, તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ના રોજ સાંજે ૪:૦૫ કલાકે મુંબઈના દાદર (પૂર્વ) સ્થિત યોગી સભાગૃહ ખાતે આ યુવા મેળો યોજાશે. આ મેળાના માધ્યમથી જૈન સમાજના લગ્નયોગ્ય યુવક-યુવતીઓને એકબીજા સાથે પરિચય કેળવવાની અને પોતાના જીવનસાથીની પસંદગી કરવાની તક મળશે. સાથે જ બંને પરિવારો વચ્ચે પણ પરસ્પર ઓળખાણ અને સમજણ વધશે. આ કાર્યક્રમ અંગે વધુ માહિતી મેળવવા અને નોંધણી માટે જેજેસી વાપી મોબાઈલ નંબર ૯૮૨૫૩૧૬૧૦૫ પર સંપર્ક કરવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# વાપીમાં શિયાળાની ધીમા પગલે શરૂઆત

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** વાપી સહિત સમગ્ર પંથકમાં છેલ્લા બે દિવસથી હવામાનનો મિજાજ ધીમે ધીમે બદલાઈ રહ્યો છે અને શિયાળાની શરૂઆતનો અહેસાસ થવા લાગ્યો છે. વહેલી સવારે વાતાવરણમાં ઠંડક વધતાં મોર્નિંગ વોક માટે નીકળતા શહેરીજનો ગુલાબી ઠંડીનો અનુભવ કરી રહ્યા છે.જ્યારે દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ થયા બાદ રાત્રિના સમયે ફરી ઠંડકનું પ્રમાણ વધતું જોવા મળી રહ્યું છે. હવામાનમાં આવેલા આ બદલાવને પગલે હવે લોકોર્મોનિંગ અને ઈવનીંગ વોક માટે ગાર્ડન મા જવા માટે ગરમ કપડાં પહેરીને ઘરની બહાર નીકળતા જોવા મળી રહ્યા છે.

ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અહેસાસ વધુ થતાં વાપીવાસીઓમાં શિયાળાની શરૂઆતનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ગામડા મા ઠંડીનુ પ્રમાણ ખુબજ વધુ જોવા મળી રહ્યું છે.

# અન્ય સમાચારો

દમણગંગા ટાઇમ્સ
EDITORIAL: DAMANGANGA TIMES

Thursday 19, November 2026

## લલિત કળા

આઈપીએલના ભૂતપૂર્વ ચેરમેન અને આર્થિક ગેરરીતિના આરોપી અને ભાગેડુ લલિત મોદીને સ્વદેશ પરત લાવવાની દિશામાં ૧૬ વર્ષ પ્રયત્નો છતાં પ્રગતિ થઈ નહીં અને હવે તેમણે બ્રિટિશ નાગરિકત્વ મેળવી લેતાં, આ કામ વધુ કપરું થયું છે. અન્ય દેશની સિટીઝનશિપ મેળવવા સાથે તેમનું ભારતીય નાગરિકત્વ આપોઆપ રદ થઈ ગયું છે. જો કે, નિષ્ણાતોના મતે બ્રિટિશ નાગરિકત્વ મેળવવાથી લલિત મોદીને ભારતમાં થનારી તપાસમાંથી પૂરેપૂરી મુક્તિ મળવાની નથી. હા, તેમને હવે બ્રિટન દેશનિકાલ તો નહીં જ કરે. છેલ્લાં ૧૬ વર્ષથી ભારત સરકાર લલિત મોદી, વિજય માલ્યા અને નીરવ મોદી જેવા આર્થિક ગુનેગારોને સ્વદેશ પરત લાવવા પ્રયત્નશીલ છે છતાં એવી વ્યક્તિ જેની સામે ભારતમાં બિનજામીનપાત્ર વોરન્ટ જારી થયું છે, તે બ્રિટનની કાયદાકીય પ્રક્રિયાઓના આટાપાટા પાર કરી કાયમી નાગરિકત્વ મેળવી લે એ આપણી રાજદ્વારી અને કાનૂની વ્યૂહરચનાની મર્યાદાઓ છતી કરે છે. આ પહેલાં ૨૦૨૫માં લલિત મોદીએ પ્રશાંત મહાસાગરમાંના ટાપુ દેશ વાનુઅતુનું નાગરિકત્વ મેળવી ભારતીય પાસપોર્ટ જતો કરવાનો પ્રયાસ કર્યો હતો, પણ એ વખતે ભારતના રાજદ્વારી પ્રયાસોને કારણે વાનુઅતુના વડાપ્રધાને તેમનો પાસપોર્ટ રદ કરી દીધો હતો. જો કે, બ્રિટન જેવો દેશ આ નૈતિકતા દાખવી શક્યો નથી. એમ તો વિજય માલ્યા અને નીરવ મોદી ઉપરાંત સંરક્ષણ સોદામાં કમિશન અને મની લોન્ડારિંગ કેસમાં વોન્ટેડ આરોપી સંજય ભંડારી, ૧૯૯૩ના સુરત બોમ્બ ધડાકા કેસનો આરોપી ટાઈગર હનીફ તથા નેવી વોર રૂમ લીક કેસમાં વોન્ટેડ નૌકાદળનો ભૂતપૂર્વ અધિકારી પણ હાલ બ્રિટનમાં છે. બ્રિટને ૨૦૨૨માં ટાયર વન ઈન્વેસ્ટર વિઝા નામની યોજના સત્તાવાર બંધ કરી છે, જેમાં ૨૦ લાખ પાઉન્ડ એટલે કે આશરે રૂા. ૨૧ કરોડનું રોકાણ કરનારને બ્રિટનમાં રહેવાની છૂટ મળતી હતી. બ્રિટિશ ગૃહ મંત્રાલયના ૨૦૨૫ના અહેવાલ મુજબ બ્રિટનમાં વિદેશી મૂળના એવા ૧૯,૦૦૦ ગુનેગાર વસે છે જેમની સામે દેશનિકાલના આદેશ છે. લલિત મોદીને પરત લાવવાના પ્રયાસોમાં એક પણ સરકારને સફળતા મળી નથી અને એમાંય અવારનવાર જાહેરમાં દેખા દઈ તથા પ્રસાર માધ્યમોને મુલાકાતો આપી તેઓ જાણે કે ભારતને પડકારતા હોય છે. મોદી સામે ભારતીય ક્રિકેટ બોર્ડ રૂા. ૪૬૮ કરોડની ઉચાપતનો આરોપ મૂક્યો છે, તો આઈપીએલના મીડિયા પ્રસારણ હક્કો તથા ટેન્ડર ફાળવણીમાં ગેરરીતિ, વિદેશી હૂંડિયામણ કાયદાનો ભંગ તથા ઈડીએ મની લોન્ડારિંગ તથા રાજસ્થાનમાં સ્થાનિક ક્રિકેટ એસોસિયેશનમાં નાણાકીય ગેરરીતિઓ, ચેક બાઉન્સિંગ અને ઐતિહાસિક હલેવીઓની ગેરકાયદે ખરીદી જેવા મામલા પણ તેમની સામે બોલે છે. આમ છતાં, તેઓ ૧૫ વર્ષથી બ્રિટનમાં રહેતા હોવાથી નાગરિકત્વ મળી જવું એ દેખાડે છે કે વૈશ્વિક સ્તરે આર્થિક ગુનેગારો માટે કાયદાનાં છીંડાં નહીં આખો રાજમાર્ગ અસ્તિત્વમાં છે. ભારત સરકારે અત્યારે કોઈ પ્રતિક્રિયા આપી નથી, પણ બ્રિટિશ કાયદા-અદાલતોના કડક માપદંડો અનુસાર નક્કર પુરાવા, તહોમતનામા સાથેનો કેસ તૈયાર કરવા પર જોર લગાડવું જોઈએ, જેથી આ એક કેસ અન્ય ભાગેડુઓ માટે પૂર્વ દાખલો ન બની જાય.

# ભારત આર્થિક સંકટની અણીએ ઊભું છે : રાહુલ ગાંધી

## કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન બેરોજગારી અને શિક્ષણ વ્યવસ્થાને લઈને સરકાર પર સાધ્યું નિશાન




(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી/ન્યૂયોર્ક, તા.૧૮

લોકસભામાં વિપક્ષના નેતા અને કોંગ્રેસના વરિષ્ઠ નેતા રાહુલ ગાંધીએ અમેરિકાની કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ સાથે સંવાદ દરમિયાન ભારતની આર્થિક સ્થિતિને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરી છે. તેમણે દાવો કર્યો કે ભારત એક મોટા આર્થિક સંકટ તરફ આગળ વધી રહ્યું છે. દેશમાં વધતી બેરોજગારી, શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ અને રોજગારીની મર્યાદિત તકોને લઈને તેમણે સવાલો ઉઠાવ્યા હતા.

કોલંબિયા યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો સાથેની ચર્ચા દરમિયાન રાહુલ ગાંધીએ કહ્યું હતું કે ભારતમાં બેરોજગારીની સમસ્યા અત્યંત ગંભીર છે અને શિક્ષણ વ્યવસ્થામાં પણ ઊંડી ખામીઓ છે. તેમના મતે, ખાસ કરીને મધ્યમ વર્ગના શિક્ષિત યુવાનોને અભ્યાસ પૂર્ણ કર્યા બાદ રોજગારી અને ભવિષ્યની તકો અંગે અનિશ્ચિતતા સતાવી રહી છે. તેમણે જણાવ્યું હતું કે યુવાનોને હવે પોતાના ભવિષ્યની કોઈ સ્પષ્ટ દિશા દેખાતી નથી. નવી પેઢી પોતાના માતા-પિતાને પણ સવાલ કરી રહી છે કે અગાઉની પેઢી માટે સફળતાનો જે માર્ગ હતો તે હવે તેમના માટે કેમ કામ કરતો નથી.

રાહુલ ગાંધીએ ચૂંટણી પ્રચારમાં થતા ખર્ચ અંગે પણ મોટો સવાલ ઉઠાવ્યો હતો. તેમણે દાવો કર્યો કે અગાઉની ચૂંટણીઓની સરખામણીએ તાજેતરના ચૂંટણી પ્રચારમાં ૨૦થી ૫૦ ગણો વધુ ખર્ચ કરવામાં આવ્યો હતો. આટલી મોટી રકમ ક્યાંથી આવી રહી છે તે અંગે પણ તેમણે સવાલ કર્યો હતો.

ચૂંટણીનાં પરિણામો અંગે પણ તેમણે આશંકા વ્યક્ત કરી હતી. કેટલીક રસાકસીભરી બેઠકો પર અચાનક મોટા મતતફાવતથી મળેલી જીત અંગે તેમણે સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ બાબતે તેમણે કરેલા આક્ષેપો અને ચૂંટણી ગેરરીતિના દાવાઓને સ્વતંત્ર રીતે સાબિત થયેલા તથ્યો તરીકે જોઈ શકાય નહીં.


રાહુલ ગાંધીએ ભારતના આર્થિક મોડલ અંગે પણ ટીકા કરી હતી. તેમના મતે, નાના અને મધ્યમ ઉદ્યોગો તથા કૃષિ ક્ષેત્ર રોજગારીનું મુખ્ય માધ્યમ છે. દેશમાં ઉત્પાદન ક્ષેત્રને વધુ મજબૂત બનાવવાની જરૂરિયાત પર તેમણે ભાર મૂક્યો હતો. માત્ર સર્વિસ સેક્ટરના આધારે દેશના તમામ યુવાનોને રોજગારી પૂરી પાડવી શક્ય નથી તેમ પણ તેમણે જણાવ્યું હતું.

કોલંબિયા યુનિવર્સિટીમાં રાહુલ ગાંધીના નિવેદનો બાદ ભારતમાં રાજકીય ચર્ચા શરૂ થઈ છે. ભાજપ તરફથી પણ તેમના નિવેદનોની ટીકા કરવામાં આવી છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ વિદેશની ધરતી પર ભારતની છબી ખરડવાનો આક્ષેપ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે રાહુલ ગાંધી બે દિવસીય અમેરિકાના પ્રવાસે છે. તેઓ કોલંબિયા યુનિવર્સિટી બાદ શિકાગો યુનિવર્સિટીમાં પણ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરવાના છે. આ દરમિયાન ભારતની વિદેશ નીતિ, વૈશ્વિક રાજકારણ અને ઈરાન સંઘર્ષ સહિતના મુદ્દાઓ પર ચર્ચા થવાની છે.

# બંગાળની ખાડીમાં અકવાન વાવાઝોડાનો ખતરો

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : બંગાળની ખાડીમાં સર્જાયેલું ચક્રવાતી વાવાઝોડું અકવાન વધુ શક્તિશાળી બનતાં અનેક રાજ્યોમાં હવામાન વિભાગે ચેતવણી જાહેર કરી છે. ભારતીય હવામાન વિભાગ (IMD)ના જણાવ્યા અનુસાર, આ વાવાઝોડું ૨૦ નવેમ્બર ૨૦૨૬ના રોજ ઉત્તર આંધ્રપ્રદેશ, યાનમ અને દક્ષિણ ઓડિશાના દરિયાકાંઠે ત્રાટકી શકે છે. વાવાઝોડાને કારણે દરિયાકાંઠાના વિસ્તારોમાં ભારે પવન સાથે અતિભારે વરસાદ પડવાની સંભાવના છે.



હવામાન વિભાગના અનુમાન મુજબ, વાવાઝોડું દરિયાકાંઠે પહોંચશે ત્યારે પવનની ઝડપ ૯૦થી ૧૦૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. જ્યારે પવનના ઝાપટાની ઝડપ ૧૧૦ કિલોમીટર પ્રતિ કલાક સુધી રહેવાની શક્યતા છે. ૧૯ અને ૨૦ નવેમ્બરના રોજ આંધ્રપ્રદેશ અને ઓડિશાના અનેક વિસ્તારોમાં ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. ખાસ કરીને પશ્ચિમ ગોદાવરી, કોનાસીમા, કાકીનાડા, વિશાખાપટ્ટનમ, ગંજમ, ખુર્દા અને પુરી સહિતના જિલ્લાઓમાં વાવાઝોડાની અસર જોવા મળી શકે છે. દરિયામાં ઊંચાં મોજાં ઉછળવાની અને નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની પણ આશંકા છે. વાવાઝોડાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને દરિયાકાંઠાના વિસ્તારોમાં રહેતા લોકોને સાવચેત રહેવા સૂચના આપવામાં આવી છે. માછીમારોને દરિયો ન ખેડવા અને દરિયામાં ગયેલા લોકોને સુરક્ષિત રીતે પરત ફરવા અપીલ કરવામાં આવી છે. સ્થાનિક તંત્રને પણ સંભવિત પરિસ્થિતિને પહોંચી વળવા તૈયાર રહેવા જણાવાયું છે. આ વાવાઝોડાની અસર માત્ર દરિયાકાંઠાના રાજ્યો પૂરતી મર્યાદિત રહેવાની નથી. હવામાન વિભાગના અનુમાન મુજબ, ૨૦ અને ૨૧ નવેમ્બરના રોજ ઝારખંડ સહિત પૂર્વોત્તર ભારતના કેટલાક રાજ્યોમાં ભારે વરસાદ અને પવન ફૂંકાવાની શક્યતા છે.

## ટ્રમ્પ સાથેની મહત્વપૂર્ણ ત્રિપક્ષીય વાટાઘાટો પહેલાં

# જિનપિંગ અને રશિયાના પુતિનની મુલાકાત

(જી.એન.એસ) તા. ૧૮

શેનઝેન, ચીનના શી જિનપિંગ અને રશિયાના વ્લાદિમીર પુતિને બુધવારે શેનઝેનમાં મુલાકાત કરી હતી. આ મુલાકાત 'એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન' (છઈઝ) સમિટ દરમિયાન ડોનાલ્ડ ટ્રમ્પ સાથે થનારી તેમની ઐતિહાસિક ત્રિપક્ષીય બેઠકના એક દિવસ પહેલા યોજાઈ હતી.



બંને નેતાઓ વચ્ચે શું ચર્ચા થઈ તે અંગે કોઈ સત્તાવાર નિવેદન બહાર પાડવામાં આવ્યું નથી, પરંતુ એવી શક્યતા છે કે ઈરાન યુદ્ધ અને યુક્રેન સંઘર્ષને કારણે ઊભી થયેલી અનિશ્ચિતતાના માહોલમાં, તેમણે વર્તમાન વૈશ્વિક પરિસ્થિતિ અંગે વિચાર-વિમર્શ કર્યો હશે.

આ બેઠક મહત્વપૂર્ણ છે કારણ કે ચીન અને રશિયા બંનેએ મધ્ય પૂર્વમાં ઈરાન વિરુદ્ધ અમેરિકાના સૈન્ય અભિયાનની ટીકા કરી છે.

રશિયાએ તેનો વિરોધ વ્યક્ત કરવા માટે મુખ્યત્વે રાજદ્વારી અભિગમ અપનાવ્યો છે, જ્યારે ચીને આ સંઘર્ષને લઈને અમેરિકાની વધુ સ્પષ્ટ અને આકરા શબ્દોમાં ટીકા કરી છે. આ પૃષ્ઠભૂમિમાં, એ લગભગ નિશ્ચિત છે કે ગુરુવારે જ્યારે ત્રણેય નેતાઓ મળશે, ત્યારે ઈરાન અંગે ચોક્કસપણે ચર્ચા થશે.

જોકે, તેઓ યુક્રેન યુદ્ધ અંગે વાતચીત કરશે કે કેમ તે અંગે સ્પષ્ટતા નથી. વ્હાઈટ હાઉસના અધિકારીઓએ યુક્રેન અંગેની ચર્ચાનો ઈનકાર કર્યો હતો અને જણાવ્યું હતું કે ચીન શાંતિ વાટાઘાટોનો ભાગ નથી. પરંતુ ટ્રમ્પે કહ્યું છે કે જ્યારે તેઓ શી અને પુતિનને મળશે, ત્યારે યુરોપમાં ચાલી રહેલા સંઘર્ષ પર ચર્ચા કરવામાં આવશે.

શી જિનપિંગે 'વધુ સહકાર' પર ભાર મૂક્યો; પુતિનને ત્રિપક્ષીય બેઠકથી આશા

છઈઝ સમિટ શરૂ થાય તે પહેલાં, શી જિનપિંગે મુક્ત વેપાર અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (છૈં) ક્ષેત્રે વધુ આંતરરાષ્ટ્રીય સહકારની હાકલ કરી હતી. તેમણે કહ્યું હતું કે, "ટેરિફ (આયાત શુલ્ક) ઘટાડવા, બજાર સુધી પહોંચ વિસ્તારવા અને નિયમનો તથા વ્યવસ્થાપન ધોરણોની સમીક્ષા કરવા જેવી બાબતો દ્વારા ચીન ઊંડા સુધારાઓ હાથ ધરશે."

# કુલગામમાં CRPF ચોકી પર હુમલાનો માસ્ટરમાઈન્ડ ઠાર

(સંપૂર્ણ સમાચાર સેવા)
શ્રીનગર, તા.૧૮ : જમ્મુ-કાશ્મીરના કુલગામ જિલ્લામાં સુરક્ષાદળોને મોટી સફળતા મળી છે. દક્ષિણ કાશ્મીરના જંગલપોરા વિસ્તારમાં સુરક્ષાદળો સાથેની અથડામણમાં લશ્કર-એ-તૈયબાનો કમાન્ડર મોહમ્મદ લતીફ ભટ ઠાર થયો છે. ૧૧ નવેમ્બરે કુલગામના મીર બજાર નજીક CRPF ચોકી પર થયેલા હુમલાનો તે મુખ્ય સૂત્રધાર હોવાનું પોલીસનું કહેવું છે. આ હુમલામાં ત્રણ CRPF જવાનો ઘાયલ થયા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, પોલીસને બાતમી મળી હતી કે લતીફ ભટ જંગલપોરા વિસ્તારમાં છુપાયેલો છે. આ બાતમીના આધારે સુરક્ષાદળોએ સમગ્ર વિસ્તારને ઘેરી લઈને સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. દરમિયાન લતીફ એક મસ્જિદમાં છુપાઈ ગયો હોવાનું સામે આવ્યું હતું. સુરક્ષાદળોએ તેને આત્મસમર્પણ કરવાની તક આપી હતી, પરંતુ તેણે હથિયાર મૂકવાનો ઈનકાર કર્યો હતો. અંતે થયેલી અથડામણમાં તે માર્યો ગયો હતો.

કુલગામના SSP અનાયત અલીના જણાવ્યા અનુસાર, તેમણે પોતે લતીફ ભટ સાથે લાંબી વીડિયો કોલ પર વાત કરી હતી. તેને હથિયાર નીચે મૂકીને આત્મસમર્પણ કરવા સમજાવવામાં આવ્યો હતો. જો તે આત્મસમર્પણ કરે તો તેનો જીવ બચાવવામાં આવશે તેવી ખાતરી પણ આપવામાં આવી હતી. જોકે, લતીફે આ તક સ્વીકારી નહોતી.

પોલીસના જણાવ્યા અનુસાર, રાત્રે આશરે ૨.૪૫ વાગ્યે લતીફે મસ્જિદમાં પ્રવેશ કર્યા બાદ ફાયરિંગ શરૂ કર્યું હતું. તેને બહાર લાવવા માટે સુરક્ષાદળોએ ટિયર ગેસના શેલ છોડ્યા હતા. ત્યારબાદ તે મસ્જિદની બહાર આવતાં સુરક્ષાદળોની કાર્યવાહીમાં માર્યો ગયો હતો.

# રાજધાનીમાં શ્રી દક્ષિણ દિલ્હી ગુજરાતી મંડળનો ભવ્ય સ્નેહમિલન સમારોહ યોજાયો



(દમણગંગા ટાઈમ્સ)
**વાપી, તા. ૧૮ :** શ્રી દક્ષિણ દિલ્હી ગુજરાતી મંડળ (રજિ.) દ્વારા ગુજરાતી નૂતન વર્ષ વિક્રમ સંવત ૨૦૮૩ના ઉમંગભેર સ્વાગતાર્થે રવિવારે રાજધાનીમાં સરદાર પટેલ વિદ્યાલય -ંગણમાં સ્નેહમિલન સમારોહ યોજાયો. જાણીતા સાહિત્યકાર તથા સામાજિક અગ્રણી તથા રાષ્ટ્રીય અનુસૂચિત જાતિ આયોગના અધ્યક્ષશ્રી કિશોરભાઈ મકવાણા કાર્યક્રમના મુખ્ય મહેમાન હતા. માહિતી અને -સારણ મંત્રાલયના ડાયરેક્ટર જનરલ ડો. ધીરજ કાકડિયા, ઈસ્ટ દિલ્હી જિલ્લા મેજિસ્ટ્રેટ કરનજીત વડોદરિયા, માહિતી અને -સારણ મંત્રીના અંગત સચિવ કંદર્પ પટેલ તથા ગુજરાત ભવનના વહીવટી અધિકારી ધવલ શ્રીમાળીએ વિશેષ ઉપસ્થિતિ આપી હતી. આ અવસરે મંડળની -વૃત્તિઓમાં અનન્ય યોગદાન આપનાર સ્વ. -દીપભાઈ કપાસીને મરણોત્તર 'સ્મૃતિ-શેષ કાર્યકર્તા સન્માન' અર્પણ કરી મંડળ -ત્યેના તેમના સમર્પણ, નિષ્ઠા અને સેવાભાવ બિરદાવાયો હતો. 'વડીલ વંદના' અંતર્ગત પદ્મભૂષણ ને. કિરીટભાઈ પારેખ, ને. જ્યોતિબેન પારેખ, ડો. બિંદુબેન પરીખ -સાદ, શ્રી અનિલભાઈ અજમેરા, શ્રીમતી કલાવતીબેન અને શ્રીમતી શરદબેન લાડને શાલ અને સન્માનપત્ર અર્પણ કરી બહુમાન કરાયું હતું.

રાજધાનીમાં સામાજિક અને સાંસ્કૃતિક -વૃત્તિઓમાં સક્રિય અગ્રણી શુભચિંતકો સર્વશ્રી ડૉ. ઋષિ રાજ, ભાગ્યેન્દ્ર પટેલ, વિભુભાઈ જોશી અને બિંદુબેન જોશી તથા લક્ષ્મીબેન ભંડારીનું વિશેષ સન્માન કરાયું. 'સ્નેહ મિલન'ના યજમાન ગુજરાત વિહારના શ્રી રાજકુમાર રાવલ અને શ્રીમતી રીટાબેન રાવલ, કીર્તિ નગરના શ્રી કાંતિભાઈ અને શ્રીમતી કલ્પનાબેન પટેલ, ચિતરંજન પાર્કના શ્રીમતી મોનિકાબેન અને શ્રી કે.ડી. શાહ તથા ઈસ્ટ ઑફ કૈલાશનાં શ્રીમતી દિનાબેન પરમારનું પણ સન્માન કરાયું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી દક્ષિણ દિલ્હી ગુજરાતી મંડળના માનદ્ મંત્રીશ્રી વિજય પંચાલે કર્યું હતું. મંડળનાં માનદ્ -મુખ શ્રીમતી સચિનાબેન પટેલે ઉપસ્થિત મહાનુભાવો, સમાજના વડીલો, શુભચિંતકો, યજમાન પરિવારો, કાર્યક્રમ માટે પરિસર ઉપલબ્ધ કરાવવા માટે ગુજરાત એજ્યુકેશન સોસાયટીનો અને મંડળના તમામ સભ્યોનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ સ્નેહમિલન સમારોહ દિલ્હીના ગુજરાતી સમુદાયમાં પરસ્પર સ્નેહ, એકતા, સંસ્કૃતિ અને સામાજિક જવાબદારીની ભાવનાને વધુ મજબૂત કરવાનો સંદેશ આપનારો બની રહ્યો.

# વૈશ્વિક અર્થતંત્ર 'એઆઈના એક જ પગ' પર ઊભું છે : આઈએમએફ ચીફ

(સંપૂર્ણ સમાચાર સેવા)
મનિલા, તા.૧૮

વિશ્વનું અર્થતંત્ર હાલમાં એઆઈ ક્ષેત્રના જોરે આગળ વધી રહ્યું છે, પરંતુ આ ક્ષેત્ર પરની અતિશય નિર્ભરતા વૈશ્વિક નાણાકીય સ્થિરતા માટે જોખમ ઊભું કરી શકે છે. આઈએમએફના અંદાજ પ્રમાણે એઆઈ કંપનીઓ વચ્ચેનું સર્ક્યુલર ફાઈનાન્સિંગ વધીને એક ટ્રિલિયન ડોલરથી વધારે થઈ ગયું છે. એઆઈમાં ઝડપથી વૃદ્ધિ પામતા રોકાણે વિશ્વના અર્થતંત્રોને નવી ઝડપ પૂરી પાડી છે. પણ આ ક્ષેત્ર પર વધતી નિર્ભરતા હવે નાણાકીય સ્થિરતા માટે જોખમ બની શકે છે તેમ આઈએમએફના ચીફ જ્યોર્જિવાએ ચેતવણી આપી છે. આંતરરાષ્ટ્રીય નાણા ભંડોળ (આઈએમએફ)ની એમડી ક્રિસ્ટાલિના જ્યોર્જિવાએ કહ્યું કે જો એઆઈ સેક્ટરમાં રોકાણકારોનો ભરોસો અચાનક ડગમગ્યો કે નબળો પડ્યો તો તેમા કડાકો બોલી શકે છે. આ સંજોગોમાં વિશ્વસ્તરની આર્થિક વૃદ્ધિ પર અસર પડી શકે છે અને વિશ્વના બજારોમાં અસ્થિરતા વધી શકે છે. ફિલિપાઈન્સમાં એસોસિયેશન ઓફ સાઉથ ઈસ્ટ એશિયન નેશન્સ (આસિયાન)ના શિખર સમેલન દરમિયાન જ્યોર્જિવાએ જણાવ્યું હતું કે હાલમાં વિશ્વભરના અર્થતંત્રો જાણે એઆઈના સહારે ઊભા હોય તેવી સ્થિતિ છે, જ્યારે સામાન્ય સંજોગોમાં આવું ન હોય. શરીરનો બધો જ ભાર એક જ પગ પર તો હોય તો શું સ્થિતિ થાય. બસ આવી જ સ્થિતિ હાલમાં વૈશ્વિક અર્થતંત્રોની છે. બધા એક જ લાકડીના આધારે ટકેલા છે.

# ટ્રમ્પ ચીન પહોંચ્યા, જિનપિંગે સ્વાગત કર્યું

(સંપૂર્ણ સમાચાર સેવા)
બેઇજિંગ, તા.૧૮ : અમેરિકા અને ચીન વચ્ચેના રાજદ્વારી સંબંધોની દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ ગણાતી મુલાકાત દરમિયાન અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ બુધવારે ચીન પહોંચ્યા હતા. એશિયા-પેસિફિક ઈકોનોમિક કોઓપરેશન (APEC) સમિટમાં ભાગ લેવા આવેલા ટ્રમ્પનું દક્ષિણ ચીનના શેનઝેન એરપોર્ટ પર ચીનના રાષ્ટ્રપતિ શી જિનપિંગે સ્વાગત કર્યું હતું. બંને દેશોના રાષ્ટ્રાધ્યક્ષોની આ મુલાકાત પર આંતરરાષ્ટ્રીય સમુદાયની નજર મંડાયેલી છે.



ટ્રમ્પની ચીન મુલાકાત દરમિયાન રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન સાથે ત્રિપક્ષીય બેઠક યોજાવાની શક્યતા અંગે પણ ચર્ચા થઈ રહી છે. ટ્રમ્પે પરમાણુ હથિયારો પર નિયંત્રણ અને યુક્રેનમાં ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા જેવા મુદ્દાઓ પર ચર્ચા કરવાની ઈચ્છા વ્યક્ત કરી છે. જોકે, ટ્રમ્પના કેટલાક સહયોગીઓએ અગાઉ સ્પષ્ટ કર્યું હતું કે સંભવિત ત્રિપક્ષીય બેઠકના એજન્ડામાં યુક્રેન યુદ્ધનો સમાવેશ નહીં થાય.

ટ્રમ્પે મંગળવારે આશાવાદ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે રશિયા-યુક્રેન યુદ્ધનો ઉકેલ લાવવા માટે કરારની શક્યતા ઊભી થઈ છે. તેમણે કહ્યું હતું કે બંને પક્ષો વચ્ચે સમજૂતીની દિશામાં પ્રગતિ થઈ શકે છે અને આ અંગે મહત્વપૂર્ણ બેઠક યોજાવાની છે. ચીન પ્રવાસ દરમિયાન ઉત્તર કોરિયાના નેતા કિમ જોંગ ઉન સાથે અલગ બેઠક યોજવાની સંભાવના અંગે પણ ટ્રમ્પે સંકેત આપ્યો હતો.

# દેશના ૪૦ ટકા પ્રદૂષણ માટે હું જવાબદાર : ગડકરી

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : દેશમાં સતત વધી રહેલા પ્રદૂષણ વચ્ચે કેન્દ્રીય માર્ગ પરિવહન અને રાજમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ એક મહત્ત્વપૂર્ણ નિવેદન આપ્યું છે. તેમણે દેશના પ્રદૂષણમાં વાહનોનો હિસ્સો આશરે ૪૦ટકા હોવાનો ઉલ્લેખ કરતાં પોતાના મંત્રાલયની જવાબદારી પણ સ્વીકારી હતી. રસ્તાઓ અને હાઈવેના વિસ્તરણ સાથે વાહનોની સંખ્યામાં થયેલા વધારાને કારણે પર્યાવરણ સામે નવા પડકારો ઊભા થયા હોવાનું તેમણે જણાવ્યું હતું.

ગડકરીના જણાવ્યા અનુસાર, દેશમાં માર્ગ પરિવહન અને માળખાકીય સુવિધાઓનો ઝડપથી વિકાસ થયો છે. જોકે, તેની સાથે વાહનોનો ઉપયોગ પણ વધ્યો છે, જે હવાના પ્રદૂષણનું એક મહત્ત્વપૂર્ણ કારણ બન્યું છે. આ સમસ્યાના ઉકેલ માટે પેટ્રોલ અને ડીઝલ પરની નિર્ભરતા ઘટાડીને વૈકલ્પિક ઈંધણ તરફ આગળ વધવાની જરૂરિયાત તેમણે વ્યક્ત કરી હતી.

કેન્દ્રીય મંત્રીએ પરંપરાગત ઈંધણના વિકલ્પ તરીકે ઈથેનોલ અને બાયોફ્યુઅલના ઉપયોગને પ્રોત્સાહન આપવાની વાત કરી હતી. તેમના મતે, દેશમાં પ્રદૂષણ ઘટાડવા માટે સ્વચ્છ ઈંધણનો ઉપયોગ વધારવો જરૂરી છે. ઈથેનોલ આધારિત ઈંધણ અને અન્ય વૈકલ્પિક ઊર્જા સ્ત્રોતો અપનાવવાથી પેટ્રોલ-ડીઝલ પરની નિર્ભરતા ઘટાડવામાં મદદ મળી શકે છે. તેમણે પરિવહન ક્ષેત્રમાં પર્યાવરણને અનુકૂળ ટેકનોલોજી અપનાવવા અને હરિત ઊર્જાના ઉપયોગને વેગ આપવાની જરૂરિયાત પર પણ ભાર મૂક્યો હતો.

# રાફેલ ડીલ છતાં ભારતને નહીં મળે સંપૂર્ણ ટેક્નોલોજી ટ્રાન્સફર

(સંપૂર્ણ સમાચાર સેવા)
નવી દિલ્હી, તા.૧૮ : ભારતીય વાયુસેનાની તાકાત વધારવા માટે ૧૧૪ રાફેલ ફાઇટર જેટ ખરીદવાની ભારતની તૈયારી વચ્ચે ટેક્નોલોજી ટ્રાન્સફરનો મુદ્દો ચર્ચામાં આવ્યો છે. અંદાજે ૩૫થી ૪૦ અબજ ડૉલરની આ સંભવિત ડીલમાં ફ્રાન્સ સંપૂર્ણ ટેક્નોલોજી ટ્રાન્સફર આપવા તૈયાર ન હોવાનું અહેવાલોમાં જણાવાયું છે. પરિણામે ભારતમાં વિમાનોનું ઉત્પાદન અને એસેમ્બલી થશે, પરંતુ તેની કેટલીક અત્યંત મહત્ત્વપૂર્ણ ટેક્નોલોજી ફ્રાન્સના નિયંત્રણ હેઠળ જ રહેશે. અહેવાલો અનુસાર, રાફેલ વિમાનની મુખ્ય કંટ્રોલ સિસ્ટમ, સોફ્ટવેર અને સંવેદનશીલ ટેક્નોલોજી ભારતને સોંપવા અંગે ફ્રાન્સે મર્યાદિત વલણ અપનાવ્યું છે. ખાસ કરીને વિમાનનો સોર્સ કોડ ભારતને આપવામાં આવે તેવી શક્યતા ઓછી છે. જોકે, ભારતીય વાયુસેના પોતાની મિસાઇલોને વિમાન સાથે જોડવા માટે જરૂરી ઇન્ટિગ્રેશનની સુવિધા મેળવી શકે છે. ડસોલ્ટ એવિએશન અને ટાટા એડવાન્સ્ડ સિસ્ટમ્સ વચ્ચેના સહયોગ હેઠળ હૈદરાબાદમાં રાફેલ વિમાનના વિવિધ માળખાકીય ભાગોનું ઉત્પાદન કરવાની યોજના છે. તેમાં સેન્ટ્રલ ફ્યુઝલેજ, આગળનો અને પાછળનો ભાગ તથા સાઇડ પેનલ્સનો સમાવેશ થાય છે. આ ઉત્પાદન ૨૦૨૮ના નાણાકીય વર્ષથી શરૂ કરવાની યોજના દર્શાવવામાં આવી છે. જોકે, આ તમામ ભાગોનું ઉત્પાદન ડસોલ્ટની ડિઝાઇન અને ટેક્નિકલ માર્ગદર્શન હેઠળ થશે. રાફેલમાં ઉપયોગમાં લેવાતા ૨૮૮ એન્જિનના મામલે પણ ફ્રાન્સ ટેક્નોલોજી ટ્રાન્સફર અંગે સાવચેતી રાખી રહ્યું છે. એન્જિનના અત્યંત મહત્ત્વપૂર્ણ અને સંવેદનશીલ પાર્ટ્સનું ઉત્પાદન ફ્રાન્સમાં જ રાખવાની નીતિ હોવાનું અહેવાલોમાં જણાવાયું છે.

# અન્ય સમાચારો

## દિવાળીમાં ગુજરાતના પ્રવાસન સ્થળો પર ૩૮ લાખથી વધુ મુલાકાતીઓ

**ગત વર્ષની સરખામણીએ દ્વારકામાં ૧૨૮ ટકા, નડાબેટમાં ૫૪ ટકા, અંબાજી ખાતે ૪૮ ટકાથી અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૩૨.૩૫ ટકા પ્રવાસીઓનો વધારો**

(દમણગંગા ટાઇમ્સ)

અમદાવાદ, તા. ૧૮ : દિવાળીના પવિત્ર તહેવારો દરમિયાન ગુજરાતના પ્રવાસન સ્થળો અને યાત્રાધામો દેશ-વિદેશના પ્રવાસીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. રાજ્યના દ્વારકા, નડાબેટ, અંબાજી, સોમનાથ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી સહિતના ૮ મુખ્ય પ્રવાસન અને ધાર્મિક સ્થળોની ૩૮ લાખથી વધુ સ્થાનિક તેમજ દેશ-વિદેશના પ્રવાસીઓએ મુલાકાત લીધી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શન તેમજ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીના નેતૃત્વમાં રાજ્યના પ્રવાસન વિભાગ દ્વારા યાત્રાધામો અને પ્રવાસન સ્થળો પર વિકસાવવામાં આવેલી અદ્યતન સુવિધાઓ અને પ્રવાસીલક્ષી આયોજનોને પરિણામે આ નોંધપાત્ર સફળતા મળી છે.

વર્ષ ૨૦૨૫ના દિવાળીના ૯ દિવસના સમયગાળાની સરખામણીમાં ચાલુ વર્ષે તા.૬ થી ૧૪ નવેમ્બર, ૨૦૨૬ દરમિયાન રાજ્યના આ આઠ ઐતિહાસિક, ધાર્મિક અને પ્રવાસન સ્થળોએ મુલાકાતીઓની સંખ્યામાં વ્યાપક ઉછાળો નોંધાયો છે.

રાજ્યના આ આઠ મુખ્ય સ્થળો પર નોંધાયેલા પ્રવાસીઓના આંકડા મુજબ, સૌથી વધુ વૃદ્ધિ યાત્રાધામ દ્વારકા ખાતે જોવા મળી છે. દ્વારકા મંદિર ખાતે સૌથી વધુ ૯.૭૫ લાખ એટલે કે ૧૨૮.૮ ટકા, નડાબેટ ખાતે ૩૭ હજારથી વધુ એટલે કે ૫૪.૧ ટકા, અંબાજી મંદિર- ગબ્બર હિલ અને રોપ-વે ખાતે ૧૧.૯૫ લાખથી વધુ એટલે કે ૪૮.૯ ટકા અને સોમનાથ મંદિર ખાતે ૯.૧૨ લાખથી વધુ એટલે કે ૪૩.૯ ટકાનો વધારો નોંધાયો છે. આ ઉપરાંત, સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે ૫.૫૭ લાખથી વધુ એટલે કે ૩૨.૩૫ ટકા, ગિરનાર રોપ-વે ખાતે ૪૮,૮૦૦થી વધુ એટલે કે ૨૫.૩ ટકા, વડનગર ખાતે ૬૨ હજારથી વધુ અને સ્મૃતિવન મેમોરિયલ, ભુજ ખાતે ૨૫ હજારથી વધુ મુલાકાતીઓની સંખ્યામાં વધારો થયો છે.રાજ્ય સરકાર દ્વારા પ્રવાસન માળખાકીય સુવિધાઓના સતત વધારા અને સુવ્યવસ્થિત વ્યવસ્થાપનને કારણે ગુજરાતના તમામ મુખ્ય પ્રવાસન અને યાત્રાધામો પર પ્રવાસીઓના ફૂટફોલમાં ઐતિહાસિક વૃદ્ધિ નોંધાઈ છે, જેણે રાજ્યના પ્રવાસન ક્ષેત્રે એક નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે.

## ગિરનારમાં ૨૦ થી ૨૪ નવેમ્બર લીલી પરિક્રમા યોજાશે

**૪૫૦ એસ.ટી. બસ, ૧૧ દવાખાના, ૨,૫૦૦થી વધુ શૌચાલય, અવિરત પાણી-વીજળી અને ૨,૨૦૦થી વધુ સુરક્ષાકર્મીઓ તૈનાત : જિલ્લા કલેકટર**

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૮ : પવિત્ર લીલી પરિક્રમા-૨૦૨૬નો આગામી ૨૦મીથી ૨૪મી, નવેમ્બર દરમિયાન જૂનાગઢના ગિરનાર ખાતે ભવ્ય પ્રારંભ થવા જઈ રહ્યો છે. આ વર્ષે લાખોની સંખ્યામાં આવનાર ભાવિકોના ઉત્સાહને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારના માર્ગદર્શન હેઠળ સ્થાનિક વહીવટી તંત્ર દ્વારા અભૂતપૂર્વ તૈયારીઓ કરવામાં આવી છે. માર્ગ-મકાન વિભાગ અને વન વિભાગના સંકલનથી જંગલ રૂટ પર ૨૦ સ્થળોએ ડી.જી. સેટ સાથે હંગામી સિક્યુરિટી લાઈટિંગ અને હિંસક પ્રાણીઓની અવરજવરવાળા વિસ્તારોમાં વિશેષ પ્રકાશની વ્યવસ્થા કરવામાં આવી છે. પ્રથમ વખત માળવેલા ઘોડીની ટોચ પર ડી.જી. સેટ મુકાશે. જાંબુડી નાકા ફોરેસ્ટ ઓફિસ સામે ઈમરજન્સી ટ્રબલશૂટિંગ કેમ્પ કાર્યરત રહેશે. યાત્રિકોની ભોજન વ્યવસ્થા માટે વન વિભાગ દ્વારા ૭૦ જેટલી નાની-મોટી સંસ્થાઓને પ્રસાદ, અન્નક્ષેત્ર અને સદાવ્રત ચલાવવાની મંજૂરી આપવામાં આવી છે. દરમ્યાનમાં વન અને પર્યાવરણ મંત્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ શ્રદ્ધાળુઓને ગિરનાર લીલી પરિક્રમાની શુભકામનાઓ પાઠવતા પ્રકૃતિનું જતન કરવા અને સુરક્ષાના નિયમોનું પાલન કરવા અપીલ કરી છે. અગાઉના વર્ષોના આંકડાઓ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૨માં ૧૨.૧૯ લાખ, વર્ષ ૨૦૨૩માં ૧૬.૨૫ લાખ અને વર્ષ ૨૦૨૪માં ૭.૮૪ લાખ અંદાજિત યાત્રિકોએ પરિક્રમાનો લાભ લીધો હતો. જ્યારે વર્ષ ૨૦૨૫માં પરિક્રમાના સમય દરમિયાન વરસાદ પડવાને કારણે તેનું આયોજન થઈ શક્યું ન હતું. પરિક્રમા દરમિયાન યાત્રિકો કોઈપણ અગવડતા વિના નિર્વિઘ્ને અને સુરક્ષિત રીતે આ પવિત્ર યાત્રા પૂર્ણ કરી શકે તે હેતુથી જિલ્લા કલેકટર યોગેશ ચૌધરીના અધ્યક્ષ સ્થાને વહીવટી તંત્રની એક મહત્વપૂર્ણ સમીક્ષા બેઠક યોજાઈ હતી.

જેમાં નક્કી થયા મુજબ, શ્રદ્ધાળુઓ માટે સુરક્ષા, પીવાના પાણી, વીજળી, આરોગ્ય, સ્વચ્છતા અને પરિવહન સહિતની તમામ પાયાની સુવિધાઓ સુનિશ્ચિત કરવા માટે તંત્રને સંપૂર્ણપણે સજ્જ કરવામાં આવ્યું છે. ૨૦મી, નવેમ્બરની મધ્યરાત્રીએ પરિક્રમાનો વિધિવત પ્રારંભ થશે. આ વર્ષે પરિક્રમા રૂટના સૌથી ઊંચા અને કઠિન ગણાતા નળ પાણીની ઘોડી વિસ્તાર સહિત સમગ્ર માર્ગ પર પીવાના પાણીની કોઈ અછત ન રહે તે માટે વિશેષ આયોજન કરવામાં આવ્યું છે. વન વિભાગ દ્વારા રૂટની મરામત, વિવિધ સ્થળોએ રાવટીઓ અને ૪૨૫થી વધુ વનકર્મીઓને ફરજ સોંપવામાં આવી છે.

## મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરના પ્રથમ સેક્શનમાં વીજળી પુરવઠો શરૂ કરાશે

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૮ : મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત સુરત અને બીલીમોરા વચ્ચેના પ્રથમ સેક્શનમાં ૨૦ નવેમ્બર ૨૦૨૬થી ઓવરહેડ ઈક્વિપમેન્ટ (ઓએટઈ) સિસ્ટમને વીજળીથી સક્રિય (Energise) કરવામાં આવશે. આ પ્રોજેક્ટની પ્રગતિમાં એક મહત્ત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ સાબિત થશે. મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેન કોરિડોરમાં આધુનિક ૨ થ ૨૫ kV ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

સુરત અને બીલીમોરા વચ્ચેના આશરે ૫૦ કિલોમીટર લાંબા આ સેક્શનમાં એલિવેટેડ ટ્રેક પર અપ અને ડાઉન એમ બંને લાઇનોનો સમાવેશ થાય છે. ૫૦૮ કિલોમીટર લાંબા આ કોરિડોરમાં વીજળી પુરવઠા માટે ૧૪ ટ્રેક્શન સબ-સ્ટેશન (TSS) બનાવવામાં આવી રહ્યાં છે. આ સબ-સ્ટેશન ગ્રીડમાંથી વીજળી મેળવશે અને તેને ઓવરહેડ ટ્રેક્શન સિસ્ટમ સુધી પહોંચાડશે. સમગ્ર વીજ પુરવઠા પ્રણાલીનું મોનિટરિંગ એક કેન્દ્રીયકૃત નિયંત્રણ કેન્દ્ર દ્વારા કરવામાં આવશે, જેથી સુરક્ષિત અને અવિરત કામગીરી સુનિશ્ચિત કરી શકાય.

ઓવરહેડ વીજળી પ્રણાલીને સક્રિય કર્યા બાદ સંબંધિત સેક્શનમાં લગાવવામાં આવેલા વીજળીના તાર હંમેશાં વીજપ્રવાહિત રહેશે.

સામાન્ય જનતા, ખાસ કરીને કોરિડોરની આસપાસ રહેતા રહેવાસીઓ, મુસાફરો, બાંધકામ કાર્યમાં જોડાયેલા શ્રમિકો અને અન્ય તમામ લોકોને વીજળીના તાર અને સંબંધિત વિદ્યુત ઉપકરણોથી દૂર રહે, તેમને સ્પર્શ કરવાનો પ્રયાસ ન કરે અને તેમની આસપાસ કોઈપણ પ્રકારનું અનધિકૃત કાર્ય ન કરે તેવી કડક સલાહ આપવામાં આવે છે.

## ગુજરાતમાં બે દિવસ બાદ ઠંડીનો ચમકારો

(સંપૂર્ણ સમાચાર સેવા)

અમદાવાદ, તા.૧૮ : ગુજરાતમાં શિયાળાની શરૂઆત વચ્ચે આગામી દિવસોમાં ઠંડીનું પ્રમાણ વધવાની આગાહી કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી બે દિવસ બાદ રાજ્યમાં ઉત્તર-પૂર્વીય પવનોનું જોર વધતાં લઘુતમ તાપમાનમાં ૨થી ૩ ડિગ્રી સેલ્સિયસ સુધીનો ઘટાડો થઈ શકે છે. ખાસ કરીને વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડીનો અનુભવ વધશે. અમદાવાદમાં પણ લઘુતમ તાપમાન ઘટીને ૧૭ ડિગ્રી સુધી પહોંચવાની શક્યતા છે.

હાલ રાજ્યમાં ઠંડીની શરૂઆત થઈ હોવા છતાં દિવસ દરમિયાન ગરમીનો અહેસાસ યથાવત છે. હવામાન વિભાગના આંકડા મુજબ, અમદાવાદમાં લઘુતમ તાપમાન ૨૦.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે, જે સામાન્ય કરતાં ૩.૮ ડિગ્રી વધુ છે. જોકે, આગામી દિવસોમાં પવનની દિશામાં ફેરફાર થતાં તાપમાનમાં ઘટાડો થવાની શક્યતા છે.

રાજ્યના વિવિધ વિસ્તારોમાં ધીમે-ધીમે ઠંડીનો ચમકારો અનુભવાઈ રહ્યો છે. હાલમાં ૧૮.૯ ડિગ્રી સેલ્સિયસ લઘુતમ તાપમાન સાથે ડીસા રાજ્યનું સૌથી ઠંડું શહેર નોંધાયું છે. રાજ્યનાં પાંચ જેટલાં મુખ્ય શહેરોમાં લઘુતમ તાપમાન ૨૦ ડિગ્રીથી નીચે પહોંચ્યું છે. વહેલી સવારે અને મોડી રાત્રે ઠંડકનો અનુભવ થઈ રહ્યો છે, જ્યારે બપોરના સમયે તાપમાન ઊંચું રહેતાં લોકોને બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. જોકે, ઉત્તર-પૂર્વીય પવનોની શરૂઆત બાદ રાત્રિના તાપમાનમાં વધુ ઘટાડો થવાની સંભાવના છે.

હવામાનની બદલાતી સ્થિતિ અને અલ નીનોની સંભવિત અસરોને કારણે ચાલુ વર્ષે શિયાળાની શરૂઆતમાં વિલંબ જોવા મળી રહ્યો હોવાનો અહેવાલમાં ઉલ્લેખ છે. જોકે, આગામી દિવસોમાં ઉત્તર-પૂર્વીય દિશામાંથી ફૂંકાનારા શુષ્ક પવનો ઠંડી વધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. તાપમાનમાં ઘટાડો થતાં વહેલી સવારે બહાર નીકળતા લોકો, બાળકો અને વૃદ્ધોએ ખાસ સાવચેતી રાખવાની જરૂર છે. ખાસ કરીને રાત્રિના સમયે હળવા ગરમ કપડાં પહેરવા અને બદલાતા વાતાવરણમાં સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું જરૂરી બનશે.

## ગુજરાત બોર્ડની શાળામાં વાર્ષિક અહેવાલ ઓનલાઈન ભરવાની મુદતમાં વધારો

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૮ : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા માન્યતા પ્રાપ્ત રાજ્યની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલકો, આચાર્યો, શિક્ષકો અને વહીવટી કર્મચારીઓ માટે એક મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન સબમિટ કરવાની સમયમર્યાદા લંબાવવામાં આવી છે. અગાઉ આ અહેવાલ ઓનલાઈન ભરવા માટેની અંતિમ તારીખ ૧૭/૧૧/૨૦૨૬ નક્કી કરવામાં આવી હતી, જેને હવે લંબાવીને આગામી તા. ૦૩/૧૨/૨૦૨૬ સુધી કરવામાં આવી છે.

બોર્ડ દ્વારા જારી કરાયેલ અખબારી યાદી અનુસાર, રાજ્યની તમામ શાળાઓએ બોર્ડની અધિકૃત વેબસાઈટ www.gseb.org અથવા ir.gseb.org પર જઈને પોતપોતાની શાળાના ઈન્ડેક્ષ નંબર અને પાસવર્ડનો ઉપયોગ કરીને શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટેનો વાર્ષિક નિરીક્ષણ અહેવાલ સમયસર ભરી દેવાનો રહેશે.

વાર્ષિક નિરીક્ષણ અહેવાલ ઓનલાઈન ભરવા અંગેની વિગતવાર સૂચનાઓ બોર્ડની વેબસાઈટ પર ઉપલબ્ધ કરાવવામાં આવી છે.

## જામનગર આપના પદાધિકારીઓ અને કોર્પોરેશનના ઉમેદવારો કોંગ્રેસમાં જોડાયા

(દમણગંગા ટાઇમ્સ પ્રતિનિધિ)

અમદાવાદ, તા. ૧૮ : અમદાવાદ સ્થિત રાજીવ ગાંધી ભવન ખાતે આયોજિત એક વિશેષ કાર્યક્રમમાં આમ આદમી પાર્ટી (આપ)ના જામનગર સંગઠન તથા રાજ્ય કક્ષાના વરિષ્ઠ હોદેદારો અને જામનગર મહાનગરપાલિકાના ઉમેદવારોએ કોંગ્રેસ પક્ષમાં પ્રવેશ કર્યો છે. પ્રદેશ કોંગ્રેસના નેતૃત્વએ પરંપરાગત તિરંગો ખેસ પહેરાવીને આ તમામ આગેવાનોને પક્ષમાં આવકાર્યા હતા.

કોંગ્રેસ પક્ષની સત્તાવાર યાદી મુજબ, અખિલ ભારતીય કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને ગુજરાત પ્રભારી સાંસદ રણદિપસિંહ સુરજેવાલા, પ્રદેશ પ્રમુખ અમિત ચાવડા અને વિધાનસભા વિરોધ પક્ષના નેતા ડૉ. તુષાર ચૌધરીની મુખ્ય હાજરીમાં આ પક્ષપલટો થયો હતો. આ પ્રસંગે એ.આઈ.સી.સી. સહપ્રભારી રામકિશન ઓઝા, કાર્યકારી પ્રમુખ લલીત કગથરા, પૂર્વ સાંસદ વિક્રમ માડમ, જામનગર પ્રભારી લલીત વસોયા અને જામનગર જિલ્લા પ્રમુખ વિરેન્દ્રસિંહ (દિગુભા) જાડેજા સહિતના સ્થાનિક અને પ્રદેશ નેતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

નવા જોડાયેલા સભ્યોને સંબોધતા પ્રદેશ પ્રમુખ અમિત ચાવડાએ જણાવ્યું હતું કે, કોંગ્રેસ પક્ષ જાતિ, ધર્મ, ભાષા કે પ્રાંતના ભેદભાવ વિના બંધારણીય અધિકારોની રક્ષા કરવા અને દરેક નાગરિકને સમાન તક અપાવવા માટે કાર્યરત છે.

### જાહેર નોટીસ

આથી આ નોટીસથી લાગતા વળગતાઓને જણાવવામાં આવે છે કે અત્રેની કચેરીમાં ગુજરાત સહકારી મંડળીઓના અધિનિયમ-૧૯૬૧ની કલમ ૨૯ હેઠળ સુચિત ભારતીય ગ્રામીણ ક્રેડિટ કો ઓપરેટિવ સોસાયટી લિમિટેડ, મુ. શુભ મંગલ સોસાયટી, અંબામાતા મંદિર સામે, ધોબી ધોવાણ, ધરમપુર જી. વલસાડ - ૩૯૬૦૫૦ ના નોંધણી કરવા અંગેની દરખાસ્ત તારીખ ૧૮/૧૧/૨૦૨૬ના રોજ મળેલ છે. જેમાં મંડળીની કાર્યક્ષેત્ર વલસાડ જિલ્લા સુધી મર્યાદિત રહેશે. તો મંડળીના કાર્યક્ષેત્ર અંગે લાગતા વળગતા પૈકી જેમને પણ વાંધો હોય તેઓએ આ નોટિશ થયેથી દિન - ૧૦ માં લેખિત કારણો સહિત નીચે સહી કરનારને રજુઆત કરવામાં જણાવવા આવે છે. સમય મર્યાદામાં રજુઆત નહી કરવામાં આવે તો મંડળીના નોંધણી સામે કોઈ રજુઆત નથી. તેમ માની કેસના ગુણદોસના આધારે નિયમાનુસાર કાર્યવાહી કરવામાં આવશે. જેની સર્વેએ નોંધ લેવી.

આજરોજ તારીખ ૧૮/૧૧/૨૦૨૬ના રોજ નોટિશ બોર્ડ ઉપર પ્રસિદ્ધ કર્યુ.

સહી/-
જિલ્લા રજિસ્ટ્રાર સહકારી મંડળીઓ, વલસાડ કાર્યાલય
ધી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ વલસાડ
પ્રથમ માળે, બેચર રોડ, દશેરા ટેકરી, વલસાડ

સહી/-
મુખ્ય પ્રયોજક
બી.વી. પટેલ

### No.MAM/SIL/RTS/RBD-DNH/162/Birth/2026/ 3266 Date: 20/06/2026

**APPLICANT- Vijaybhai Rameshbhai Harijan,**
Presently residing at- 103-A-Building, Shree Balaji Residency, Near Basera Complex, Amli, DNH.
Mo 9913638651

V/S

OPPONENTS - The Registrar of Births & Deaths, Silvassa Municipal Council.

**NOTICE**

The public to take note that the above, named applicant Vijaybhai Rameshbhai Harijan's daughter, namely Srushtiben Vijaybhai Harijan, who was born on 06/04/2013 at Mukta Hospital & Maternity Home, Silvassa, DNH. But due to inadvertence the above said birth was not registered in the records of Registrar of Births & Deaths, Silvassa Municipal Council. Hence, the applicant has moved on application to pass an order to register birth of Srushtiben Vijaybhai Harijan. In case of any objection or complain in this regard a written objection shall be made in the office of the Executive Magistrate, Silvassa, within 30 days of the publication of this notice and if no such objection is received, the Executive Magistrate, Silvassa will pass necessary order accordingly.

Sd/-
RTS-1

### CHANGE OF NAME

I HAVE CHANGE MY
**OLD NAME**
DHODI HIRALBEN DIPAKBHAI
AND I WILL BE KNOWN AS
**NEW NAME**
PATEL HIRALBEN PINALBHAI
WHICH PLEASE NOTE
**SD- PATEL HIRALBEN PINALBHAI**
ADDRESS: SALVAV, DADRI FALIYA, DHODIYAWAD, TA- VAPI, DIST -VALSAD, GUJARAT

### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જયુડીશીઅલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**જાવક નંબર - ૨૩૬૪/૨૦૨૬**
**ક્રિ.પ.અ.નંબર-૧૮૧૯/૨૦૨૬**

**અરજદાર :- ભાનુબેન નારણભાઈ પટેલ**
**વિ.**
**સામાવાળા : - જન્મ મરણ નોંધણી અધિકારીશ્રી, ગ્રામપંચાયત જુજવા તા. જી. વલસાડ**

સદરહુ કામે અરજદાર ભાનુબેન નારણભાઈ પટેલ જુજવા તા.જી. વલસાડ એ તેમના સગી નાની બહેન નામે મિત્તલબેન નારણભાઈ પટેલનો જન્મ જુજવા તા.જી. વલસાડ મુકામે તા. ૧૫/૧૧/૧૯૭૬ ના રોજ થયેલ છે જેઓની જન્મની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ.નંબર ૧૮૧૯/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ જન્મની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા. ૧૪/૧૨/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

હુકમથી
સહી/-
રજીસ્ટ્રારશ્રી
ચીફ જયુડી. મેજી. કોર્ટ
વલસાડ

તૈયાર કરનાર
સહી/-
આસિસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
આસિસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

### જાહેર નોટીસ

**મહેરબાન વલસાડના જયુડીશીઅલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં,**
**જાવક નંબર - ૨૩૬૬/૨૦૨૬**
**ક્રિ.પ.અ.નંબર-૧૮૧૧/૨૦૨૬**
**તા. ૦૨/૧૧/૨૦૨૬**

**અરજદાર :- માનસિંહ રામસિંહ ઠાકોર**
**વિ.**
**સામાવાળા : - તલાટી કમ મંત્રીશ્રી, નવેરા, તા. જી. વલસાડ**

સદરહુ કામે અરજદાર માનસિંહ રામસિંહ ઠાકોર રહેવાસી સુથાર ફળીયા, નવેરા તા. જી. વલસાડનાએ તેમના માતા ધનુબેન રામસિંહ ઠાકોર અવસાન રહેવાના ઘરે સુથાર ફળિયા, નવેરા, તા.જી. વલસાડ મુકામે તા. ૨૫/૦૮/૧૯૭૯ ના રોજ થયેલ છે જેઓની મરણની નોંધણી કરાવવા માટે અત્રેની કોર્ટમાં ક્રિ.પ.અ.નંબર ૧૮૧૧/૨૦૨૬ની નામદાર કોર્ટમાં અરજી દાખલ કરેલી જે અરજી મુજબ મરણની નોંધણી અંગે કોઈપણ માણસને વાંધો હોય, તો ઠરાવ તા. ૨૬/૧૧/૨૦૨૬ના રોજ જાતે અગર વકીલ મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો યોગ્ય લાગે તે હુકમ કરશોજી. જેની નોંધ લેશો.

હુકમથી
સહી/-
રજીસ્ટ્રારશ્રી
ચીફ જયુડી. મેજી. કોર્ટ
વલસાડ

તૈયાર કરનાર
સહી/-
આસિસ્ટન્ટ

મુકાબલ કરનાર
સહી/-
આસિસ્ટન્ટ

કોર્ટનો સિક્કો

## જાહેર નોટીસ તથા જાહેર ચેતવણી સામે જાહેર જવાબ

આથી આ જાહેર જનતાને તથા લાગતા વળગતા તમામને જણાવવાનું કે દમણગંગા ટાઈમ્સ નામના વર્તમાન પ્રવાહમાં પાના નં. ૦૭ ઉપર તા.૦૪.૧૧.૨૦૨૬ ના રોજ **એડવોકેટ શશાંકકુમાર એ. મિશ્રા તે પ્રજેશ સુમનલાલ દેસાઈના એવોકેટનાએ** મોજે ગામ વલવાડા, તા. ઉમરગામ, જી. વલસાડમાં વલવાડા ગ્રામ પંચાયતની હદમાં આવેલા **સી.સ.નં. NA1171** અને **સી.સ.નં. NA664/PAIKEE 1** વાળી કુલ્લે ૩૯૨૦.૦૦ ચો.મી. ક્ષેત્રફળ ધરાવતી જમીન મે. યુથ ડેવલોપર્સ, નામની ભાગીદારી પેઢીના ભાગીદાર ૧. વૈભવિબેન શશીકાંત પટેલ, ૨. ભરતભાઈ ભીખુભાઈ શાહ, ૩. પારીતોષ પ્રકાશ શાહ અને ૪. ધવલ વિજયકુમાર શાહની મિલકત બાબતે તા.૦૪.૧૧.૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ જાહેર નોટીસ સામે જાહેર વાંધો આપેલ છે. જે વાંધો એડવોકેટ શશાંકકુમાર એ. મિશ્રાને અંધારામાં રાખી ખોટો તેમજ ગેરકાયદેસર આપવામાં આવેલ છે.

(૧).... સદરહુ મીલકત મણીભાઈ બાવાભાઈના નામ ઉપર ચાલી આવેલ હતી. તેઓનું અવસાન થતા તેમના પુત્ર ચિતરંજન મણીભાઈ દેસાઈનું નામ વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ હતુ. જેની નોંધ તા. ૧૯.૦૨.૧૯૪૩ના રોજ **ફેરફાર નોંધ નં. ૩૪૭** થી પાડવામાં આવેલ હતી.

(૨).... ત્યારબાદ ચિતરંજન મણીભાઈ દેસાઈનું અવસાન થતા તેમના સીધીલીટીના વારસદારો ૧. કોકીલાબેન, ૨. ભાવનાબેન અને ૩. સુનીલભાઈનું નામ વારસાઈ હકકે દાખલ કરવામાં આવેલ હતુ. જેની નોંધ તારીખ ૦૨.૦૭.૨૦૧૮ થી **ફેરફાર નોંધ નંબર ૩૪૩૪** થી પાડવામાં આવેલ હતી.

(૩).... ત્યારબાદ સુનીલકુમાર દેસાઈનાએ સર્વે નંબર ૧૧૭૧ (જુનો સર્વે નં. ૩/૧/બ) ની ૨૮૦૭.૦૦ ચો.મી. વાળી જમીન કલેકટરશ્રી વલસાડના તા. ૧૬/૦૩/૨૦૨૩ ના **હુકમ કમાંક ૩૮૪/૨૫/૦૫/૦૧૬/૨૦૨૩** મુજબ બીનખેતીમાં રૂપાંતર કરવામાં આવેલ છે. જે બીનખેતી અંગેની નોંધ વલવાડા ગામના ગામના નમુના નં. ૬ ના હકક પત્રકમાં તા. ૧૬/૦૩/૨૦૨૩ ના રોજ **ફેરફાર નોંધ નં. ૪૦૬૧** થી પાડવામાં આવેલ છે.

(૪).... ત્યારબાદ સુનીલકુમાર દેસાઈનાએ **સર્વે નંબર ૬૬૪** (જુનો સર્વે નં. ૨/૧/પૈકી ૨) ની ૧૧૩૮.૦૦ ચો.મી. પૈકી ફકત ૧૧૧૩.૦૦ ચો.મી. વાળી જમીન કલેકટરશ્રી વલસાડના તા. ૨૯/૦૪/૨૦૨૩ ના **હુકમ કમાંક ૭૫૨/૨૫/૦૫/૦૧૬/૨૦૨૩** મુજબ બીન ખેતીમાં રૂપાંતર કરવામાં આવેલ છે. જે બીનખેતી અંગેની નોંધ વલવાડા ગામના ગામના નમુના નં. ૬ ના હકક પત્રકમાં તા. ૨૯.૦૪.૨૦૨૩ ના રોજ **ફેરફાર નોંધ નં. ૪૦૮૫** થી પાડવામાં આવેલ છે.

(૫). ત્યારબાદ **સર્વે નંબર ૬૬૪/પૈકી ૧ અને સી.સ.નં. NA1171** વાળી મીલકત યુથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીએ અલગ અલગ વેચાણ દસ્તાવેજથી ખરીદ કરેલ છે. જેના આધારે યુથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢી બોનાફાઈડ પરચેઝર બનેલ છે.

(૬).... ત્યારબાદ સીટી સર્વે સુપ્રિટેન્ડેન્ટ એન્ડ એડીશનલ મામલતદાર વાપીના હુકમ નં. સીટીએસ/ વલવાડા/ એકત્રીકરણ / વશી. ૫૯૯/ ૨૦૨૩-૨૪ તા. ૨૫.૦૧.૨૦૨૪ થી સીટી સર્વે કચેરી વાપી, સીટી સર્વે વોર્ડ-વલવાડા (બીનખેતી) ગામના સીટી **સર્વે નંબર NA1171** ની ૨૮૦૭.૦૦ ચો.મી. અને સીટી સર્વે નંબર **NA664/PAIKEE 1** ની ૧૧૧૩.૦૦ ચો.મી. વાળી મળી કુલ્લે ૩૯૨૦.૦૦ ચો.મી. વાળી જમીનોનું એકત્રીકરણ કરવામાં આવેલ છે. જે જમીનોને એકત્ર કરી **સીટી સર્વે નંબર એનએ૬૬૪/પૈકી ૧, ક્ષેત્રફળ ૩૯૨૦.૦૦ ચો.મી.** કરવા હુકમ કરવામાં આવેલ હતો. જે અંગેની નોંધ સીટી સર્વે કચેરી, વાપી, વલવાડા (બીનખેતી) વોર્ડમાં તા. ૦૨.૦૨.૨૦૨૪ ના રોજ **ફેરફાર નોંધ નં. ૫૯** થી પાડવામાં આવેલ છે.

(૭).... ત્યારબાદ મજકુર મીલકત ઉપર યુથ ડેવલોપર્સ નામની ભાગીદારી પેઢીનાએ બીલ્ડીંગ બનાવવા માટે ગ્રામ પંચાયત વલવાડા પાસેથી તા. ૧૫.૧૧.૨૦૨૪ નાં દિનથી બાંધકામની પરવાનગી મેળવેલ છે.

(૮).... આમ, મજકુર મીલકતમાં મણીલાલ બાવાભાઈ દેસાઈની વારસાઈ સને ૧૯૪૩ માં થયેલ છે. અને તે સમયે અમલમાં રહેલ હિન્દુ વારસાઈ કાયદા મુજબ વારસાઈ હકકો નકકી કરવામાં આવેલ હતા. અને તે સમયે થયેલ વારસાઈના આધારે વારસદારમાં પુત્ર ચિતરંજન મણીલાલનું નામ મહેસુલ રેકર્ડમાં દાખલ કરવામાં આવેલ હતુ. ત્યારબાદ હિન્દુ વારસાઈ અધિનિયમ -૧૯૫૬ અમલમાં આવેલ છે. સદર અધિનિયમની જોગવાઈઓને આધારે અગાઉ પુર્ણ થયેલ અને કાયદેસર રીતે નિશ્ચિત થયેલ વારસાઈને પુનઃ ખોલી શકાતી નથી. વધુમાં હિન્દુ વારસાઈ અધિનિયમ- ૨૦૦૫ ના સુધારાના આધારે પણ અગાઉથી નિશ્ચિત થયેલ માલીકી હકકો રદ થતા નથી.

(૯).... આમ, સદરહુ મીલકતની ઉત્તરોઉતર ફેરફાર નોંધની ચકાસણી કરતા સદરહુ મીલકતમાં ૧. લાડુબેન ઉર્ફે વજયાબેન મણીલાલ દેસાઈ, ૨. ઈન્દુબેન મણીલાલ દેસાઈ, ૩. મધુબેન મણીલાલ દેસાઈ અને ૪. સુશીલાબેન મણીલાલ દેસાઈનાઓનો કે તેમના વંશ, વાલી વારસોનો કોઈપણ પ્રકારનો હકક હીસ્સો ચાલી આવેલ ન હતો કે નથી.

(૧૦).... આમ, તા. ૦૪.૧૧.૨૦૨૬ ના રોજ આપવામાં આવેલ જાહેર નોટીસનો પુરતો અભ્યાસ કર્યા વિના તથા દસ્તાવેજ પુરાવાઓ ધ્યાને લીધા વગર વાંધા અરજી આપવામાં આવેલ છે. જે નોટીસ કોઈ ત્રાહિત વ્યકિતના કહ્યામાં આવી બદઈરાદા પુર્વક પૈસા પડાવવાની લાલચમાં લગભગ આશરે ૮૩ વર્ષના વિલંબ બાદ આપવામાં આવેલ છે. જે ખોટી, બોગસ અને પાયાવિહોણી તથા ગેરકાયદેસરની છે. જેની જાહેર જનતાએ નોંધ લેવી.

**લિ.**
**સોહિલ બી. શાહ, (એડવોકેટ)**
ઓફીસ નં. ૧૦૫/૧૦૬/૧૦૭, મહાવીર આર્કેડ એસોસીયેશન, મહાવીર નગર, એન.એચ.નં. ૪૮, વાપી, તા. વાપી, જી. વલસાડ
મો.નં. ૯૮૨૪૭૩૫૦૦૫

**હમારી સુ

આપનું અખબાર : આપનો અવાજ DGT

# વાપી મહાનગર વિશેષ

સમસ્યા - સમાધાન, વેપાર-ધંધો, સમાજ, સંસ્થા, શિક્ષણ, સિદ્ધિ, સંસ્કૃતિ

● સલવાવ ● બલીઠા ● છરવાડા ● છીરી ● મોરાઈ ● કુંતા ● વટાર ● નામધા ● ચંડોર, ● કરવડ ● ચણોદ

# વાપીના વિકાસ નકશામાં ૩૬ મીટરના રોડ, ગ્રીન જોઝ, ફોરેસ્ટ ઝોન, ઇન્ડસ્ટ્રીયલ ઝોન, રહેણાંક ઝોન વિગેરેનો સમાવેશ

## વાપી UDA-2045: સંપૂર્ણ પ્રપોઝડલેન્ડ યુઝ મેપ




વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-૨૦૪૫નો સંપૂર્ણ પ્રપોઝલ જમીન વપરાશના નકશામાં ઉત્તરમાં દમણ બોર્ડરથી લઈને દક્ષિણમાં ડુંગરા-ચાણોદ સુધીના સમગ્ર વાપી UDA વિસ્તારનો ભવિષ્યનો પ્લાન એક જ નકશામાં દર્શાવાયો છે.

પીળો રંગ - રહેણાંક ઝોન ૧ જેમાં તરકપારડી, વટાર, કુંતા, ટુકવાડા, સલવાવ, બલીઠા, છરવાડા, ચલા, નામધા, ચાંદોર, ચાણોદ, ડુંગરા અને કરવડનો મોટો ભાગ રહેણાંક ઝોન તરીકે નક્કી કરાયો છે. એટલે કે આગામી ૨૦ વર્ષમાં આ વિસ્તારોમાં મોટા પાયે રહેણાંક વિકાસ થશે.

જાંબલી રંગ - ઔધોગિક ઝોન ઉપરની બાજુએ મોરાઈ, વટાર, કુંતા તરફ અને નીચેની બાજુએ છીરી, કરવડ તરફ ઘેરો જાંબલી વિસ્તાર ઔદ્યોગિક ઝોન છે. સફેદ રંગ - જીઆઈડીસી નોટીફાઇડ એરિયા. વચ્ચેનો મોટો સફેદ ભાગ જીઆઈડીસી નોટિફાઇડ એરિયા છે, લીલો રંગ - ખેતીલાયક / જંગલ નદી કિનારે, દમણ બોર્ડર અને દક્ષિણ બાજુએ લીલો પટ્ટો એ ખેતી અને ફોરેસ્ટ ઝોન છે. - વાદળી રંગ - નદી, તળાવ વચ્ચેથી અને નીચેથી પસાર થતી નદી, તળાવો વાદળી રંગે દર્શાવાયા છે. આ ઉપરાંત નકશામાં દિલ્હી-મુંબઈ એક્સપ્રેસવે, હાઈ સ્પીડ રેલ્વે, રેલ્વે લાઈન, દમન તરફ, મુંબઈ તરફ, અમદાવાદ તરફ, સેલવાસ તરફ પણ સ્પષ્ટ દર્શાવાયા છે.

## પ્રપોઝડલેન્ડ યુઝ મેપ એ૧માં તમારો વિસ્તાર કયા ઝોનમાં આવશે?

વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા તૈયાર કરાયેલ જીઆઈએસ-બેઝડ વિકાસ નકશો-૨૦૪૫ અંતર્ગતનો આ મેપ જેમાં વાપીની ઉત્તર બાજુએ દમણને અડીને આવેલા વિસ્તારોનો પ્રપોઝડ પ્લાન દર્શાવાયો છે.



નકશામાં પીળો રંગ - રહેણાંક ઝોન ૧ ભવિષ્યમાં રહેણાંક માટે નક્કી કરાયેલા વિસ્તારો. આ મેપમાં સૌથી મોટો ભાગ પીળા રંગનો છે, એટલે કે દમણ તરફના વિસ્તારોમાં મોટા પાયે રહેણાંક વિકાસનું આયોજન છે.જાંબલી રંગ - ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૧ ઔદ્યોગિક ઝોન. હાલની GIDCની આસપાસ અને દમણ બોર્ડર તરફ ઈન્ડસ્ટ્રીયલ ઝોન દર્શાવાયો છે. તો આછો જાંબલી રંગ -મિશ્ર ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૭ છે,- ભૂરો રંગ - જૂના ગામતળનો વિસ્તાર, જેને યથાવત રાખવામાં આવ્યો છે,આછો ભૂરો તળાવ, નદી, નાળા. મેપમાં વચ્ચે મોટું તળાવ અને નાની નદીઓ સ્પષ્ટ દેખાય છે.- તો લીલો રંગ જંગલ અને ખેતીલાયક અને ઝોન (AGZ1): જેમાં ઉપરની બાજુએ ફોરેસ્ટ અને ખેતી માટે રાખવામાં આવેલો ગ્રીન ઝોન છે,લાલ રંગ - પબ્લિક પર્પઝ ઝોન છે જે સરકારી હેતુ માટેની જમીન છે.

કાળી-ગ્રે લાઈન - આ મેપમાંથી પસાર થતા મોટા નેશનલ પ્રોજેક્ટ્સ. માર્ગો દર્શાવે છે.

મેપમાં ચારે બાજુ દમણ સંઘપ્રદેશને અડીને આવેલો વિસ્તાર દર્શાવાયો છે.

## વાપી UDA-2045: ગ્રીડ-A2 ટુકવાડા, મોરાઈ, સલવાવ, બલીઠાનો ભવિષ્યનો નકશો

વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી-૨૦૪૫ના ગ્રીડ-A2 નો પ્રપોઝડ લેન્ડ યુઝ મેપ પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે. આ ગ્રીડમાં મુખ્યત્વે ટુકવાડા, મોરાઈ, સલવાવ અને બલીઠા વિસ્તારનો સમાવેશ થાય છે.



આ સૂચિત વિકાસ નકશામાં વાપીની પૂર્વ-ઉત્તર બાજુએ આવેલા આ ચાર વિસ્તારોમાં ભવિષ્યમાં જમીનનો ઉપયોગ કઈ રીતે થશે તે રંગો દ્વારા દર્શાવાયું છે.- પીળો રંગ એટલે રહેણાંક ઝોનૅ મેપમાં સૌથી મોટો ભાગ પીળા રંગનો છે. ટુકવાડા, સલવાવ અને બલીઠાના મોટા ભાગને રહેણાંક ઝોન તરીકે નક્કી કરવામાં આવ્યો છે. એટલે કે અહીં ભવિષ્યમાં મોટા પાયે સોસાયટી, ફલેટ અને રહેણાંક વિકાસનું આયોજન છે.જાંબલી રંગ એટલે ઈન્ડસ્ટ્રીયલ ઝોન ૧ ડાબી બાજુએ મોરાઈ તરફ ઘેરો જાંબલી રંગ દર્શાવાયો છે. આ વિસ્તાર ઔદ્યોગિક ઝોન તરીકે રાખવામાં આવ્યો છે. તેની બાજુમાં આછો જાંબલી રંગનો વિસ્તાર મિશ્ર ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર દર્શાવ્યો છે અને ગુલાબી - લોજિસ્ટિક ઝોન પણ દર્શાવાયા છે, જે વાપીના ઔદ્યોગિક અને લોજિસ્ટિકસ વિકાસ માટે મહત્વના છે.આછો ભૂરો રંગ નકશામાં વચ્ચેથી પસાર થતી મોટી નદી અને ઠેર ઠેર નાના તળાવો વાદળી રંગે દર્શાવાયા છે. જેને સુરક્ષિત રાખવામાં આવશે. ગ્રીન ઝોન નકશામાં જમણી અને નીચેની બાજુએ નદી કિનારે લીલો પટ્ટો એ ખેતી અને ગ્રીન ઝોન છે.

નકશામાં વચ્ચે નાના ભૂરા ટપકા એ જૂના ગામતળ છે. મેપમાં ઠેર ઠેર લાલ લાઈનોથી નવા પ્રપોઝડ રસ્તાઓ દર્શાવાયા છે. વચ્ચેથી પસાર થતી દિલ્હી મુંબઈ એક્સપ્રેસ વે, હાઈ સ્પીડ રેલ કોરિડોર, ડેડિકેટેડ ફ્રેઇટ કોરિડોર પણ દર્શાવાયો છે. મેપમાં ચારે બાજુ લાગુ ગામડાઓ સરણ, તીઘરા, સરોધી, પારડી લાગીને આવેલા છે. કેમ મહત્વનો છે આ નકશો ટુકવાડા-સલવાવ-બલીઠા પટ્ટો હાલ વાપીનો સૌથી ઝડપથી વિકસતો રહેણાંક પટ્ટો છે, જ્યારે મોરાઈ બાજુ ઔદ્યોગિક વિકાસ છે. હવે ૨૦૪૫ના પ્લાન મુજબ ક્યાં મકાન બનશે, ક્યાં ઉદ્યોગ આવશે, ક્યાં લોજિસ્ટિક્સ હબ બનશે અને ક્યાં રસ્તો જશે તે આ મેપ પરથી નક્કી થશે.

## વાપી અર્બન ડેવલપમેન્ટ ઓથોરિટી દ્વારા વર્ષ ૨૦૪૫ને ધ્યાનમાં રાખી ૧૧ ગામોને સમાવી જાહેર કરેલા વિકાસ નકશાની રૂપરેખા જણાવી જરૂરી છે

**સ્પેશિયલ સ્ટોરી**
મુકુંદ સોની વાપી

**વાપી, તા. ૧૮ :** વાપી અને તેમાં સમાવાયેલા ૧૧ ગ્રામ્ય વિસ્તારના સૂચિત વિકાસ અર્થે વાપી શહેરી વિકાસ સત્તામંડળની મુસદ્દારૂપ વિકાસ યોજના-૨૦૪૫ ગુજરાત સરકારના રાજપત્રમાં પ્રસિદ્ધ થઈ ગઈ છે. ગુજરાત નગર રચના અને શહેરી વિકાસ અધિનિયમ ૧૯૭૬ની કલમ ૧૩(૧) હેઠળ આ યોજના તા. ૦૬-૧૧-૨૦૨૬ના રોજ પ્રસિદ્ધ કરવામાં આવી હતી. સરકારના તા. ૨૩-૦૬-૨૦૨૫ના જાહેરનામાથી વાપી શહેરી વિકાસ સત્તામંડળની રચના કરવામાં આવી હતી અને તેના કાર્યો વાપી મહાનગરપાલિકાને સોંપવામાં આવ્યા હતા. મહાનગરપાલિકા દ્વારા તૈયાર કરાયેલ ખરડાને તા. ૧૬-૧૦-૨૦૨૬ના રોજ નગર નિયોજન સમિતિએ અને તા. ૩૦-૧૦-૨૦૨૬ના રોજ સામાન્ય સભાએ મંજૂરી આપી હતી. હવે આ યોજનાનો અહેવાલ, બેઝમેપ, હયાત જમીન વપરાશનો નકશો અને સૂચિત જમીન વપરાશનો નકશો વાપી મહાનગરપાલિકાની ટાઉન પ્લાનિંગ શાખામાં જાહેર જનતા માટે જોવા માટે ખુલ્લા મૂકવામાં આવ્યા છે. રાજપત્રમાં પ્રસિદ્ધ થયાની તારીખથી બે માસની અંદર નાગરિકો પોતાના વાંધા અને સૂચનો આધાર-પુરાવા સાથે લેખિતમાં બે નકલમાં રજૂ કરી શકશે. સમગ્ર વિસ્તારની જાહેર જનતા અને જમીન માલિકો, ડેવલપરો માટે અહીં જાહેર કરેલ સૂચિત વિકાસ નકશામાં ક્યાં ગ્રીન ઝોન છે, ક્યાં ઈન્ડસ્ટ્રીયલ, ક્યાં રહેણાંક ઝોન, ક્યાં રસ્તા વિગેરે બાબત અહીં પ્રજા સમક્ષ રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. જે ઉપયોગી નીવડી શકે તેમ છે.

## વાપી UDA-2045: ગ્રીડ-B1




ગ્રીડ-B1 નકશો પશ્ચિમ વિસ્તારના ચલા, વાપી, નામધા, ચાંદોરનને સમાવતા ભવિષ્યના આ વિકાસ નકશામાં પીળો રંગ રહેણાંક ઝોન નકશામાં સૌથી મોટો ભાગ પીળો છે. ચલા, વાપી, નામધા, ચાંદોરનો મોટાભાગનો વિસ્તાર રહેણાંક ઝોન તરીકે નક્કી કરાયો છે. એટલે કે અહીં ભવિષ્યમાં સોસાયટી, ફલેટ અને રહેણાંક વિકાસનું મોટું આયોજન છે. આછો જાંબલી મિશ્ર ઈન્ડસ્ટ્રીયલ ઝોન નીચેની બાજુએ જમણી તરફ ગુલાબી-જાંબલી વિસ્તાર એ મિશ્ર ઔદ્યોગિક ઝોન છે. ભૂરો રંગ - ગામતળ... નકશામાં વચ્ચે ઘેરો ભૂરો લાંબો પટ્ટો એ ચલા-વાપીનો જૂનો ગામતળ વિસ્તાર છે.

વાદળી રંગ - જળાશયો માટે ...વચ્ચે મોટું તળાવ અને ડાબી બાજુએ લાંબી નદી વાદળી રંગે દર્શાવાયા છે, જેને સુરક્ષિત રાખવામાં આવશે. ખેતી અને ગ્રીન ઝોન...નકશામાં ડાબી બાજુએ નદી કિનારે અને નીચેની બાજુએ લીલો પટ્ટો એ ખેતી અને ગ્રીન ઝોન છે. અનામત વિસ્તાર.... નકશામાં ડાબી બાજુએ નાનો લાલ વિસ્તાર એ જાહેર હેતુ માટે અનામત રાખવામાં આવ્યો છે. લાલ લાઈનો સૂચિત ૩૬ મીટરના રસ્તા... નકશામાં ઠેર ઠેર લાલ લાઈનોથી નવા પ્રપોઝડ રસ્તાઓ દર્શાવાયા છે. જમણી બાજુએ ઉભી કાળી લાઈન એ દિલ્હી -મુંબઈ એક્સપ્રેસ વે અને રેલ્વે લાઈન છે.

નકશામાં દર્શાવે છે કે આ વિસ્તાર દમણ સંઘપ્રદેશને અડીને આવેલો છે. કેમ મહત્વનો છે આ મેપ ચલા, વાપી, નામધા, ચાંદોર એ વાપીના જૂના અને ગીચ રહેણાંક વિસ્તારો છે. દમણ બોર્ડરને અડીને આવેલા આ વિસ્તારમાં નદી-તળાવને બચાવીને રહેણાંક વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે. હવે ૨૦૪૫ના પ્લાન મુજબ ક્યાં મકાન બનશે, ક્યાં રસ્તો જશે અને ક્યાં ગ્રીન ઝોન રહેશે તે આ મેપ પરથી નક્કી થશે.

## વાપી UDA-2045: શીટ-B2

**વાપી, છરવાડા, છીરી, ડુંગરા, ચાણોદ અને કરવડ વિસ્તાર ને સમાવતા ભવિષ્યનો નકશો**



અહીં જીઆઈડીસી નોટીફાઇડ વિસ્તાર દર્શાવ્યો છે.

આ નકશામાં વચ્ચે સૌથી મોટો સફેદ ભાગ એ GIDC નોટિફાઈડ એરિયા છે. જે જીઆઈડીસીના નિયમો હેઠળ આવશે. પીળો રંગ રહેણાંક ઝોન ૧ ઉપરની બાજુએ છરવાડા, છીરી તરફ અને નીચેની બાજુએ ચાણોદ, કરવડ અને ડુંગરા તરફ મોટો પીળો વિસ્તાર છે. એટલે કે આ વિસ્તારોમાં ભવિષ્યમાં રહેણાંક વિકાસ, સોસાયટી, ફલેટ અને ટાઉનશિપનું આયોજન છે. જાંબલી રંગ ઈન્ડસ્ટ્રીયલ અને મિશ્ર ઈન્ડસ્ટ્રીયલ ઝોન જમણી બાજુએ છીરી, ડુંગરા તરફ અને ઉપરની બાજુએ છરવાડા પાસે ઘેરો જાંબલી રંગ દર્શાવાયો છે. આ વિસ્તાર ઔદ્યોગિક અને મિશ્ર ઔદ્યોગિક ઝોન તરીકે નક્કી કરાયો છે. ભૂરો રંગ ઠેર ઠેર નાના ભૂરા ટપકા એ વાપી, છરવાડા, છીરી, ડુંગરા, ચાણોદ, કરવડના જૂના ગામતળ છે, જેને યથાવત રાખવામાં આવ્યા છે. આછો ભૂરો નીચેની બાજુએ ડાબી તરફ મોટી નદી અને વચ્ચે તળાવો વાદળી રંગે દર્શાવાયા છે, જેને વોટરબોડી તરીકે સુરક્ષિત રાખવામાં આવશે. લીલો રંગ એગ્રીકલચર ઝોનૅ ડાબી બાજુએ નદી કિનારે અને જમણી બાજુએ ડુંગરા પાસે લીલો પટ્ટો એ ખેતી અને ગ્રીન ઝોન છે.- કાળી લાઈન ડાબી બાજુએ ઉભી કાળી લાઈન એ રેલવે લાઈન અને એક્સપ્રેસવે છે, જે વાપીને મુંબઈ-અમદાવાદ સાથે જોડે છે. નકશામાં રાતા, કોચરવા, નાહુલી વલવાડા, રાતા ,કોચરવા તથા સંઘ પ્રદેશ દાનહ ની સરહદ દર્શાવી છે. આ નકશામાં મહત્વની બાબત આ છે વાપી શહેર, છરવાડા, છીરી, ડુંગરા, ચાણોદ અને કરવડ આ છ વિસ્તારો વાપીના મુખ્ય રહેણાંક અને ઔદ્યોગિક વિસ્તારો છે. અહીં લાખો લોકો રહે છે અને હજારો ઉદ્યોગો આવેલા છે. હવે ૨૦૪૫ના પ્લાન મુજબ ક્યાં રહેણાંક બનશે, ક્યાં ઉદ્યોગ આવશે, ક્યાં રસ્તો જશે અને ક્યાં ગ્રીન ઝોન રહેશે તે આ મેપ પરથી નક્કી થશે.

## વાપી UDA-2045: શીટ-B3 કરવડનો વિકાસ ભવિષ્યનો નકશો


આ નકશામાં મહત્વની બાબત આ દર્શાવી છે. આ નકશો વાપી UDAના દક્ષિણ-પૂર્વ ખૂણે આવેલા કરવડ વિસ્તારનો છે. નકશાની ઉપરનો મોટો ભાગ ખાલી છે, કારણ કે તે વિસ્તાર UDAની બહારનો છે. નીચેની બાજુએ જ કરવડનો વસવાટ ધરાવતો વિસ્તાર દર્શાવાયો છે. નકશામાં જાંબલી રંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોન ઉપરની બાજુએ મોટો ઘેરો જાંબલી વિસ્તાર એ ઔદ્યોગિક ઝોન છે. કરવડની ઉત્તર બાજુએ ઉદ્યોગો માટે જગ્યા નક્કી કરવામાં આવી છે.તો ડાબી અને નીચેની બાજુએ આછો જાંબલી રંગ એ મિશ્ર ઔદ્યોગિક ઝોન છે. અહીં ઉદ્યોગ સાથે સંકળાયેલી અન્ય પ્રવૃત્તિઓને મંજૂરી મળશે. પીળો રંગ રહેણાંક ઝોન ૧ વચ્ચેનો મોટો પીળો વિસ્તાર એ કરવડનો રહેણાંક ઝોન છે. અહીં ભવિષ્યમાં સોસાયટી, મકાનો અને



રહેણાંક વિકાસનું આયોજન છે. ભૂરો રંગ ગામતળ નો છે. નકશામાં વચ્ચે નાના ભૂરા ટપકા એ કરવડનું જૂનું ગામતળ છે, જેને યથાવત રાખવામાં આવ્યું છે. લીલો રંગ ખેતીલાયક ઝોન ૧ અને જંગલ માટે નીચેની બાજુએ ઘેરો લીલો અને આછો લીલો વિસ્તાર એ ખેતી અને ગ્રીન ઝોન છે. કરવડની દક્ષિણ બાજુએ ખેતીને જાળવી રાખવાનું આયોજન છે. આછો ભૂરો વચ્ચેથી પસાર થતી નાની નદી-નાળા વાદળી રંગે દર્શાવાયા છે.લાલ લાઈનો નકશામાં ઠેર ઠેર લાલ લાઈનોથી નવા પ્રપોઝડ રસ્તાઓ દર્શાવાયા છે, જે કરવડને વાપી અને આસપાસના ગામો સાથે જોડશે. ગ્રે રંગ - જીઆઈડીસી / અન્યૅ જમણી બાજુએ ગ્રે રંગનો વિસ્તાર એ જીઆઈડીસી કે અન્ય નોટિફાઈડ વિસ્તાર દર્શાવે છે. નકશામાં લાગુ કોચરવા,વલવાડા, કુંતા, અને દાનહ ની સરહદ દર્શાવી છે. જે દર્શાવે છે કે કરવડ દાદરા-નગર હવેલી સંઘપ્રદેશને અડીને આવેલો છે.

આ નકશામાં શું છે મહત્વની બાબત કરવડ એ વાપીનો છેવાડાનો પણ ઝડપથી વિકસતો વિસ્તાર છે. એક બાજુ ઔદ્યોગિક વિકાસ અને બીજી બાજુ રહેણાંક વિકાસ બંને અહીં થઈ રહ્યો છે. હવે ૨૦૪૫ના) રહેશે તે આ મેપ પરથી નક્કી થશે.

## વાપી UDA-2045: ગ્રીડ-C2 ચણોદ, ડુંગરાનો દક્ષિણ વાપીનો ભવિષ્યનો નકશો




આ ગ્રીડમાં મુખ્યત્વે ચણોદ અને ડુંગરા વિસ્તારનો સમાવેશ થાય છે. વાપી મહાનગરપાલિકા દ્વારા આ મેપ જાહેર જનતા માટે મૂકવામાં આવ્યો છે.

વિવરણ આ નકશામાં શું દર્શાવ્યું છે?

આ નકશો વાપી UDAના દક્ષિણ ભાગનો છે. નકશાનો મોટો ભાગ ખાલી છે, નીચેની-ઉપરની પટ્ટીમાં જ ચણોદ-ડુંગરાનો વસવાટ ધરાવતો વિસ્તાર દર્શાવાયો છે.- પીળો રંગ રહેણાંક ઝોન ઉપરની બાજુએ સૌથી મોટો પીળો વિસ્તાર એ ચણોદનો રહેણાંક ઝોન છે. અહીં ભવિષ્યમાં મોટા પાયે રહેણાંક વિકાસ, સોસાયટી અને ફલેટનું આયોજન છે.- ઘેરો જાંબલી રંગ ઈન્ડસ્ટ્રીયલ ઝોન જમણી બાજુએ ડુંગરા તરફ ઘેરો જાંબલી વિસ્તાર એ ઔદ્યોગિક ઝોન છે. દાદરા-નગર હવેલીને અડીને ઉદ્યોગો માટે જગ્યા નક્કી કરવામાં આવી છે.

આછો જાંબલી મિશ્ર ઈન્ડસ્ટ્રીયલ ઝોન ઔદ્યોગિક ઝોનની બાજુમાં આછો જાંબલી રંગ એ મિશ્ર ઔદ્યોગિક ઝોન છે.-ભૂરો રંગ ગામતળ વચ્ચે નાના ભૂરા ટપકા એ ચણોદ અને ડુંગરાના જૂના ગામતળ છે.- આછો ભૂરો રંગ નદી નાળાં નીચેની બાજુએ મોટી વાદળી પટ્ટી એ નદી છે, જેને વોટરબોડી તરીકે સુરક્ષિત રાખવામાં આવશે. તેની સાથે લીલો પટ્ટો એ એગ્રીકલચર અને જંગલ ઝોન નદી કિનારે ગ્રીન બેલ્ટ તરીકે જાળવવામાં આવશે.- લાલ લાઈનો સૂચિત જાહેર રોડ નકશામાં લાલ લાઈનોથી નવા પ્રપોઝડ રસ્તાઓ દર્શાવાયા છે. નકશામાં દાનહ, બોરીગામ, આછરી અને મુંબઈ તરફ જતા માર્ગને અડીને આવેલો છે.

આ નકશામાં શું છે મહત્વની બાબત

ચણોદ એ વાપીનો મુખ્ય રહેણાંક વિસ્તાર છે, જ્યારે ડુંગરા ઔદ્યોગિક વિસ્તાર તરીકે વિકસી રહ્યો છે. નદી કિનારે ગ્રીન ઝોન રાખીને અહીં સંતુલિત વિકાસનું આયોજન કરવામાં આવ્યું છે. હવે ૨૦૪૫ના પ્લાન મુજબ ક્યાં મકાન બનશે, ક્યાં ઉદ્યોગ આવશે અને ક્યાં ખેતી-જંગલ રહેશે તે આ મેપ પરથી નક્કી થશે.

વાપી મહાનગરપાલિકા દ્વારા આ મેપ જાહેર જનતા માટે કચેરી ખાતે મૂકવામાં આવ્યો છે. ચણોદ-ડુંગરાના જમીન માલિકો અને રહીશો પોતાની જમીન કયા ઝોનમાં આવે છે તે જોઈને પોતાના સૂચનો અને વાંધા નિયત સમયમાં રજૂ કરી શકે છે.

# ડુંગરા આશ્રમમાં ગૌપૂજા કરાઈ



(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૮ :** ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરામાં વિશેષ ધાર્મિક મહત્ત્વ ધરાવતા પવિત્ર ગોપાષ્ટમી પર્વની વાપીના ડુંગરા સ્થિત સંત આસારામજી ગુરુકુલ આશ્રમ ખાતે ભક્તિભાવ અને ઉત્સાહપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. સંત આસારામજી બાપુની પવિત્ર પ્રેરણાથી આયોજિત આ કાર્યક્રમમાં ભક્તો અને સાધકોએ ગૌપૂજા કરી ગાયની સેવા અને પ્રસંગે આશ્રમ ખાતે ગાયની વિધિવત પૂજા-અર્ચના કરવામાં આવી હતી. ગાયને તિલક કરી ફૂલોના હાર પહેરાવવામાં આવ્યા હતા અને આરતી ઉતારવામાં આવી હતી. ત્યારબાદ ગોળ, લીલો ચારો સહિત વિવિધ ખાદ્ય પદાર્થો અર્પણ કરી ગૌસેવા કરવામાં આવી હતી.

કાર્યક્રમમાં ઉપસ્થિત ભક્તોએ ગાયના ધાર્મિક, સાંસ્કૃતિક અને પર્યાવરણીય મહત્ત્વ અંગે જાણકારી મેળવી હતી. સાથે જ ગાયની સેવા, રક્ષણ અને પ્રાણીઓ પ્રત્યે કરુણા રાખવાનો સંકલ્પ કર્યો હતો. આશ્રમના પ્રવક્તાએ જણાવ્યું હતું કે સંત આસારામજી બાપુ સત્સંગમાં દેશી ગાયની પરિક્રમા, સ્પર્શ અને પૂજાના મહત્ત્વ વિશે માર્ગદર્શન આપતા હોય છે. ગૌસેવા ભારતીય સંસ્કૃતિ અને સનાતન પરંપરાનું અભિન્ન અંગ છે.

નવી પેઢીમાં પણ ગૌસેવા અને જીવદયા જેવા સંસ્કારોનું સિંચન થાય તેવા ઉદ્દેશ્ય સાથે આ કાર્યક્રમ યોજાયો હતો.

# વાપી રેલ્વે સ્ટેશનના પ્રવેશદ્વારે ફરી દબાણોનો રાફડો

(દમણગંગા ટાઈમ્સ પ્રતિનિધિ)

**વાપી, તા. ૧૭ :** વાપી રેલવે સ્ટેશનના મુખ્ય પ્રવેશદ્વારની બાજુમાંથી પસાર થતા અને ઝંડા ચોક જુના ફાટક ને જોડતો મહાત્મા ગાંધી માર્ગ પર ફરી એકવાર દબાણોનો રાફડો જોવા મળી રહ્યો છે. દરરોજ સાંજ પડતાં જ આ માર્ગની બાજુમાં નોનવેજ સહિત ખાણીપીણીની અનેક લારીઓ ગોઠવાઈ જતી હોવાથી ટ્રાફિકની સમસ્યા સર્જાઈ રહી છે. આ સ્થિતિને પગલે સ્થાનિક દુકાનદારો, રાહદારીઓ અને વાહનચાલકોમાં ભારે નારાજગી જોવા મળી રહી છે.



પ્રાપ્ત વિગતો મુજબ, વાપી મહાનગરપાલિકા દ્વારા છેલ્લા કેટલાક સમયથી શહેરમાં ટ્રાફિકની સમસ્યા હળવી કરવા અને ગેરકાયદે દબાણો દૂર કરવાની કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. અગાઉ મહાત્મા ગાંધી માર્ગ પર પણ અનેક દબાણો દૂર કરી રસ્તો ખુલ્લો કરવામાં આવ્યો હતો. જોકે, ત્યારબાદ છેલ્લા કેટલાક સમયથી ફરીથી આ માર્ગ પર રેલ્વે વિભાગની દિવાલની બાજુમાં નોનવેજ અને અન્ય ખાણીપીણીની લારીઓ ઊભી રહેવા લાગી છે. પરિણામે સાંજના સમયે અહીંથી પસાર થવું મુશ્કેલ બની રહ્યું છે.

ખાસ કરીને રેલવે સ્ટેશન પર આવતા-જતા મુસાફરો તેમજ બહારગામથી વાપી આવતા લોકો માટે આ માર્ગ મહત્ત્વનો હોવાથી રસ્તાની બાજુમાં ખુલ્લામાં ખાણીપીણીની લારીઓ ગોઠવાતાં શહેરની છબી અંગે પણ સવાલો ઊભા થઈ રહ્યા છે. આ ઉપરાંત કેટલીક લારીઓ પર નોનવેજની સાથે અન્ય નશાકારક સામગ્રીઓ પણ મળતી હોવાની સ્થાનિકોમાં ચર્ચા છે, જે અંગે પોલીસ વિભાગ દ્વારા તપાસ કરવાની જરૂર છે સ્થાનિક દુકાનદારો અને રાહદારીઓનું કહેવું છે કે એક તરફ મહાનગરપાલિકા દ્વારા દબાણો દૂર કરવાની કામગીરી કરવામાં આવે છે, ત્યારે બીજી તરફ રેલવે સ્ટેશન જેવા મહત્ત્વના જાહેર સ્થળની બહાર ફરીથી દબાણો ઊભાં થઈ રહ્યાં છે. તેમ છતાં આ મામલે અસરકારક કાર્યવાહી થતી ન હોવાનું જણાઈ રહ્યું છે. આથી વાપી મહાનગરપાલિકાના દબાણ હટાવ વિભાગ અને ટ્રાફિક પોલીસ દ્વારા સંયુક્ત કામગીરી હાથ ધરી મહાત્મા ગાંધી માર્ગ પર ઊભી રહેતી ગેરકાયદે લારીઓ દૂર કરવામાં આવે તેમજ ભવિષ્યમાં ફરીથી દબાણ ન થાય તે માટે કાયમી વ્યવસ્થા કરવામાં આવે તેવી સ્થાનિક દુકાનદારો, રાહદારીઓ અને વાહનચાલકો દ્વારા ઉગ્ર લોકમાગ કરવામાં આવી રહી છે.

**OWNER :** Sheetal Publication, **PRINTER AND PUBLISHER : Mrs. Manjulaben N. Ukani**, **Printed at** Sheetal Publication, Plot No. 2505, 3rd Phase, GIDC, VAPI. - 396195 & **Published at** Sheetal Publication,1st Floor, Shiv Krupa, B/h. Ashadham High School, N.H.8, Vapi, Dist.: Valsad, Pin - 396 191, **Editor : Mrs. Manjulaben N. Ukani**